અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ ઓગસ્ટ ૨૦૨૩, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ સુદ નોમ
વર્ષ : ૧૫
અંક : ૩૦
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ભારતના ૧૮ વર્ષીય ગ્રાન્ડમાસ્ટર જોરદાર લડત

## કાર્લસન સામે ટાઈબ્રેકરમાં પરાજય બાદ પ્રજ્ઞાનાનંદા વર્લ્ડ ચેસમાં રનર્સઅપ




। અસ્તાના, કઝાખસ્તાન, તા.૨૪ ।

પાંચ વખતના વર્લ્ડ ચેમ્પિયન નોર્વેના મેગ્નસ કાર્લસને ફિડેવર્લ્ડ કપ ફાઈનલ્સના પ્રથમ ટાઈ-બ્રેકરમાં ભારતના ૧૮ વર્ષીય ગ્રાન્ડમાસ્ટર રમેશબાબુ પ્રજ્ઞાનાનંદાને હરાવી ટાઈટલ જીત્યું હતું. વિશ્વ કપના વિજેતાનો નિર્ણય આજે ટાઈબ્રેકર દ્વારા કરવામાં આવ્યો હતો, જેમાં કાર્લસને પ્રથમ ૨૫ મિનિટની ઝડપી રમત જીતી હતી. બીજી ગેમ ડ્રોમાં સમાપ્ત થઈ અને મેગ્નસ કાર્લસન વર્લ્ડ કપ જીતવામાં સફળ રહ્યો હતો. ભારતના ૧૮ વર્ષીય પ્રજ્ઞાનાનંદાએ સોમવારે સેમિફાઈનલમાં વિશ્વના ત્રીજા નંબરના ખેલાડી ફેબિયાનો કારુઆનાને ટાઈબ્રેકમાં હરાવીને ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. નોંધપાત્ર રીતે, પ્રજ્ઞાનાનંદા કેન્ડીડેટ્સ ટુર્નામેન્ટ ૨૦૨૪માં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. કાર્લસન અને બોબી ફિશર પછી તે પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં પહોંચનાર ત્રીજો સૌથી યુવા ખેલાડી બન્યો. ઉમેદવારોમાં રમનાર વિશ્વનાથન આનંદ પછી તે બીજો ભારતીય હશે. તે વર્લ્ડ કપ ફાઈનલમાં રમનાર સૌથી યુવા ખેલાડી પણ છે.



## બ્રિક્સમાં વધુ 6 દેશોનો સમાવેશ, સંગઠન હવે બ્રિક્સ પ્લસ બન્યું

### બ્રિક્સમાં જોડાનારા ૬ દેશોમાં આર્જેન્ટિના, ઇજિપ્ત, ઇથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને યુએઈ સામેલ, મોદીએ બ્રિક્સના વિસ્તરણને સારો નિર્ણય ગણાવ્યો

। જહોનિસબર્ગ, તા.૨૪ ।

બ્રિક્સ સમિટ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આજે જોહાનિસબર્ગમાં બ્રિક્સ સમિટમાં મળ્યા હતા. બંને નેતાઓએ હાથ મિલાવીને અભિવાદન કર્યું હતું. સમાચાર એજન્સી દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં પીએમ મોદી જ્યારે બ્રિક્સ નેતાઓની બ્રિફિંગમાં જઈ રહ્યા હતા ત્યારે ચીનના રાષ્ટ્રપતિ સાથે વાત કરતા જોવા મળ્યા હતા. બુધવારે, વડા પ્રધાન અને જિનપિંગે પૂર્ણ સત્રમાં હાજરી આપી હતી, પરંતુ ફોટોગ્રાફ સેશન દરમિયાન તેઓ અલગ-અલગ ઊભા રહ્યા હતા. આ પહેલા વડાપ્રધાન મોદીએ બ્રિક્સના વિસ્તરણને સારો નિર્ણય ગણાવ્યો હતો. બ્રિક્સમાં છ નવા દેશો જોડાયા છે, જેમાં આર્જેન્ટિના, ઈજિપ્ત,ઈથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) સામેલ છે.






ભારતે હંમેશા બ્રિક્સના વિસ્તરણને સમર્થન આપ્યું છે. ભારત હંમેશા માને છે કે નવા સભ્યો ઉમેરવાથી બ્રિક્સ એક સંગઠન તરીકે મજબૂત થશે. મને આનંદ છે કે અમારી ટીમો બ્રિક્સના વિસ્તરણ માટે માર્ગદર્શક સિદ્ધાંતો, ધોરણો, ધોરણો, પ્રક્રિયાઓ પર સંમત થવા માટે એકસાથે આવી છે. બ્રિક્સના વિસ્તરણના નિર્ણયથી બહુ-ધ્રુવીય વિશ્વમાં ઘણા દેશોનો આત્મવિશ્વાસ વધુ મજબૂત થશે અને તમામનો ઝડપથી વિકાસ થશે.

ગયા નવેમ્બરમાં, પીએમ મોદીએ ચીની રાષ્ટ્રપતિ સાથે હાથ મિલાવ્યા હતા અને બાલીમાં જી૨૦ નેતાઓ માટે ઔપચારિક રાત્રિભોજનમાં ટૂંકી વાતચીત કરી હતી, જે ૨૦૨૦ માં લદ્દાખમાં લશ્કરી ગતિરોધની શરૂઆત પછી જાહેરમાં તેમની પ્રથમ સામ-સામે બેઠક હતી. જૂન ૨૦૨૦માં ગાલવાન ઘાટીમાં બંને સેનાઓ વચ્ચે અથડામણ થઈ ત્યારથી ભારત અને ચીન વચ્ચે તણાવ છે. પરિસ્થિતિને ઉકેલવા માટે બંને દેશોએ સૈન્ય સ્તરની વાતચીતના ૧૯ રાઉન્ડ યોજ્યા છે.

ભારત, દક્ષિણ આફ્રિકા, બ્રાઝીલ, ચીન અને રશિયાના સભ્યપદવાળા બ્રિક્સ સંગઠનમાં હવે નવા ૬ દેશોને સામેલ કરવામાં આવ્યા છે. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ઈજિપ્ત, ઈથિયોપિયા, સાઉદી અરબ, આર્જેન્ટિના, સાઉદી અરબ અને ઈરાનને બ્રિક્સસંગઠનમાં સામેલ કરવામાં આવ્યા છે. નવા સભ્યો જોડાયા બાદ આ સંગઠનને બ્રિક્સ પ્લસ કહેવાશે. માહિતી અનુસાર દ.આફ્રિકાના રાષ્ટ્રપતિએ જણાવ્યું કે આ દેશોનું સભ્યપદ ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી લાગુ પડશે. ભૌગોલિક ફેક્ટરને નવા સભ્યોની ચૂંટણી દરમિયાન સૌથી વધુ મહત્ત્વ અપાયું છે. તેના માધ્યમથી એવો પ્રયાસ કરાયો છે કે બ્રિક્સની અંદર પ્રાદેશિક સંતુલન જળવાઈ રહે. માહિતી અનુસાર બ્રિક્સ સંગઠનમાં ચીન તેના સમર્થક દેશોને સામેલ કરવા માગતું હતું જેથી આ સંગઠનને જી-૭ વિરુદ્ધ ઊભું કરવામાં આવી શકે. જોકે ભારતે તેના ઈરાદાઓ પર પાણી ફેરવી નાખ્યું. બ્રિક્સમાં સામેલ તમામ દેશો સાથે ભારતના ઘણા સારા સંબંધો છે. અહેવાલ મુજબ, ભારત અને ચીન વચ્ચે વિવાદ હોવા છતાં, તમામ બ્રિક્સ સભ્ય દેશો તેના વિસ્તરણ પર સહમત છે. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિએ આજે આ સભ્યોની જાહેરાત કરી છે. આ પહેલા ઓછામાં ઓછા ૨૦ દેશોએ ઔપચારિક રીતે બ્રિક્સમાં સામેલ થવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જેમાંથી ૪ આફ્રિકાના હતા.

## નેપાળમાં બસ અકસ્માતમાં સાત ભારતીયોનાં મોત થયા

। કાઠમંડુ, તા.૨૪ ।

નેપાળમાં આજે વહેલી સવારે બારાના જીતપુર સિમારા સબ-મેટ્રોપોલિટન-૨૨ના ચુરિયામાઈ મંદિર પાસે બસ અકસ્માતમાં સાત લોકોના મોત થયા હતા. અકસ્માતમાં મૃત્યુ પામેલા તમામ લોકોની ઓળખ થઈ ગઈ છે. બસમાં યાત્રાળુઓ હતા, જેમાંથી મોટાભાગના લોકો ભારતના હતા. જિલ્લા પોલીસ બારાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ચારનું સારવાર દરમિયાન મોત થયું હતું. બસના ડ્રાઈવરને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. કહેવાય છે કે બસ કાઠમંડુથી જનકપુર જઈ રહી હતી. આ દરમિયાન તે રસ્તા પરથી નીચે ઉતરી લગભગ ૧૫ મીટર નીચે પડી ગઈ હતી. જિલ્લા પોલીસ કચેરી મકવાનપુરે મૃતકોની ઓળખ લોહાર પટ્ટી, મહોત્તરીના ૪૧ વર્ષીય બિજય લાલ પંડિત અને રાજસ્થાનના બહાદુર સિંહ (૬૭), મીરા દેવી સિંહ (૬૫), સત્યવતી સિંહ (૬૦), રાજેન્દ્ર ચતુર્વેદી (૭૦), શ્રીકાંત ચતુર્વેદી (૬૫) અને બૈજંતી દેવી (૬૭) તરીકે કરી છે.

### ચંદ્રયાન-૩ના સફળ ઊતરાણ સાથે ભારતનો ઈતિહાસ

## ચંદ્રયાન-૩ની સફળતામાં નાના શહેરથી આવેલા વૈજ્ઞાનિકોનું મોટું યોગદાન

### કોઈ વૈજ્ઞાનિકે સાધન સામગ્રીની રચના કરી તો કોઈ વૈજ્ઞાનિકે ચંદ્રયાન પર દરેક ક્ષણે નજર રાખી

। નવી દિલ્હી, તા.૨૪ ।

ભારતે ગઈકાલે અવકાશમાં નવો ઈતિહાસ રચ્યો હતો. ચંદ્રયાનના સફળ લેન્ડિંગમાં ઈસરોની વિશાળ ટીમે કામ કર્યું છે. દેશભરમાંથી ઘણા આશાસ્પદ વૈજ્ઞાનિકોને ટીમનો હિસ્સો હતા, જેઓ અલગ-અલગ જગ્યાના છે. આ ટીમોમાં યુપીના ઘણા વૈજ્ઞાનિકોએ પણ મહત્વની ભૂમિકા ભજવી છે. કોઈએ સાધનસામગ્રીની રચના કરી તો કોઈ ચંદ્રયાન પર દરેક ક્ષણે નજર રાખી રહ્યું હતું. મુરાદાબાદ, અલીગઢ અને બુદૌન જેવા નાના શહેરોમાંથી બહાર આવેલા આ વૈજ્ઞાનિકોએ ભારતની આ સફળતામાં મોટો ફાળો આપ્યો છે. અલીગઢના પ્રિયાંશુ વાર્શ્રેય ઈસરોની મહત્વની ટીમનો ભાગ હતો, જે લેન્ડર અને રોવર પર કામ કરી રહ્યો હતો. એમ.ટેક (ઈલેક્ટ્રોનિક્સ)નો અભ્યાસ કરેલા પ્રિયાંશુના પિતા ડૉ. રાજીવ કુમાર વાર્શ્રેય એસવીકૉલેજમાં ભૂગોળ વિભાગમાં પ્રોફેસર છે. માતા મમતા ગુપ્તા પ્રાથમિક શાળામાં સહાયક શિક્ષિકા છે.



મિર્ઝાપુરના યુવા વૈજ્ઞાનિક આલોક કુમાર પાંડે પણ આ મિશનમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આલોક અને તેના સાથીઓએ લેન્ડિંગ અને મેસેજની જવાબદારી સંભાળી છે. પિતા સંતોષ પાંડેએ તેમના પુત્ર આલોક સાથેની ટેલિફોનિક વાતચીત વિશે જણાવ્યું કે તે સતત ત્રણ દિવસ સુધી ઈસરોના કમાન્ડ સેન્ટરમાં કામ કરતો રહ્યો હતો. ઈસરોમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક તરીકે કામ કરી રહેલા આલોકને મંગળ મિશન ૨૦૧૪માં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા માટે આઉટસ્ટેન્ડિંગ સાયન્ટિસ્ટ એવોર્ડ મળ્યો છે.

બદાયુંના ઉઝાનીના રહેવાસી સત્યપાલ અરોરાએ ચંદ્રયાન-૩ના લોન્ચ વ્હીકલના બીજા તબક્કાના લિક્વિડ પ્રોપલ્શનના હવાલામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ઈસરોમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક તરીકે કામ કરતા સત્યપાલે ૬૦ લોકોની ટીમ સાથે ચંદ્રયાનના બીજા તબક્કામાં લિક્વિડ પ્રોપલ્શનનું પરીક્ષણ અને વિશ્લેષણ પૂર્ણ કર્યું હતું. મુરાદાબાદના કાંશીરામનગર ઈ-બ્લોકના રહેવાસી મેઘ ભટનાગર અને તેમની પત્ની ગૌતમી, ઓન-બોર્ડ સોફ્ટવેર વૈજ્ઞાનિકો તરીકે આ મિશનમાં સામેલ હતા, જ્યારે ખુશહાલ નગરના રહેવાસી વૈજ્ઞાનિક રજત પ્રતાપ સિંહે પણ ચંદ્રયાન ૩ મિશનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE
cnngujarat.co.in

આજે જ cnngujarat.co.in વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



### એસટી વિભાગે લીધો આ મોટો નિર્ણય

# એસટી બસ સ્ટેન્ડમાં ગંદકી કરવી પડી શકે છે ભારે

**નિગમ દ્વારા બસ સ્ટેન્ડની સ્વચ્છતા જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખીને બસ સ્ટેન્ડની સફાઈ માટે અભિયાન પણ શરૂ કર્યું છે**

। અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાત વાહન વ્યવહાર વિભાગે બસ સ્ટેન્ડની સ્વચ્છતા લઈને મહત્વનો નિર્ણય લીધો છે. નિગમ દ્વારા ગંદકી ફેલાવનાર મુસાફરો સામે દંડ વસૂલવાની તૈયારી શરૂ કરી દીધી છે. ગંદકી કરનારા લોકો પાસેથી દંડ વસૂલવાની જોગવાઈ મામલે આવનાર દિવસોમાં નિર્ણય લેવામાં આવશે. જેથી મુસાફરોને બસ સ્ટેન્ડ પર કચરો ફેંકી ગંદકી કરવી ભારે પડી શકે છે. સ્વચ્છતા બાબતે ખાસ નિગમ દ્વારા પ્રથમવાર એક અધિકારીની પણ કેન્દ્રીય સ્તરે નિયુક્તિ કરવામાં આવી છે. ઓડિટ અને મોનિટરિંગ ચીફ મેનેજરનો કાર્યભાર અધિકારીને સોંપવામાં આવ્યો છે. જે રાજ્ય પરના બસ સ્ટેન્ડ પર સ્વચ્છતા બાબતે કામ કરી રહ્યાં છે. ચીફ મેનેજર રાજ્યના તમામ એસટી બસ ડેપોમાં સ્વચ્છતા બાબતે કરશે કામગીરી કરશે. નિગમ દ્વારા બસ સ્ટેન્ડની સ્વચ્છતા જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખીને બસ



સ્ટેન્ડની સફાઈ માટે અભિયાન પણ શરૂ કર્યું છે. અમદાવાદના ગીતામંદિર એસટી બસ સ્ટેન્ડ પર સફાઈ બાબતે ભાર આપ વામાં આવી રહ્યો છે અને ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. અમદાવાદ બસ સ્ટેન્ડ પર વિભાગના અધિકારીઓ પોતે હાજર રહીને કામ લઈ રહ્યા છે. રાજ્યના બસ સ્ટેન્ડ ઉપર દિવસ દરમિયાન હજારોની સંખ્યામાં મુસાફરોની અવરજવર થતી હોય છે. તેમાં અમદાવાદ વડોદરા, સુરત અને રાજકોટ જેવા મહાનગરોના બસ સ્ટેન્ડ પર મુસાફરોની અવરજવર ખૂબ જ મોટા પ્રમાણમાં થતી હોય છે. આ સ્થિતિમાં સ્વચ્છતા અંગે જાગૃતતાના અભાવે ગંદકી ફેલાતી હોય છે. જોકે હવે નિગમ દ્વારા ગંદકી ફેલાવનાર મુસાફરો પાસે દંડ વસૂલવા બાબતે નીતિ ઘડવામાં આવશે.

### સરકારે સ્વીકારેલી માગણીનો ૧૮ માસથી અમલ નથી કર્યો

# કોન્ટ્રાક્ટરોના ટેન્ડર બહિષ્કારથી રાજ્યના વિકાસકામો ખોરંભે ચઢ્યા

**માગણીઓ પર તત્તાકળ અમલ નહીં કરાય તો વધુ જલદ પગલાંની કોન્ટ્રાક્ટર્સ એસોસીએશન દ્વારા ચીમકી**

। અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનની સરકારએ માર્ચ ૨૦૨૨માં સ્વીકારેલ માંગણીઓનું અમલીકરણ છેલ્લા ૧૮ માસથી કરવામાં આવતું ના હોવાથી ગુજરાતના તમામ કોન્ટ્રાક્ટરોએ પહેલી ઓગસ્ટથી અચોક્કસ મુદત સુધી ગુજરાત રાજ્યના તમામ વિભાગોના ટેન્ડરો નહિ ભરવાનો નિર્ણય કર્યો છે, અને આ નિર્ણયનો ચુસ્ત અમલ ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનના તમામ કોન્ટ્રાક્ટરો દ્વારા કરવામાં આવ્યો છે. આ અંગે છેલ્લા એક મહિનામાં બે વાર લેખિત રજુઆતો ૨૫ જુલાઈ અને ૧૩ ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી તથા સંબંધિત સચિવો સમક્ષ કરવામાં આવી છે, અને રાજ્યના જુદા-જુદા જીલ્લાના સ્થાનિક કલેકટરોને પણ આ અંગે આવેદનપત્રો આપવામાં આવ્યા છે. તેમ છતાં આજદિન સુધી સરકાર તરફથી કોઈપણ પ્રકારનો સકારાત્મક પ્રતિભાવ સાંપડ્યો નથી.

આધારભૂત માહિતી અનુસાર હાલમાં ગુજરાત રાજ્યના અંદાજે રુપિયા ૮૦૦૦ કરોડના ૨૪૦૦ કામોના ટેન્ડરોની જાહેરાતના તબક્કે છે. જે ગુજરાત રાજ્યના કોન્ટ્રાકટરો દ્વારા ટેન્ડર નહિ ભરવાના નિર્ણયને કારણે સમગ્ર રાજ્યના વિકાસલક્ષી કામો ખોરંભે પડેલ છે. ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનની વારંવારની સરકાર સમક્ષ રજૂઆતો કરવા છતાં આ અંગે સરકાર એસોસિએશનની વ્યાજબી માંગણીઓના અમલીકરણ બાબતે સંવેદનશીલ જણાતી નથી.

ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન જણાવે છે કે, સરકાર તરફથી અમારા પ્રતિનિધિઓ સાથે રૂબરૂ ચર્ચા કરી અમલીકરણ બાબતે કોઈ હકારાત્મક પગલાં લેવામાં આવ્યા નથી. તેથી એસોસીએશન દ્વારા ટૂંકસમયમાં તમામ કોન્ટ્રાકટર ભાઈઓની એક મીટીંગ બોલાવવાનું આયોજન કરવામાં આવેલ છે, અને આ મીટીંગમાં એસોસિએશનની વ્યાજબી માંગણીઓના અમલીકરણ અંગે આગળ જલદ પગલાં લેવા અંગેનો નિર્ણય લેવામાં આવશે.

### ઓગસ્ટમાં ગુજરાત રહ્યું કોરુંકટ

# ગુજરાત રાજ્યમાં સિઝનનો કુલ ૮૧ ટકા વરસાદ

**જ્યારે સૌથી ઓછો પાણીનો સંગ્રહ મધ્ય ગુજરાતના ૧૫ ડેમમાં માત્ર ૪૯.૨૦ ટકા પાણીનો જથ્થો છે**

। અમદાવાદ, તા.૨૪ ।

રાજ્યમાં હાલ મેઘરાજા જાણે આરામના મૂડમાં હોય તેમ ઓગસ્ટ મહિનામાં ખાસ વરસાદ વરસ્યો નથી. ત્યારે જૂન અને જુલાઈમાં શ્રીકાર વરસેલા વરસાદ સાથે રાજ્યમાં સિઝનનો કુલ ૮૧ ટકાથી વધારે વરસાદ વરસ્યો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૩૬ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે મધ્ય ગુજરાતમાં ૬૬ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યમાં ડેમની સ્થિતિ પર નજર કરીએ તો સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૮૩.૯૨ ટકા પાણીનો જથ્થો સંગ્રાયેલો છે. જ્યારે સૌથી ઓછો પાણીનો સંગ્રહ મધ્ય ગુજરાતના ૧૫ ડેમમાં માત્ર ૪૯.૨૦ ટકા પાણીનો જથ્થો છે. મળતી માહિતી પ્રમાણે, ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૮૧.૫૪ ટકા વરસાદ નોંધાયો છે. આંકડા જોઇએ તો કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૩૬ ટકા વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં સરેરાશ ૧૧૦ ટકા, દક્ષિણ ગુજરાતમાં સિઝનનો ૭૩ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૮ ટકા, મધ્ય ગુજરાતમાં ૬૬ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યના ૨૦૭ ડેમની સ્થિતિ જોઇએ તો, સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૮૩.૯૨ ટકા પાણીનો જથ્થો છે. આ સાથે દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૭૬.૫૨ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૭૩.૯૯ ટકા પાણીનો જથ્થો છે. કચ્છના ૨૦ ડેમમાં ૬૪.૭૫ ટકા પાણીનો જથ્થો છે. જ્યારે મધ્ય ગુજરાતના ૧૫ ડેમમાં ૪૯.૨૦ ટકા પાણીનો જથ્થો નોંધાયો છે. આ સાથે સરદાર સરોવર ડેમની સ્થિતિ જોઇએ તો, ૭૮.૬૧ ટકા પાણીનો જથ્થો છે. બોટાદમાં વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ છવાયુ છે. શહેરના ઘણા વિસ્તારોમાં ધીમીધારે વરસાદ વરસતા લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે. શહેરમાં પાળિયાદ રોડ, ગઢડા રોડ, ભાવનગર રોડ, સાળંગપુર રોડ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. લાંબા સમય બાદ શહેરમાં વરસાદ વરસતા લોકો અને ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે. રાજ્યના હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર ડો. મનોરમા મોહંતી દ્વારા રાજ્યના હવામાન અંગેની સંભાવનાઓ વ્યક્ત કરીને બુધવારે માહિતી આપી હતી. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે, મોટાભાગે હળવા વરસાદની શક્યતાઓ છે. હવામાન કેન્દ્ર દ્વારા આજના વરસાદ અંગે સંભાવનાઓ વ્યક્ત કરી છે. જેમાં ગુજરાત રિજન (સૌરાષ્ટ્ર-કચ્છ સિવાય)માં બનાસકાંઠા, સાબરકાંઠા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં હળવાથી સામાન્ય વરસાદની સંભવાના વ્યક્ત કરી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ગુજરાત હવામાન અંગે આગાહી જણાવતા કહ્યુ હતુ કે, અલનિનોની અસરના કારણે વરસાદની સ્થિતિ બરાબર રહી શકશે નહીં. સિસ્ટમ નથી બની રહી છતાં કોઈકોઈ સ્થાનિક ગતિવિધીના કારણે વરસાદ ઝાપટાં પડવાની શક્યતા રહેશે. તારીખ ૨૪થી ૨૬ ઓગસ્ટના દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયા કિનારે હળવા ઝાંપ ટા પડવાની શક્યતા રહેશે. ૨૯થી ૩૧ ઓગસ્ટના વરસાદી ઝાંપટા વધશે. ૨૯ ઓગસ્ટ આસપાસ બંગાળના ઉપસાગરમાં લો પ્રેશર સિસ્ટમ સક્રિય થશે. પરંતુ ૩૧ ઓગસ્ટ આસપાસ હોંગકોગ બાજુ બનતુ ચક્રવાત બંગાળના ઉપસાગરનો ભેજ ખેંચશે.

### પિઠાઈ ટોલનાકા પર ફાસ્ટટેગને લઈને હાલાકી

# ટોલનાકા પર વાહનચાલકોની સાથે કર્મચારીઓની દાદાગીરી જોવા મળી

**ટોલનાકાના કર્મચારીઓ વાહન ચાલકો સાથે દાદાગીરી કરી તેમની સાથે દુરવ્યવહાર કરતા હોવાની ફરિયાદ**

। અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદ ઝાલોદ હાઈવે પર આવેલા પિઠાઈ ટોલનાકા પર ફાસ્ટટેગ ધારકો સાથે ટોલ બુથના કર્મચારીઓ દ્વારા ખોટી રીતે દાદાગીરી કરાતી હોવાની ફરિયાદ સામે આવી છે. ફાસ્ટટેગને લીધે વાહનચાલકોએ લાંબી લાઈનમાં ઊભા ન રહેવું પડે એવો સરકારનો ઈરાદો હોવા છતાં ટોલ બુથના કર્મચારીઓ વાહન ચાલકોની ફાસ્ટટેગના રિચાર્જમાં સામાન્ય ભૂલના મુદ્દાને મોટો બનાવીને તેમને યોગ્ય માર્ગદર્શન આપવાના બદલે ડરાવી ધમાકાવીને પજવતા હોવાનું જાણવા મળ્યું છે. બાલાસિનોરમાં આવેલા ડાયનાસોર ફોસિલ પાર્ક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે અને સરકાર પણ આ સ્થળેને વિકસાવવા પ્રતિબધ્ધ છે ત્યારે અમદાવાદથી બાલાસિનોર જતા રસ્તામાં આવતા પિઠાઈ ટોલ પ્લાઝા વાહનચાલકો માટે સંઘર્ષનું સ્થળ બની રહ્યું હોવાનું જાણવા મળ્યું છે.

એક વાહન ચાલકના જણાવ્યા અનુસાર તેઓ થોડા દિવસ પહેલા ડાયનાસોર ફોસિલ પાર્ક ગયા હતા. જતા તો તેમને પિઠાઈ ટોલ પ્લાઝા પર ફાસ્ટટેગને લઈને કોઈ સમસ્યા ન થઈ પરંતુ પાછા વળતી વખતે કોઈક કારણોસર તેમના ફાસ્ટટેગમાં બેલેન્સ ન હોવાનું જણાતા ટોલ પ્લાઝાના કર્મચારીઓએ તેમની સાથે ખુબજ ઉદ્ધત વર્તન કરતા લાઈનમાંથી નિકળી જવા અથવા બમણો ટોલ ભરવા દબાણ કર્યું હતું.

વાહન ચાલક અને તેમની સાથેના તેમના પરિવારજનોએ કર્મચારીઓને બેલેન્સ તરત કરાવી દઈએ છીએ એમ કહેતા પ્લાઝાના કર્મચારી ખાસ કરીને પોતાની રાજુ તરીકે ઓળખ આપ નાર શખ્સે દાદાગીરી સાથે બમણો ટોલ ભરવા દબાણ કર્યું હતું. ટોલની બારી પણ ખાસ ટ્રાફિક ન હોવા છતાં લાંબી લાઈન લાગી હોવાનું કહી વિવાદ કરી રીતસર ધાક ધમકી આપી લાઈનમાંથી પાછા નિકળવાની ફરજ પાડી હતી. આ દરમિયાન વાહન ચાલકે બેલેન્સ કરાવ્યું હોઈ પરંતુ તે થોડી મિનિટો બાદ રિફ્લેકટ થતું હોઈ વારંવાર કર્મચારીઓને ચેક કરવા કહ્યું પણ તેઓ હવે તમારે બહાર ઊભા રહેવું પડશે અને કલાક બાદ તમારો વારો આવશે એમ કહી ઉગ્ર બોલાચાલી કરી હતી. રાજુ નામના શખ્સના વર્તનથી હેબતાઈ ગયેલા વાહન ચાલક અને તેના પરિવારે પોલીસ બોલવવા કહ્યું તો પણ પ્લાઝાના કર્મચારીઓએ થાય તે કરી લો એમ કહીને વધુ આક્રમકતા સાથે વાહન ચાલકના પરિવાર સાથે વર્તન કર્યુ હતું. અંતે ભારે કકળાટ બાદ વાહનને સ્કેન માટે લઈ જવાતા ટોલ કપાઈ જતા વાહન જવા દેવાયું. આ બબાતે પ્લાઝા પર કોઈ જ મેનેજર કક્ષાનો કર્મચારી હાજર નહતો અને જે હતા બધા ટપોરી જેવા હતા જેઓ કોઈક ને કોઈક બહાના હેઠળ વાહન ચાલકોની ભૂલો ગોતીને તેમને પરેશાન કરવા ઊભા હોય એમ જણાતું હતું. મળતી માહિતી મુજબ આ ટોલ પ્લાઝા પર અવારનવાર કર્મચારીઓ અને વાહન ચાલકો વચ્ચે નજીવી બાબતોને લઈને તકરાર થતી હોય છે. વાહન ચાલકો આ બાબતે ખોટી ઝંઝટમાં પડવાના લીધે સત્તાવાર ફરિયાદ કરવાનું ટાળે છે. જોકે, વાહન ચાલકોની માગણી છે કે આ પ્લાઝા પર કોઈ વિવેકબુધ્ધિવાળા કર્મચારીને ફરજ સોંપાય જેથી નિર્દોષ વાહન ચાલકો પરેશાન ન થાય.

# તલગાજરડાથી મોરારી બાપુએ ચંદ્રયાન -3ની સફળતાની ભવ્ય ઉજવણી કરી

। મહુવા, તા.૨૪ ।

ચંદ્રની સપાટી પર વિક્રમ લેન્ડરની ખૂબ જ અપેક્ષિતક્ષણ બુધવારે સાંજે સામે આવી, જેના પર જાણીતા આધ્યાત્મિક ગુરુ અને રામચરિતમાનસના પ્રચારક મોરારી બાપુએ ખુશી જાહેર કરી હતી એટલું જ નહિ ચંદ્રયાન-૩ મિશનની સફળતા માટે પ્રાર્થના પણ કરી હતી. મહુવાના કૈલાશ ગુરુકુળ ખાતે તુલસી જન્મોત્સવમાં ભાગ લઈ રહેલા મોરારી બાપુએ જણાવ્યું હતું કે "અમારી તુલસી જયંતિની સમોરોહની વચ્ચે અમે એક મહત્વપૂર્ણ ઘટનાના સાક્ષી બન્યા કારણ કે વિક્રમ લેન્ડર ચંદ્રની સપાટી પર હળવેથી નીચે ઉતર્યું અને અમારા હૃદયને ગર્વથી ભરી દીધું. બરાબર ૪૦૦ વર્ષ પહેલાં પૃથ્વીએ તુલસીદાસજીના રૂપમાં ચંદ્રનો જન્મ જોયો હતો અને આજે તુલસી જયંતિના અવસરે ચંદ્રયાને ચંદ્રને ભેટી લીધો છે.



મોરારી બાપુએ એમ પણ કહ્યું હતું કે, તેમને મિશનની સફળતા અંગે વિશ્વાસ હતો કારણ કે સાધુ અને સંતો સહિત સમગ્ર દેશ તેના માટે પ્રાર્થના કરી રહ્યો હતો. ચંદ્રયાન-૩ મિશનની સફળતા માટે ભગવાન હનુમાનના ચરણોમાં પ્રાર્થના કરતાં તેમણે કહ્યું, "હું ઈસરોના વૈજ્ઞાનિકો, ૧૪૦ કરોડ ભારતીયોને અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને મારા ખૂબ જ નિષ્ઠાપૂર્વક અભિનંદન આપું છું, જેમના નેતૃત્વમાં અમે આ ઐતિહાસિક માઈલ સ્ટોન હાંસલ કર્યો છે."

## વિશેષ લેખ

### ચન્દ્રયાન-3ના સફળતાના આ હીરો કોણ છે ?

# મિશનને આગળ વધારવા માટે લગભગ ૧,૦૦૦ એન્જિનિયરો અને વૈજ્ઞાનિકોએ કામ કર્યું છે



**સાંપ્રત પ્રવાહો**

**લેખક : દીપક જગતાપ**

ભારતનું, ઈસરોનું ચંદ્રયાન -૩નું મુન મિશન સફળ થયું છે. આજે ભારત ચન્દ્રની ધરતીપર દક્ષિણ ગોળાર્ધ પર સફળ ઉતરાણ કરીને વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. પણ આ સફળતાની પાછળ રાત દિવસ અથાક પરિશ્રમ કરનારા વિજ્ઞાનિકો અને ઈસરોના ચેરમેન ડૉ એસ સોમનાથ અને એમની ટીમનો સિંહ ફાળો છે.

ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક ઉતરી ગયું છે.પણ તેની પાછળ ઈસરોના ઘણા એન્જિનિયરો અને વૈજ્ઞાનિકોની મહેનત છે. તેમના આ હીરો વિશે બહુ ઓછા લોકો જાણે છે. ચંદ્રયાન-૩ નું મિશન પાર પાડનાર આ અસંગ હીરોએ માત્ર ભારતીયોને ગર્વ કરવાનો મોકો આપ્યો નથી. ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) ના વૈજ્ઞાનિકો ચંદ્રયાન-૩ ઉપગ્રહ પર છેલ્લા ૪ વર્ષથી કામ કરી રહ્યા હતા. જે સમયે દેશમાં કોવિડ-૧૯ રોગચાળો ફેલાઈ રહ્યો હતો, તે સમયે પણ ઈસરોની ટીમ ભારતના મિશન મૂનની તૈયારીમાં વ્યસ્ત હતી. ઈસરોના અધ્યક્ષ એસ સોમનાથનું કહેવું છે કે લગભગ ૭૦૦ કરોડ રૂપિયાના ખર્ચે મિશનને આગળ વધારવા માટે લગભગ ૧,૦૦૦ એન્જિનિયરો અને વૈજ્ઞાનિકોએ કામ કર્યું છે.

ચંદ્રયાન-૩ને પૂર્ણ કરવામાં મહિલા વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોએ પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. ચંદ્રયાન-૩ને સફળ બનાવવામાં એસ સોમનાથ ઉપરાંત પ્રોજેક્ટ ડાયરેક્ટર પી વીરમુથુવેલ, મિશન ડાયરેક્ટર મોહના કુમાર, વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરના ડિરેક્ટર એસ ઉન્નીકૃષ્ણન નાયર, યુઆર રાવ સેટેલાઈટ સેન્ટર (યુઆરએસસી)ના ડિરેક્ટર એમ શંકરન અને લોંચ ઓથોરાઈઝેશન બોર્ડની મહત્વપૂર્ણ ભૂમિકા હતી. ના વડા એ રાજરાજને પણ મહત્વની ભૂમિકા ભજવી હતી.

**ઈસરોના અધ્યક્ષ સોમનાથ એસ**

ચંદ્રયાન-૩ માત્ર વ્હીકલ માર્ક-૩ની મદદથી જ ભ્રમણકક્ષા સુધી પહોંચી શક્યું હતું. એરોસ્પેસ એન્જિનિયર એસ સોમનાથે ચંદ્રયાનના વાહન માર્ક- અથવા બાહુબલી રોકેટની ડિઝાઈનમાં મદદ કરી હતી. તેઓ બેંગ્લોરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને સંસ્કૃત બોલી શકે છે અને યાનમ નામની સંસ્કૃત ફિલ્મમાં અભિનય કર્યો છે.

**વીરમુથુવેલ : ચંદ્રયાન-3 મિશનના પ્રોજેક્ટ ડિરેક્ટર**

ચંદ્રયાન-૩ મિશનના પ્રોજેક્ટ ડાયરેક્ટર વીરમુથુવેલે ચેન્નાઈમાંથી માસ્ટર ઓફ ટેકનોલોજીનો અભ્યાસ કર્યો છે. તેઓ ચંદ્રયાન-૨ અને મંગલયાન મિશન સાથે જોડાયેલા હતા. રામુથુવેલે તેમના અનુભવથી ચંદ્રયાન-૩ મિશનને મજબૂત કરવામાં મદદ કરી.

**મિશન ડિરેક્ટર મોહના કુમારએસ મોહના કુમાર**

ચંદ્રયાન-૩ના મિશન ડાયરેક્ટર છે. તેઓ વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરના વરિષ્ઠ વૈજ્ઞાનિક છે. ચંદ્રયાન-૩ પહેલા, તેઓ ન્ફસ્૩-સ્૩ મિશન પર વન વેબ ઈન્ડિયા ૨ સેટેલાઈટના ડિરેક્ટર હતા.

**ફજીજીઝ ડાયરેક્ટર એસ ઉન્નીકૃષ્ણન નાયર**

વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC) ખાતે



એસ ઉન્નીકૃષ્ણન નાયર અને તેમની ટીમ ચંદ્રયાન-૩ ના દરેક નિર્ણાયક પાસાઓની દેખરેખ રાખે છે. નાયરે જીઓસિંક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (JSLV) માર્ક-III વિકસાવ્યું છે. તે એરોસ્પેસ એન્જિનિયર છે. તેણે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સમાંથી અભ્યાસ કર્યો હતો.

**યુઆર રાવ**

**સેટેલાઇટ સેન્ટરના ડિરેક્ટર**

એમ શંકરનને ઈસરોનું પાવરહાઉસ માનવામાં આવે છે. તે નવલકથા પાવર સિસ્ટમ્સ અને પાવર સેટેલાઈટ તરફ દોરી જતા સૌર એરે બનાવવામાં નિષ્ણાત છે. તેમને સેટેલાઈટ બનાવવાનો ત્રણ દાયકાથી વધુનો અનુભવ છે. એમ શંકરન ચંદ્રયાન-૧, મંગલયાન અને ચંદ્રયાન-૨ ઉપગ્રહોનો પણ એક ભાગ હતો.

**એ. રાજરાજન**

**લોન્ચ ઓથોરાઈઝેશન બોર્ડ (LAB)ના વડા:**

**એ. રાજરાજન**

એ રાજરાજન એક પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક છે અને હાલમાં સતીશ ધવન સ્પેસ સેન્ટર SHAR, શ્રીહરિકોટાના ડિરેક્ટર છે. તેણે ચંદ્રયાન-૩ને ભ્રમણકક્ષામાં મૂક્યું. રાજરાજન કમ્પોઝિટના ક્ષેત્રમાં નિષ્ણાત છે.

**કલ્પના કે એ**

**યુ.આર.રાવ સેટેલાઇટ ડેપ્યુટી પ્રોજેક્ટર ડાયરેક્ટર**

કોવિડ રોગચાળાની મુશ્કેલીઓ છતાં કલ્પના કે એ ચંદ્રયાન-૩ ટીમ સાથે કામ કર્યું. તેમણે એક એન્જિનિયર તરીકે પોતાનું જીવન ભારતના સેટેલાઈટ બનાવવા માટે સમર્પિત કર્યું છે. તે ચંદ્રયાન-૨ અને મંગલયાન બંને મિશનમાં સામેલ હતી.

**રિતુ કરીધલ શ્રીવાસ્તવ**

રિતુ કરિધલ શ્રીવાસ્તવ ISROમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક છે અને ભારતના માર્સ ઓર્બિટર મિશન (MOM)ના ડેપ્યુટી ઓપરેશન ડાયરેક્ટર રહી ચૂક્યા છે. તેનો જન્મ લખનૌમાં થયો હતો અને તેણે ૧૯૯૬માં લખનૌ યુનિવર્સિટીમાંથી ભૌતિકશાસ્ત્રમાં એમએસસી કર્યું હતું. તેણે બેંગ્લોરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IIMC)ના એરોસ્પેસ એન્જિનિયરિંગ વિભાગમાંથી એમટેક પણ કર્યું. અવકાશ વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, ચંદ્રયાન-૩ની તૈયારીમાં '૧૫૮૦' આંખોનો મોટો ફાળો છે. આ એવી આંખો છે જેણે એક સેકન્ડ માટે પણ પોતાને ચંદ્રયાન ૩ થી અલગ કર્યા નથી. ૧૪ જુલાઈથી અત્યાર સુધીમાં ઈસરોના ૭૯૦ વૈજ્ઞાનિકો દિવસ-રાત આ મિશન સાથે જોડાયેલા રહ્યાં છે. વૈજ્ઞાનિકોએ ૯૬૦ કલાક સુધી ચંદ્રયાન ૩ પર નજર રાખી છે.વૈજ્ઞાનિકોની ઘણી ટીમો ઈસરોમાં અલગ-અલગ કામોમાં લાગેલી હતી. કેટલાક ચંદ્રયાનની દિશા તરફ જોઈ રહ્યા હતા તો કેટલાક ઝડપ જોઈ રહ્યા હતા. કોઈને ટેકનિકલ ખામીની તપાસનું કામ મળ્યું તો કોઈ વૈજ્ઞાનિક ચંદ્રયાનને લેન્ડ કરવા માટે પ્લેટફોર્મ તૈયાર કરી રહ્યા હતા. મેનેજડ મિશન હેઠળ, આ બધું 'મિનિટ ટુ મિનિટ'ના ધોરણે ચાલ્યું. રોકેટ છોડ્યા પછી, ઘણી ટીમોએ લેન્ડર પરથી નજર હટાવી ન હતી. ઈસરોના નિયંત્રણ કેન્દ્રમાં લગભગ ૨૦૦ વૈજ્ઞાનિકોની ટીમ દરેક ક્ષણ પર નજર રાખી રહી હતી. જો આપણે ચંદ્રયાન ૩ ના આયોજનની વાત કરીએ તો તેમાં ૭૯૦ થી વધુ વૈજ્ઞાનિકો સામેલ થયા છે. સ્પેસ કમિશનના સભ્ય ડૉ. કિરણ કુમારે કહ્યું, 'ઈસરો' 'ચંદ્રયાન-૩' વિશે ખૂબ આશાવાદી હતા. આ માટે સેંકડો વૈજ્ઞાનિકોએ રાત-દિવસ મહેનત કરી છે. જ્યારે કોઈ વૈજ્ઞાનિક શિફ્ટ પૂરી કરીને ઘરે જતા તો પણ તેને ઊંઘ ન આવતી અને તેઓ આ સમયે પણ પોતાની જાતને અપડેટ રાખવા માટે કંટ્રોલ સેન્ટર સાથે વાત કરતા હતા. બધાને એક જ જુસ્સો હતો કે ચંદ્રયાન ૩ ચંદ્ર પર સુરક્ષિત રીતે સોફ્ટ લેન્ડિંગ કરે. ચંદ્રયાન ક્યાં લેન્ડ કરવું, આ બધી બાબતો પહેલેથી જ નક્કી હતી. ઈસરોના ૫૦ વૈજ્ઞાનિકે દિવસ-રાત ઉજાગરા કર્યા.




ગુરુ નાનક ખાલસા કોલેજમાં એક ઈવેન્ટ દરમિયાન ઈસરોના ચંદ્રયાન-૩નું એક મોડેલ મુંબઈમાં ચંદ્રની સપાટી પર અવકાશયાનના સફળ ઉતરાણની ઉજવણી માટે આયોજન કરવામાં આવ્યું હતું. બીજી તસ્વીરમાં પટણા મહિલા કોલેજના વિદ્યાર્થીઓ પટનામાં ચંદ્રની સપાટી પર ઈસરોના ચંદ્રયાન-૩ ના સફળતાની ઉજવણી કરી હતી.

**ન્યૂઝ બ્રિફ**

## હવામાંથી હવામાં પ્રહાર કરતી અસ્ત્ર મિસાઈલનું સફળ પરીક્ષણ

। ગોવા, તા.૨૪ ।

દેશમાં જ નિર્મિત હળવા લડાકૂ વિમાન (એલસીએ) એલએસપી-૭ તેજસે બુધવારે ગોવાના કિનારેથી હવામાંથી હવામાં પ્રહાર કરતી અસ્ત્ર મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું. અધિકારીઓએ કહ્યું કે આશરે ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ વિમાન દ્વારા મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું હતું. ગોવાના દરિયા કિનારે સ્વદેશી બિયોન્ડ વિઝ્યુઅલ રેન્જ(બીવીઆર), હવામાંથી હવામાં જ પ્રહાર કરતી મિસાઈલ અસ્ત્રનું સફળ પરીક્ષણ કરાયું હતું. પરીક્ષણ સંબંધિત તમામ ઉદ્દેશ્યો પૂરાં થયા હતા અને આ એક આદર્શ તથા સચોટ લોન્ચિંગ રહ્યું હતું. આ વિમાનનું નિરીક્ષણ તેજસ ટ્વિન સીટર વિમાન દ્વારા કરાયું હતું. અસ્ત્ર એક અત્યાધુનિક બીવીઆર હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ છે જે અત્યાધિક કલાબાજીવાળા સુપરસોનિક હવાઈ લક્ષ્યોને ભેદવા અને નષ્ટ કરવામાં સક્ષમ છે. આ મિસાઈલ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી (ડીઆરડીએલ), રિસર્ચ સેન્ટર ઈમારત (આરસીઆઈ) અને અન્ય પ્રયોગશાળાઓ દ્વારા ડિઝાઈન તથા વિકસિત કરાઈ છે. ડીઆરડીઓના ઘરેલુ તેજસ લડાકૂ વિમાનથી સ્વદેશી અસ્ત્ર બીવીઆર પરીક્ષણ આત્મનિર્ભર ભારતની દિશામાં એક મોટું પગલું છે.

## ઈસરોની લાઇવ સ્ટ્રીમિંગ લિંકે પણ યુટ્યૂબ પર ઇતિહાસ રચ્યો

। નવી દિલ્હી, તા.૨૪ ।

ભારતે ફરી એકવાર ઈતિહાસ રચ્યો છે. ભારતના ચંદ્રયાન-૩એ ગઈકાલે સાંજે ચંદ્ર પર સફળ લેન્ડિંગ કર્યું હતું. આ સાથે ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ સુધી પહોંચનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. આ ઉપરાંત ઈસરોની લાઈવ સ્ટ્રીમિંગ લિંકે પણ યુટ્યૂબપર ઈતિહાસ રચ્યો હતો. ચંદ્રયાન-૩ના લેન્ડિંગનું લાઈવ સ્ટ્રીમિંગ એકસાથે ૮.૦૬ મિલિયન લોકોએ નિહાળ્યું હતું, જેણે યુટ્યુબના ઈતિહાસના તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા.

યુટ્યુબ પર અત્યાર સુધી બ્રાઝિલ અને દક્ષિણ કોરિયા વચ્ચેની ફૂટબોલ મેચનું લાઈવ સ્ટ્રીમિંગ એક સાથે ૬.૧૫ મિલિયન લોકોએ જોયું હતું, જેને ગઈકાલે ચંદ્રયાન-૩ના લાઈવ સ્ટ્રીમિંગથી માત આપવામાં આવી હતી. આ ઉપરાંત ત્રીજા નંબર પર બ્રાઝિલ અને ક્રોએશિયા વચ્ચેની ફૂટબોલ મેચ છે, જેને એક સાથે ૫.૨ મિલિયન લોકોએ નિહાળી હતી.

ઈસરોની ઓફિશિયલ યુટ્યુબ ચેનલ પર ચંદ્રયાન-૩ના લેન્ડિંગ પહેલા સબસ્ક્રાઈબર્સની સંખ્યા ૨૬ લાખ હતી, જે હવે સફળ લેન્ડિંગ બાદ વધીને ૩૫ લાખ થઈ ગઈ છે. લેન્ડિંગનું લાઈવ ટેલિકાસ્ટ લગભગ એક કલાક અને ૧૧ મિનિટ સુધી ચાલ્યું હતું અને ઈસરોએ માત્ર એક કલાકમાં ૯ લાખ સબસ્ક્રાઈબર્સ મેળવ્યા હતા. ઈસરોનું જીવંત પ્રસારણ એકસાથે જોનારા સબસ્ક્રાઈબર્સની સંખ્યા કરતાં ત્રણ ગણા વધુ લોકોએ એક સાથે જોયું હતું.

ઈસરોની યુટ્યુબ ચેનલના ૨૬ લાખ સબ્સ્ક્રાઈબર્સ છે, પરંતુ માત્ર ૯ મિનિટમાં જ ૨૯ લાખ લોકો ચંદ્રયાન-૩નું લાઈવ લેન્ડિંગ જોવા માટે ચેનલ સાથે જોડાયા હતા. ૧૩ મિનિટમાં લાઈવ બ્રોડકાસ્ટ જોવા માટે ૩૩ લાખ લોકોએ ટ્યુન કર્યું હતું.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનસિઓ લુલા દા સિલ્વા ચંદ્રયાન-૩ મૂન લેન્ડિંગની સફળતા એક અખબારમાં નજરે પડે છે.

### પાકિસ્તાનમાં ટ્રેન્ડ થયું Congratulations Neighbors

## ચંદ્રયાન-3 પર પાકિસ્તાનીઓએ ભારતને આપ્યા ખૂબ અભિનંદન

### ભારતના ચંદ્રયાન-3 ઉપગ્રહે બુધવારે ચંદ્રના દક્ષિણ ધ્રુવીય ક્ષેત્ર પર વિક્રમ લેન્ડરને સફળતાપૂર્વક લેન્ડ કર્યું હતું

। નવી દિલ્હી, તા.૨૪ ।

ભારતના ચંદ્રયાન-૩ ઉપગ્રહે બુધવારે ચંદ્રના દક્ષિણ ધ્રુવીય ક્ષેત્ર પર વિક્રમ લેન્ડરને સફળતાપૂર્વક લેન્ડ કર્યું હતું. આ સાથે ભારતે ઈતિહાસ રચ્યો છે. આ માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે એક મોટી ઉપલબ્ધિ છે. મિશનની સફળતા માટે દેશભરમાં પ્રાર્થનાઓ ચાલી રહી હતી. વિશ્વભરના વૈજ્ઞાનિકો અને સામાન્ય લોકોની નજર આ મિશન પર ટકી હતી. ઈતિહાસ રચીને ભારતે સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. દરેક વ્યક્તિ સ્પેસ એજન્સી ઈસરોની મહેનતની પ્રશંસા કરી રહી છે. આ પ્રસંગે પાકિસ્તાનીઓએ પણ ભારતને અભિનંદન પાઠવ્યા છે. પાકિસ્તાનમાં સોશિયલ મીડિયા પર Congratulations Neighbors ખૂબ જ ટ્રેન્ડ થયું હતું. પાકિસ્તાનને ભારત સાથે ગમે તેટલી દુશ્મની હોય, પરંતુ આ સફળતા પછી પાકિસ્તાનીઓ પણ ભારતને અભિનંદન આપવાથી પાછળ રહ્યા નહોતા. તે તસવીરો શેર કરીને જણાવી રહ્યા છે કે આજે પાકિસ્તાન ક્યાં છે અને ભારત ક્યાં પહોંચી ગયું છે.

### આપણે ચંદ્ર પર જ રહીએ છીએ

## ચંદ્રયાન-3ને લઇને પાકિસ્તાની યુવકનો વીડિયો વાયરલ થયો

### પ્રજ્ઞાન હવે ચંદ્ર પર ૧૪ દિવસ સુધી અભ્યાસ કરશે અને ડેટા એકત્રિત કરીને લેન્ડર વિક્રમને મોકલશે

। નવી દિલ્હી, તા.૨૪ ।

પાકિસ્તાની યુવકનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. તેમને ભારતના ચંદ્રયાન-૩ની સફળતા અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેનો તે હસીને જવાબ આપે છે અને પોતાના દેશની ખામીઓ ગણવા લાગે છે. તેમનું કહેવું છે કે પાકિસ્તાનના લોકો પહેલાથી જ ચંદ્ર પર રહે છે, તેમને ન તો વીજળી મળે છે અને ના તો પાણી મળે છે. તેમણે કહ્યું કે ભારત રૂપિયા ખર્ચીને જઈ રહ્યું છે, આપણે ચંદ્ર પર છીએ. વાયરલ વીડિયોમાં આ વ્યક્તિ કહે છે, 'તે પૈસા ખર્ચીને જઈ રહ્યો છે ને? આપણે પહેલેથી જ ચંદ્ર પર જીવીએ છીએ. તમને ખબર નથી?' પ્રશ્ન પૂછનાર વ્યક્તિ કહે છે, 'ના. આપણે ચંદ્ર પર જીવતા નથી. તેના પર તે વ્યક્તિ કહે છે, ' ચંદ્ર પર પાણી નથી? અહીં પણ નથી. ત્યાં ગેસ છે? અહીં પણ નથી. વીજળી છે? અહીં પણ જુઓ અહીં પણ લાઈટ નથી. નોંધનીય છે કે ભારતના ચંદ્રયાન-૩ એ બુધવારે સાંજે ચંદ્રના દક્ષિણ ધ્રુવીય ક્ષેત્રમાં સફળતાપૂર્વક લેન્ડ કર્યું હતું.

**હજારો યુવાનોને વર્ક વિઝા નહીં મળે**

## UKમાં સ્ટુડન્ટ વિઝા પર ગયેલા ભારતીયોનું ટેન્શનમાં વધારો

### યુકેએ સ્ટુડન્ટ વિઝાને વર્ક વિઝામાં કન્વર્ટ કરવા સામે કડક નિયમો લાગુ કર્યા છે, તેથી વિદ્યાર્થીઓએ તેનો વિરોધ શરૂ કરી દીધો છે

। નવી દિલ્હી, તા.૨૪ ।

યુકેને સ્કિલ્ડ વર્કર્સની જરૂર છે, પરંતુ સ્ટુડન્ટ વિઝા પર લાખોની સંખ્યામાં યુવાનો UK આવે અને પછી વર્ક વિઝા પર કામ કરવા લાગે તે તેને પસંદ નથી. તેના કારણે સ્ટુડન્ટ વિઝાને વર્ક વિઝામાં કન્વર્ટ કરાવવા પર આકરા પ્રતિબંધ લાદી દીધા છે. આ કડક નિયમો તાજેતરમાં જ અમલમાં આવ્યા છે. જેના કારણે UKમાં અભ્યાસ કરીને પછી વર્ક વિઝા મેળવી લેવાશે તેવું માનીને આવેલા સ્ટુડન્ટને આંચકો લાગ્યો છે. ખાસ કરીને ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકાના ઘણા વિદ્યાર્થીઓ અહીં સ્ટુડન્ટ વિઝા પર આવીને કામકાજ શોધી લેવાનો ઈરાદો ધરાવતા હોય છે. UKએ સ્ટુડન્ટ વિઝામાં અત્યાર સુધી મળતી કેટલીક છુટછાટો બંધ કરી તેની સામે હજારો વિદ્યાર્થીઓએ વિરોધ શરૂ કર્યો છે અને એક સહી ઝુંબેશ ચાલુ કરી છે. જે લોકોને UK સરકારના આ નિયમો સામે વિરોધ હોય તેઓ આ સહી ઝુંબેશમાં ઓનલાઈન પણ જોડાઈ શકે છે. આગામી જાન્યુઆરી ૨૦૨૪ સુધી આવી સહીઓ એકત્ર કરવામાં આવશે અને પછી તેના આધારે યુકે સરકાર પાસે માગણીઓ મુકવામાં આવશે. UK સરકારનું કહેવું છે કે હાયર એજ્યુકેશન માટે UK આવતા ઘણા વિદ્યાર્થીઓ સ્ટુડન્ટ વિઝાની શરતોનો ભંગ કરે છે અને તેમની યોજના ભણવાના બદલે જોબ કરવાની હોય છે. વિદ્યાર્થીઓ અભ્યાસ ચાલુ હોય તે દરમિયાન જ સ્ટુડન્ટ વિઝાને વર્ક વિઝામાં કન્વર્ટ કરવા માટે અરજી કરી દેતા હોય છે. UK સરકારના આ નિર્ણય સામે લગભગ ૨૦,૦૦૦થી વધુ લોકોએ સહી કરી છે અને હજુ ૨૦ જાન્યુઆરી ૨૦૨૪ સુધી સહી ઝુંબેશ ચાલુ રહેશે. જો આ અભિયાનમાં એક લાખ લોકોની સહી મળે તો તેને ચર્ચા માટે UKની સંસદ સમક્ષ મુકવામાં આવશે. જો આમ થાય તો યુકે સરકારે પોતાની શરતો હળવી કરવી પડશે અને વિદેશી વિદ્યાર્થીઓને રાહત આપવી પડશે. આ પિટિશનમાં કેટલીક માગણીઓ મુકવામાં આવી છે. તેમાં ખાસ માગણી એ છે કે ં્રમાં જે વિદ્યાર્થીઓ પહેલેથી અભ્યાસ કરી રહ્યા છે તેમને આ નવા કાયદામાંથી બાકાત રાખવામાં આવે. તેમાં કહેવાયું છે કે આગામી જાન્યુઆરીથી જે નવા વિદ્યાર્થીઓ કોલેજ કે યુનિવર્સિટીઓમાં જોડાય તેમને જ આ કાયદો લાગુ થવો જોઈએ.

### ચંદ્રયાન-3ની સફળતાથી દેશ રોમાંચિત

## ચંદ્રયાન-૪ માટે ઈસરોને પરવાનગી મળવાની શક્યતા

। નવી દિલ્હી, તા.૨૪ ।

ચંદ્રના દક્ષિણ ધ્રૂવ પર ચંદ્રયાન-૩ની સફળ લેન્ડિંગ ભારત અને દુનિયા માટે અનેક રીતે મહત્ત્વપૂર્ણ છે. આ સફળતા જ્યાં ભારતના ચંદ્રમિશન કાર્યક્રમને આગામી તબક્કા તરફ લઈ જશે જેમાં ચંદ્ર પર પહોંચી ત્યાંના નમૂના લઈને પાછા પૃથ્વી પર આવવાનું સામેલ છે. જ્યારે અમેરિકાના આર્ટેમિસ-૩ મિશનનું માર્ગદર્શન કાર્યક્રમ પણ કરશે. ત્રીજું આ મિશન ચંદ્રના ઘણા રહસ્યો પરથી પરદો હટાવી શકે છે.

સૂત્રોના જણાવ્યાનુસાર ઈસરોના વૈજ્ઞાનિકોને જલદી જ ચંદ્રયાન-૪ માટે પરવાનગી મળી શકે છે. તેમાં ભારત ચંદ્રવિજય અભિયાનમાં વધુ એક પગલું આગળ વધારશે. તેમાં ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ બાદ રોવરને પાછું ધરતી પર લાવવાના પ્રયાસો રહેશે. એટલે કે રોવર નમૂના લઈને પૃથ્વી પર પરત આવશે.

ચંદ્રયાન-૩ની મદદથી ભારતે ચંદ્રના એ ભાગમાં સોફ્ટ લેન્ડિંગ કરી સફળતા મેળવી છે જ્યાં અત્યાર સુધી ચંદ્ર પર વિજય મેળવનારા અમેરિકા, રશિયા અને ચીનના અભિયાન પણ સફળ થયા નથી પણ જોકે આ ત્રણેય દેશોની વાત કરીએ તો તેઓ તેમના મિશનને ચંદ્ર પર મોકલી નમૂના લઈને પાછા ધરતી પર પરત આવવામાં સફળ થઈ ચૂક્યા છે.

### Chandrayaan-3, ૧૪ દિવસ સુધી વિક્રમ અને પ્રજ્ઞાન શું કરશે

## Chandryaan-3 : શું પૃથ્વી પર પરત ફરશે

। નવી દિલ્હી, તા.૨૪ ।

ઈસરો (ISRO)એ ચંદ્રની દક્ષિણ ધ્રુવની સપાટી ઉપર ચંદ્રયાન-૩ની લેન્ડિંગ કરિને ભારતે પોતાના નામનું ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો છે ભારત આવું કરવા વાળો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે, ચંદ્રયાન-૩નું મુખ્ય હેતુ મીશન સોફ્ટ લેન્ડિંગ કરવાનો હતો, તે પુરો થઈ ગયો છે. હવે આગળનું કામ ચંદ્રની સપાટી ઉપર ઉતરેલા વિક્રમ અને પ્રજ્ઞાન કરશે. આ ૧૪ દિવસ સુધી ચંદ્ર પર રહેશે, કેમ કે તેમનું જીવન કાળ ૧૪ દિવસ સુધીનો છે. તો શું વિક્રમ અને પ્રજ્ઞાન ૧૪ દિવસ પુરા થયા પછી પૃથ્વી પર પાછા ફરશે, આવા સવાલ બધાનાં મનનમાં થયા કરે છે, અને ૧૪ દિવસ સુધી ચંદ્ર પર રહીને શું કરશે. કેમ કે તેમનું જીવન કાળ ૧૪ દિવસ સુધીનો છે તો ૧૪ દિવસ બાદ શું થશે..?

ગઈ કાલે ૨૩ ઓગસ્ટની સાંજે ૬:૦૪ મિનિટ પર ચંદ્રયાન-૩ ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરવામાં આવ્યો અને સફળ રહ્યો. ISROના આધારે, લેન્ડર વિક્રમે કામ કરવાનું શરૂ કરી દીધું છે, અને વિક્રમના રેંપથી પ્રજ્ઞાન રોવર બહાર આવી ગયું છે, અને કમાંડ મળ્યા બાદ તેણે ચંદ્રની સપાટી પર હલચલ કરવાની શરૂ કરી દીધું છે.

**પ્રશ્ન છે કે ચંદ્રપર કરશે શું?**

જણાવી દઈએ કે વિક્રમ લેન્ડરના ચાર પેલોડ્સ લાગેલાં છે- રંભા, ચાસ્ટે, ઈલ્સા, અને અરે

**ચાર પેલોડ્સ**

૧. રંભા ચંદ્રની સપાટી પર પ્લાઝ્મા કણોનું ધનપણુંની ખોજ કરશે અને તેની માત્રા તેને બદલાવની શોધ કરશે

૨.ચાસ્ટાએ દક્ષિણ ધ્રુવીય વિસ્તારમાં નજીકના ચંદ્રની તાપમાનની તપાસ કરશે

૩.ઈલ્સા લેન્ડિંગ સ્થળની નજીક ધરતીકંપને માપવાનું કામ કરશે. તેજ સમય, ચંદ્રના પોપડા અને આવરણ વિશે પણ માહિતી એત્રિત કરવામાં આવશે.

૪.અરે ચંદ્રની ગતિશીલતાને સમજવાનો પ્રયત્ન કરશે.

પ્રજ્ઞાન રોવરનો APXS અને LIBS શું કરશે.?

હવે વાત કરીશું પ્રજ્ઞાનમાં લાગેલાં બે પેલોડ્સની

૧. પ્રજ્ઞાન રોવરનો પેલોડ્સ LIBS ચંદ્રની સપાટી પર કેમિકલ્સની માત્રા અને ગુણવત્તાનો અભ્યાસ કરશે.

૨. બીજો પેલોડ્સ APXS ચંદ્રનો લેન્ડિંગ વિસ્તારના આસપાસનાં, જમીનનું તત્ત્વ અને ખડકો રચનાઓનો અભ્યાસ કરશે

**શું ૧૪ દિવસ બાદ પ્રજ્ઞાન અને વિક્રમ ધરતી પર પાછા ફરશે?**

તો જવાબ ના છે. વિક્રમ અને પ્રજ્ઞાનનો જીવન કાળ,૧૪ દિવસનો છે તેમને ૧૪ દિવસના હિસાબે જ ડિઝાઇન તૈયાર કર્યો છે એવામાં તે ધરતી પર પાછા નથી ફરી શકતા. અને તે ચંદ્ર પર રહેશે. ધરતીના ૧૪ દિવસ વિત્યા પર ચંદ્રનો એક દિવસ પુરે થયા છે અને ત્યાં રાત થશે એટલે વિક્રમ અને પ્રજ્ઞાન સૂરજની રોશનીમાં જ કામ કરી શકે છે.

ચંદ્રયાન-૩ના ૧૪ દિવસના મીશન બાદ ચંદ્ર પર ફરી ૧૪ની દિવસ રાત થશે, એવામાં ત્યાં સૌથી વધુ ઠંડો વાતાવરણ હશે. ચંદ્રપર રાત હોવાથી ફરી વિક્રમ અને પ્રજ્ઞાન નિષ્ક્રિય થઈ જશે.

**ચંદ્રયાન-3નું વજન**

ચંદ્રયાન-૩નું કુલ વજન ૩૯,૦૦ કિલોગ્રામ છે. અને પ્રોપલ્શન મોડ્યુલ નું વજન ૨,૧૪૮ કિલોગ્રામ અને લેન્ડર મોડ્યુલ નું વજન ૧,૭૫૨ કિલોગ્રામ છે જેમાં ૨૬ કિલોગ્રામ રોવર નું સામેલ છે.

### સંયુક્ત ખાતામાં ખાતાધારકોની સંખ્યામાં ફેરફાર

## પોસ્ટ ઓફિસે તેના બચત ખાતામાં કર્યા ત્રણ મોટા ફેરફાર

### સંયુક્ત ખાતાના નિયમો સિવાય સરકારે ખાતામાંથી પૈસા ઉપાડવાના નિયમોમાં પણ ઘણા ફેરફાર કર્યા છે



। નવી દિલ્હી, તા.૨૪ ।

પોસ્ટ ઓફિસના દેશભરમાં કરોડો ગ્રાહકો છે જેમના માટે તે વિવિધ યોજનાઓ ચલાવે છે. બેંકોની જેમ તમે પણ પોસ્ટ ઓફિસમાં જઈને પોસ્ટ ઓફિસ સેવિંગ એકાઉન્ટ ખોલી શકો છો, જેમાં તમને સુરક્ષાની સાથે સારા રિટર્નની ગેરંટી પણ મળે છે. જો તમે પણ પોસ્ટ ઓફિસમાં બચત ખાતું ખોલાવવાનું વિચારી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે ઉપયોગી છે. તાજેતરમાં, પોસ્ટ ઓફિસમાં આ ખાતાના નિયમોમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. અહેવાલ અનુસાર, ૩ જુલાઈ, ૨૦૨૩ના રોજ ઈ-નોટિફિકેશન જારી કરીને નાણા મંત્રાલયે પોસ્ટ ઓફિસના બચત ખાતામાં ફેરફાર અંગે માહિતી આપી છે. નોંધનીય છે કે આ તમામ ફેરફારો ખાતાધારકની સુવિધા માટે કરવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં, જો તમે પણ પોસ્ટ ઓફિસમાં બચત ખાતું ખોલાવવા જઈ રહ્યા છો, તો તમારે આ નિયમો વિશે જાણવું જરૂરી છે. નોંધપાત્ર વાત એ છે કે, અગાઉ પોસ્ટ ઓફિસ તેના ગ્રાહકોને સંયુક્ત ખાતામાં માત્ર બે લોકો સાથે ખાતું ખોલવાની મંજૂરી આપતી હતી, જે હવે વધારીને ત્રણ કરી દેવામાં આવી છે. આવી સ્થિતિમાં હવે પોસ્ટ ઓફિસમાં એક સાથે ત્રણ લોકો સેવિંગ એકાઉન્ટ ખોલાવી શકશે. સંયુક્ત ખાતાના નિયમો સિવાય સરકારે ખાતામાંથી પૈસા ઉપાડવાના નિયમોમાં પણ ઘણા ફેરફાર કર્યા છે. પોસ્ટ ઓફિસ સેવિંગ એકાઉન્ટમાંથી પૈસા ઉપાડવા માટે હવે ગ્રાહકોએ ફોર્મ ૨ને બદલે ફોર્મ ૩ સબમિટ કરવું પડશે.

## તંત્રી લેખ...

# ચીનના સુસ્ત ગ્રોથની અસર વૈશ્વિક અર્થવ્યવસ્થા પર પણ પડશે

આમ તો વૈશ્વિક અર્થવ્યવસ્થા સુસ્તીના દોરમાંથી પસાર થઈ રહી છે. આઈએમએફ અનુસાર, ગ્લોબલ જીડીપી ત્રણ ટકા નજીક વીંથી બનેલો છે. જાપાન, અમેરિકા, બ્રિટન અને યુરોપીય અર્થવ્યવસ્થા છેલ્લા એક દાયકાથી ધીમા વિકાસ દરના સંક્રમણ કાળમાંથી પસાર થઈ રહ્યા છે. રશિયા, તુર્કી, અમેરિકા, બ્રિટન, યુરોપ અને જાપાન જેવા મજબૂત દેશ ઉચ્ચ મોંઘવારી દરનો સામનો કરી રહ્યા છે. જોકે આ દરમ્યાન દુનિયાની મેન્યુફેક્ચરિંગ રાજધાની ગણાતા ચીનની અર્થવ્યવસ્થા ચોક્કસ સાડા છ ટકાના દરે આગળ વધી રહી હતી, પરંતુ કોવિડ મહામારી બાદથી તે પણ સતત ગ્રોથ સંકટ સામે ઝઝૂમી રહી છે. ચાલુ વર્ષના પ્રથમ છમાસિકમાં ચીનનો વિકાસ દર ૫.૫ રહ્યો છે, વર્ષ ૨૦૨૩માં ૫.૨ ટકા રહેવાનું અનુમાન છે અને ૨૦૨૪માં ૪.૫ ટકા રહેવાનું અનુમાન લગાવવામાં આવ્યં છે. આ આંકડા દર્શાવે છે કે ચીનની આર્થિક ચાલ મંથર થઈ ગઈ છે. ચીનના સુસ્ત ગ્રોથની અસર વૈશ્વિક અર્થવ્યવસ્થા પર પણ પડશે. આજે સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા જોડાયેલી છે. વૈશ્વિક સ્થિતિથી વિપરીત ભારતીય અર્થવ્યવસ્થા ઝડપથી આગળ વધી રહી છે, આંતરરાષ્ટ્રીય મુદ્રાકોષ, વિશ્વ બેંકે ભારતનો જીડીપી ઊંચો રહેવાનું અનુમાન વ્યક્ત કર્યું છે. વૈશ્વિક રેટિંગ એજન્સીઓએ પણ ભારતના વિકાસ દરની સ્થિતિને લઈને સકારાત્મક રેટિંગ આપ્યં છે. અમેરિકી અખબાર વોલસ્ટ્રીટ જર્નલ અનુસાર, દુનિયાની બીજી સૌથી મોટી ચીનની અર્થવ્યવસ્થા હવે ભારે સંકટમાં છે અને તેનું ૪૦ વર્ષનું સફળ વૃદ્ધિ મોડેલ કથળી ગયું છે. અર્થશાસ્ત્રીઓ માને છે કે ચીન બહુ ધીમી વૃદ્ધિના યુગમાં પ્રવેશ કરી રહ્યું છે. પ્રતિકૂળ જનસાંખ્યિકી અને અમેરિકા તથા તેના સહયોગીઓ સાથે વધતા અંતરથી સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે, જે વિદેશી રોકાણ અને વેપારને ખતરામાં મૂકી રહી છે. આ માત્ર આર્થિક કમજોરીનો દોર નથી, બલ્કે તેની અસર લાંબા સમય સુધી દેખાઈ શકે છે. બેંક ફોર ઈન્ટરનેશનલ સેટલમેન્ટ્સના આંકડાના હવાલાથી કહેવામાં આવ્યું છે કે સરકાર અને રાજ્યની માલિકીવાળી કંપનીઓના વિભિન્ન સ્તરોના દેવા સહિત કુલ દેવું ૨૦૨૨ સુધી ચીનના સકલ ઘરેલુ ઉત્પાદનના લગભગ ૩૦૦ ટકા થઈ ગયું હતું, જે અમેરિકી સ્તરને પાર કરી ગયું. તે ૨૦૧૨માં ૨૦૦ ટકાથી પણ ઓછું હતું. બીજી તરફ ચીનના રાષ્ટ્રીય સાંખ્યિકી બ્યૂરો (એનબીએસ)એ જૂનમાં કહ્યું હતું કે ચીનનો જીડીપી ૨૦૨૩ના પહેલા છમાસિકમાં વાર્ષિક આધાર પર ૫.૫ ટકા વધ્યો. જોકે ચીનનો વિકાસ દર ઓછો રહેવા છતાં ચીની અર્થવ્યવસ્થા તોતિંગ છે, મજબૂત છે, છતાં તેનાથી ભારત સહિત વિશ્વની બીજી અર્થવ્યવસ્થાઓ પણ પ્રભાવિત થશે. અર્થવ્યવસ્થાનું પોતાનું ચરિત્ર હોય છે.

# સફળતા માટે સતત મુલ્યાંકન જરૂરી

જીવનમાં તમામ ઉંચાઈ હાંસલ કરી લીધી હોવા છતાં કેટલાક લોકોને હમેંશા લાગે છે કે તે ખુબ બનાવટી છે. તમામ સફળતા મેળવી લીધા બહાદ પણ સફળ લોકો પણ આ માનસિક ભાવનાથી ગ્રસ્ત રહે છે. આવા લોકો માને છે કે તેમની સાથે રહેલા લોકો ટુંક સમયમાં જ તેમની સફળતાના રહસ્યને જણી લેશે. તેમને એક ભય આ બાબતને લઈને પણ રહે છે કે જો તેઓ વધારે મહેનત કરશે નહી તો તેઓ અન્યો કરતા પાછળ રહી જશે. તેમને અન્યો પાછળ છોડીને તેમની જગ્યા લઈ લેશે. પોતાની લાઈફમાં તમામ પડકારોને સફળ રીતે પાર પાડીને ઉંચી સફળતા મેળવી લીધી હોવા છતાં તેમને કેટલીક વખત આવુ લાગે છે કે આજે તેમને જે સફળતા મળી છે તે ભવિષ્યમાં ફરીવાર મળી શકશે નહી. આવી ભાવના કોઈ મોટી કંપનીના માલિકથી લઈને નાના કારોબારીને પણ થાય છે. સામાન્ય મજુરી કરનાર વ્યક્તિને પણ આવુ લાગે છે. જો તમારા મનમા ંપણ આવી જ કોઈ ભાવના રહેલી છે તે તો ભાવના અયોગ્ય છે. આવી ભાવનાને કાઢી નાંખવા માટે કેટલીક બાબતો પર ધ્યાન આપવાની જરૂર છે. કેટલાક લોકો તો ખુબ કુશળ પણ હોય છે પરંતુ તેઓ પોતાની કુશળતાને લઈને શંકા કરતા રહે છે. જો તમે લાઈફમાં ઉંચી ઉંચી સફળતા હાંસલ કરવા ઈચ્છો છો તો પોતાના પર ક્યારેય શંકા કરવી જોઈએ નહી. શંકા ખતરનાક છે અને તે શંકા આપના માર્ગને રોકી શકે છે. પોતાને અન્યો કરતા ઓછા આંકવાના બદલે બીજા પર નજર કરવી જોઈએ. તેમના ગુણની સાથે સાથે તેમના દૌષને પણ ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. જો આવુ કરશો તો પોતાના પર પરફેક્ટ બનવા માટેના બોજ લાગી કરશો નહી. જો આવુ કરશો તો પોતાના પર પ્રેમ અને સાહનુભુતિ પણ રાખી શકશો. પોતાની લાયકાતને ઓળખી કાઢવા માટેના પ્રયાસ સતત કરવા જોઈએ. પોતાની પોઝિટીવ સ્કિલ્સ, સફળતા અને અનુભવની યાદી બનાવી દીધા બાદ પોતાની સફળતાની સ્થિતીને સમજવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. પોતાની સફળતાનુ મુલ્યાંકન કરવામાં આવશે તો સીધો ફાયદો થશે. આપે જે પણ સફળતા હાંસલ કરી છે તે પોતાની તાકાત પર હાંસલ કરી છે તેવી ભાવના જો જાગશે તો વધુ સફળતા હાંસલ થઈ શકશે. કેટલીક વાર એવુ પણ બને છે કે પોતાને પ્રશંસાથી દુર રાખવા માટે પોતાના કામ માટે મળેલી પ્રશંસા પર પણ કોઈ પ્રતિક્રિયા આપતા નથી. હવે જ્યારે પણ કોઈ સમય કામ બદલ પ્રશંસા મળે ત્યારે તમામ બાબતોને ભુલીને તે પ્રશંસાને સ્વિકાર કરવામાં આવે તે જરૂરી છે. પોતાના વ્યક્તિત્વની સારી બાબતોના સંબંધમાં કોઈ વિશ્વસનીય મિત્રો સાથે પણ વાત કરી શકાય છે. શુ કોઈ અન્ય વ્યક્તિ કરતા વધારે કામ કરીને આપ પોતાને વધારે યોગ્ય અનુભવ કરી શકો છો જો દિલ આવુ માને છે તો વધારે મહેનત કરવાની ટેવ પાડવી જોઈએ. જ્યારે સતત મહેનત કર્યા બાદ સફળતા હાંસલ થવા લાગે છે ત્યારે યોગ્યતા અને કુશળતા પર આત્મવિશ્વાસ સતત વધે છે. પોતાની યોગ્યતાને લઈને શંકામાં રહેલા લોકો સામાન્ય રીતે ભયના કારણે હસી મજાક કરતા નથી. તેમને કામ વગરની વ્યક્તિ કોઈ ન માની લે તેમ અનુભવ કરે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે અસલી ક્ષમતાને જીવિત રાખવા માટે પોતાના અંદર રહેલી ભાવનાને બહાર આવવાની તક આપવી જોઈએ. હાસ્ય મનોરંજન પણ લાઈફમાં જરૂરી છે. આના કારણે સીધી રીતે અસર થાય છે. હકારાત્મક ભાવના વિકસિત થાય છે. પોતાની લાયકાત પર શંકા કરનાર લોકોએ આને દુર કરવા માટે પોતાના મુલ્યાંકન પર ધ્યાન આપવુ જોઈએ. મુલ્યાંકન વેળા એવી ચીજોની કાગળ પર યાદી બનાવવી જોઈએ જે લોકોને આકર્ષિત કરે છે. તેમાં પોતાની તમામ કુશળતા અંગે વાત લખવી જોઈએ. આનાથી પોતાની અંદર બિનજરૂરી ખામી કાઢવાની ટેવ દુર થશે. સાથે સાથે આત્મવિશ્વાસમાં વધારો થશે. આ આત્મવિશ્વાસ વધુ સફળતા માટેના માર્ગ કોઈ પણ વ્યક્તિ માટે ખોલી દે છે.

# ભગવાન કૃષ્ણ દ્વારા અહીં પુત્રપ્રાપ્તિ માટે પ્રથમ પૂજા કરવામાં આવી હતી, એ બતાવે છે સ્વયં કૃષ્ણ એટલે કે વિષ્ણુ અવતાર પણ શિવની આરાધના કરે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



આમ તો ભગવાન સાથે ભક્તિથી જીવ જેટલો જોડાયેલો રહે એટલું એનું જીવન વધારે સુંદર અને સરળ રહે. પરંતુ આપણે રહ્યા ભોગી અને સંસારી જીવ એટલે કાયમ તો એવું થતું નથી પણ ઋતુ અનુસાર શ્રાવણમાં વાતાવરણમાં ભેજ રહેતો હોય, બહાર પણ કાદવ કીચડ ને કારણે જતું પ્રેરિત વાયરસનો ખતરો હોયને થોડું શિસ્ત માં જીવાય એટલે એક મહિનો ભગવાન ભોળાનાથ શંભુને આરાધવાનો આપણે ત્યાં એક મહિમા છે, અને ભેજવાળા વાતાવરણમાં શારીરિક તંદુરસ્તી તેમજ માનસિક તંદુરસ્તી બની રહે, એટલે સનાતની પરંપરામાં આખો મહિનો વ્રત ઉપવાસ એકટાણા કરીને પાળવામાં આવે છે. પણ શ્રાવણે ભગવાન શંકરની આરાધનાનું વધારે મહત્વ દર્શાવવામાં આવ્યું છે, એ વાત ને નકારી શકાય નહીં. શિવાલયમાં વિવિધ પ્રકારના રુદ્રી મહારુદ્રીના પૂજન-અર્ચન પણ થતા હોય છે. પરંતુ ભગવાન ભોળો નાથ ભાવનો ભૂખ્યો છે, અને જીવ અને શિવનો એક અનન્ય નાતો આ રીતે એટલે જ સદા જોડાયેલો રહે છે. ભગવાન શંકર સાથે ઘણી વસ્તુ જોડાયેલી છે એક તો શંકરની મૂર્તિ કરતાં તેનું લિંગ વધારે પૂજાય છે, અને આખા ભારતમાં સૌથી વધુ શિવાલય ગુજરાતમાં આવેલા છે. જુદા જુદા નામ અને જુદા જુદા સ્થાનનો પણ અનેરો મહિમા છે. ભગવાન શંકર સાથે ડમરું ત્રિશુલ સર્પ, મૃગચર્મ મુંડ માળ,અને બિલિપત્ર આ બધા જોડાયેલા છે,અને તેનાં વગર ભગવાન શંકર અધૂરા છે. ભગવાન શંકર સંસારી હોવાથી તેને પરિવાર પણ છે, અને તેની અર્ધાંગિની એટલે મા જગતજનની જગદંબા આદ્યશક્તિ પાર્વતી, પુત્ર ગણેશ, કાર્તિકેય, નંદી, અને શ્રીંગી ભૃગી બે મુખ્ય ગણ આ તેનો પરિવાર છે, અને કાયમ તેની સાથે રહેવા વાળો છે. નેતી નેતીનો એ જ્યાં અંત આવે, પરંતુ ભગવાન શંકરના ગુણો અનંત છે, અને તે સર્જન કરે કે સંહાર ભક્તનું તેમાં કલ્યાણ જ હોય છે. બીલીપત્ર નું વૃક્ષ સામાન્યથી અતિ ગાઢ એમ જોવા મળે છે અને મુખ્યત્વે તેના પર્ણની સંખ્યા એક સાથે ત્રણ જોડાયેલા હોય છે, એટલે કે ત્રિપર્ણ નું જૂથ ધરાવે છે, ભક્ત શિવલિંગ પર બિલીપત્ર ચઢાવી અને પોતાના ત્રણ ગુણ અને ત્રણેય કાળ મહાદેવને અર્પણ કરી નિશ્ચિત થાય છે. તો આજે આપણે બિલેશ્વર અથવા બિલનાથ મહાદેવ ની વાત કરીશું.

બિલનાથ મહાદેવનું મંદિર ગુજરાત રાજ્ય નાં પોરબંદરથી ૩૦ કિમીના અંતરે, બિલેશ્વર ગામમાં આવેલું એક હિન્દુ મંદિર છે. બિલેશ્વર નદીના કિનારે આવેલું, આ પ્રદેશનું સૌથી પ્રાચીન મંદિર છે, અને પોરબંદર નજીક જોવાલાયક અગ્રણી મંદિરોમાંનું એક છે,અને બીલનાથ મહાદેવ મંદિર તરીકે પણ તે ઓળખાય છે, બિલેશ્વર મંદિર ભગવાન શિવને સમર્પિત છે. પડોશી રાજ્યો અને ગામોના રબારીઓ આ મહાદેવમાં ખૂબ શ્રદ્ધા ધરાવે છે, અને મંદિરમાં અનેક વ્રત કરવામાં આવે છે. અહીં ઘીના અનેક દીવા પ્રજ્વલિત રહે છે. આમાંથી એક દીવો પોરબંદરના રાણાના ખર્ચે રાખવામાં આવ્યો હતો. લોકવાયકાઓ અનુસાર, એકવાર ઓરંગઝેબની સેનાએ ગામ પર કબજો કર્યો, અને શિવલિંગ તોડવાનો પ્રયાસ કર્યો, પરંતુ નંદી, ભગવાન શિવના આકાશી વાહને તેને તોડતા અટકાવ્યા.

પોરબંદરની નજીક આવેલા બિલેશ્વર ગામના બિલનાથ મહાદેવ મંદિર પ્રત્યે શિવભક્તોને અનેરી શ્રધ્ધા છે. સ્વયંભૂ બિલનાથ મહાદેવ દાદાનું આ મંદિર આશરે ૧૩૦૦ વર્ષથી પણ વધુ જુનું અને પૌરાણિક છે. પૌરાણિક કથા અનુસાર આ મંદિરની પ્રથમ પૂજા ભગવાન શ્રી કૃષ્ણએ પોતાના ઘરે પુત્ર પ્રાપ્તીના હેતુથી કરેલ હતી. પુત્ર પ્રાપ્તી માટે ભગવાન શ્રી કૃષ્ણએ આ શિવલીંગ પર સવા લાખ કમળ ચડાવી પુજા કરી હતી.

આ સમયે પૂજામાં શુધ્ધ જળ ચડાવવા માટે સ્વયં માતા ગંગાને આહવાન કરી પ્રગટ કર્યા હતા. માટે અહીં બિલનાથ મહાદેવના શિવલીંગ પાછળ માતા ગંગા અને પાર્વતી પણ સાથે બિરાજમાન છે. ઉપરાંતમાં પૂજનવિધી સમયે સવા લાખ કમળ ચડાવતા સમયે એક કમળ ઓછું પડયું ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ પોતાનું નેત્ર કટાર વડે કાઢવા જતા સમયે ભગવાન શિવ પ્રસન્ન થયાં, અને શ્રી કૃષ્ણને પુત્ર પ્રાપ્તિ સાથે બીજા પણ અનેક વરદાનો આપ્યા હતાં. આ વરદાનથી ભગવાન શ્રી કૃષ્ણના ઘરે પુત્રની પ્રાપ્તિ થઈ હતી. બિલેશ્વર ગામમાં જ બિલનાથ મહાદેવ નજીક બિલ્વગંગા નદી આવેલી છે. ત્યાં અસંખ્ય બિલીપત્રના વૃક્ષો છે, ભકતો ત્યાં જળ અર્પણ કરી ધન્યતા અનુભવે છે.

દરેક શિવ મંદિરમાં શિવની સમીપમાં જ નંદી મહારાજ બિરાજમાન હોય છે, જ્યારે અહીં નંદી શિવાલયની બહાર મંદિરના પ્રાંગણમાં ઊંચા ઓટલા પર બિરાજમાન છે, અહીં નંદી મહારાજની કથા કંઈક અલગ અને અનોખી છે. એક સમયે મહમ્મદ ગઝની પોતાના લશ્કર સાથે સોમનાથ સહિતના શિવાલયો તોડવા નીકળી પડયા હતા. શિવ મંદિરો તોડતા તોડતા અહીં બિલેશ્વર ગામમાં બિલનાથ મહાદેવના શિવાલયમાં લશ્કર પહોંચ્યું, ત્યારે ભગવાન શિવે નંદીને આદેશ આપી કહ્યું કે, આ લશ્કરને તું અહીંથી ભગાડી દે, ત્યારે નંદી બિલનાથ મહાદેવ પાસેથી દોડીને મંદિરની બહાર ઊંચા ઓટલા પર જઈ બેસી જાય છે, ત્યાં બેસી મોઢામાંથી હજારોની સંખ્યામાં ભમરાઓ બહાર કાઢે છે અને આ ભમરાના ત્રાસથી મહમ્મદ ગઝની અને તેનું લશ્કર આ સ્થાનેથી પરત ભાગી જાય છે.

પવિત્ર શ્રાવણ માસમાં ભકતો શ્રી બિલનાથ દાદાના શિવલીંગ પર ગંગાજળ તેમજ દૂધ ચડાવી દાદાને બિલીપત્ર અર્પણ કરે છે. આ સમયે દાદાને અવનવા શણગારો પણ કરવામાં આવે છે સાથે ભસ્મ તેમજ ચંદન દ્વારા તિલક કરવામાં આવે છે.

આમ પૌરાણિક કથાઓ અનુસાર, ભગવાન કૃષ્ણ દ્વારા અહીં પ્રથમ પૂજા કરવામાં આવી હતી,એ બતાવે છે સ્વયં કૃષ્ણ એટલે કે વિષ્ણુ અવતાર પણ શિવની આરાધના કરે છે, એટલે જ તેને દેવો નાં દેવ મહાદેવ કહેવામાં આવે છે, આમ અજન્મા આશુતોષની ભક્તિમાં લીન થઈ સૌ પોતાના મનોવાંછિત ફળ પ્રાપ્ત કરે છે. ગર્ભગૃહની અંદરનું લિંગ 'સ્વયંભુ' તરીકે ઓળખાય છે. આર્કિટેક્ચરની ગુજરાતી શૈલીનું પ્રતિનિધિત્વ કરે છે, આ બહુમાળી મંદિર સ્પાયરને બદલે પિરામિડ આકારમાં બનાવવામાં આવ્યું છે. શિવલિંગ સિવાય, મંદિરમાં દેવી પાર્વતી, દેવી ગંગા અને નંદીની મૂર્તિઓ પણ છે. આ મંદિર ગુજરાત પ્રાચીન સ્મારકો અને પુરાતત્વીય સ્થળો અને અવશેષ અધિનિયમ ૧૯૬૫ હેઠળ સુરક્ષિત સ્થળ છે.

શિવરાત્રીની રાત્રે અને શ્રાવણ મહિનાની અમાવસ્યાના દિવસે યોજાતા મેળા દરમિયાન આ સ્થળ પર ભક્તોનો ભારે ધસારો થાય છે.આ મંદિર પોરબંદરથી નજીક આવેલું હોવાથી પોરબંદર સુધી ટ્રેન અથવા બસના માર્ગે પહોંચી અને ત્યાંથી અન્ય વાહન મારફતે બિલનાથ મહાદેવના મંદિરે પહોંચી શકાય છે. ઐતિહાસીક મહત્વ ધરાવતા અને અતિ પ્રાચીન એવા બિલનાથ મહાદેવના દર્શને લાખો શ્રદ્ધાળુ ભક્તો જાય છે, અને બિલ્વ પત્ર ચડાવી પોતાની તમામ આધિ વ્યાધિ ઉપાધિથી મુક્ત થવાની ચેષ્ટા કરે છે અને પૂર્ણ સમર્પણ ભાવ હોય તો આ તમામ સમસ્યાથી મુક્ત થઈ પણ શકે છે. તો આ શ્રાવણ એ બીજું કંઈ નહીં તો શરણાગતિનો ભાવ વધે, એવી શિવ શંકર ના ચરણોમાં પ્રાર્થના કરીએ, અને તેનો સીધોસાદો મંત્ર બોલી, તેનું સ્મરણ કરીએ. તો બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર ભોલે, હર હર ભોલે, હર હર ભોલે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા-૦૯ સદા શિવ ભોળાનાથના અર્ધનારીશ્વરના રૂપનો મહિમા જોઈએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



ચાંદ પર વિક્રમ લેન્ડરે દક્ષિણ ધ્રુવ સફળતા પૂર્વક ઉતરાણ કરી ભારતનો વિશ્વમાં ડંકો વગાડી દીધો. ત્યારે ભગવાન સદા શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવનો મહિમા- પવિત્ર શ્રાવણ માસ ચાલી રહયો છે ત્યારે જાણવા થોડો પ્રયત્ન ઉપાસના આરાધના અભિષેક રૂપ કરી રહ્યા છીએ.. ગઈકાલે શિવમહિમા ૦૮માં સદા શિવ ભોળાનાથના નંદિશ્વર અવતાર નો મહિમા જોયો. એક ફોટામાં ભગવાન શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવનો અર્ધનારીશ્વરનો શણગાર જોવામાં આવ્યો ત્યારે કલમને થોડી તાલા વેલી થઈ કે આ અર્ધનારીશ્વર સ્વરૂપનું રહસ્ય શું છે તો આજે શ્રાવણ માસમાં શિવ મહિમા-૦૯ સદાશિવ ભોળાનાથના અર્ધનારી શ્વરના રૂપનો મહિમા''ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક ના માધ્યમ થી જાણવા પ્રયત્ન કરીએ.

હિન્દુ પુરાણ કથામાં ભગવાન એક એવી માનવ કલ્પનાનું પ્રતીક છે કે જયાં સ્વતંત્ર શિવ અથવા તો ભાગ દેવીમાં ફેરવાય છે, પરંતુ દેવીનો શ્રાવણ અડધો ભાગ ક્યારેય દેવમાં બદલાતો શિવ વિશ્વસનીય ભગવાન વિષ્ણુ તરીકે જેની પૂજા થઈ શકે, બીજી બાજુ દેવી પ્રકૃતિ નું પ્રતીક છે.માનવ કલ્પનાને પ્રકૃતિ ની જરૂર હોય છે,પરંતુ તેનું વિપરીત સાચું નથી. તેથી ભગવાન અથવા ઈશ્વર નો અડધો નથી. અર્ધનારીશ્વરની પ્રતિમાઓ કરતા એની વાર્તાઓ ઘણી ઓછી હોવાનું જણાય છે. લિંગ પુરાણ અનુસાર, સૃષ્ટિની શરૂઆતમાં કમળ ખીલ્યું હતું. તેમાં બ્રહ્મા બેઠા હતા. જાગૃત થયા ત્યારે તેમને એકલતાનો અનુભવ થયો. તેઓ ભયભીત થઈ ગયા અને તેઓને સાથ આપવા માટે તે કોઈ અન્ય જીવનું નિર્માણ કેવી રીતે કરી શકે તે પ્રશ્નમાં સપડાયા. અચાનક જ તેમને આંખો સામે શિવનો અનુભવ થયો, શિવનો જમણો ભાગ પુરુષ અને ડાબો ભાગ સ્ત્રીનો હતો. તેનાથી પ્રેરાઈને બ્રહ્માએ પોતાને પણ બે ભાગમાં વિભાજિત કરી લીધા, બધા પુરુષ જીવો જમણી બાજુથી અને સ્ત્રી જીવો ડાબી બાજુથી આવ્યા.નાથ જોગીઓની મૌખિક પરંપરામાં કહે છે કે જયારે તેઓ શિવને મળવા કૈલાસ પર્વત પર ગયા, ત્યારે એ જોઈને આશ્ચર્ય થયું કે શિવ પાર્વતી સાથેના આલિંગનમાં એટલા મગ્ન છે કે તેમણે જોગીઓ તરફ ધ્યાન જ ન આપ્યું.તે પછી તેઓ સમજી ગયા કે શિવ અને પાર્વતીનાં આલિંગનને રોકવું એ શરીરના જમણા ભાગને ડાબા ભાગથી અલગ કરવા જેવું થશે. તેથી તેમણે શિવને નમન કરી તેમની અર્ધનારીશ્વરના રૂપે કલ્પના કરી.દક્ષિણ ભારતનાં મંદિરોમાં શિવ સામે સ્નેહથી જોઈ રહેલો શૃંગી નામનો વ્યક્તિ દેખાય છે. મૃગી શિવના અન્ય ઉપાસકોથી અલગ છે-નિર્બળ છે.હકીકતે ફક્ત તેના હાડકાં જ દેખાય છેઅને તેના બે નહી પણ ત્રણ પગ છે. એવું કહેવાય છે કે ભૃગી શિવનો ઉપાસક હતો, એક દિવસ કૈલાસ પર્વત પર આવ્યા પછી તેણે શિવ ની પ્રદક્ષિણા કરવાની ઈચ્છા વ્યક્ત કરી. પ્રદક્ષિણા કરતી વખતે પાર્વતીએ માંગ કરી હતી કે ભૃગી એ તેમની પણ પ્રદક્ષિણા કરવી જોઈએ. પરંતુ ભૃગી શિવ પ્રત્યે એટલા મોહિત થઈ ગયો હતો કે તેને પાર્વતીની પ્રદક્ષિણા કરવાની ઈચ્છા ન થઈ. આ જોઈ પાર્વતી શિવના ખોળામાં બેસી ગયા અને એ કારણે ભંગીને હવે બંનેની ફરતે ફરવાની ફરજ પડી પરંતુ તેને તો ફક્ત શિવની જ પ્રદક્ષિણા કરવી હતી, તેથી તેણે નાગનું રૂપ ધારણ કરી શિવ અને પાર્વતીની વચ્ચેથી ખસવાનો પ્રયાસ કરવા લાગ્યો. શિવને તે મનોરંજક લાગ્યો અને એમણે પાર્વતીને પોતાના શરીરનો અડધો ભાગ બનાવીને અર્ધનારી શ્વરમાં રૂપાંતરિત થઈ ગયા. પણ ભૃગીએ તેની જીદ ન છોડી. તે ક્યારેક ઉંદર તો ક્યારેક મધમાખી નું રૂપ લઈને શિવ અને પાર્વતીની વચ્ચે જવાનો પ્રયત કરતો. જેનાથી પાર્વતી એટલા બધા ખિજાઈ ગયાં કે એમણે ભૃગીને શ્રાપ આપી દીધો કે તે તેની માતા પાસેથી મળેલાં શરીરનાં તમામ અંગો અને તે જમીન પર ફસડાઈ પડ્યા. ત્યારે ભૃગી પર દયા કરીને શિવજીએ તેને ત્રીજો પગ આપ્યો, જેથી તે ટિપોઈની જેમ ઊભો રહી શકે.આ ઘટના બતાવે છે કે ભગવાન ના સ્ત્રી-ભાગને ન પૂજતા શું દુર્દશા થાય છે. અન્ય એક લોક વાયકા અનુસાર, જયારે પાર્વતીજી એ શિવજીના શિરે જોયા ત્યારે તે ખૂબ ક્રોધિત થઈ ગયા. ત્યારે એમને શાંત કરવા,શિવે બંનેનાં શરીરને એક કર્યા અને આમ તેઓ અર્ધનારીશ્વર બન્યા હિન્દુ પુરાણ કથામાં ભગવાન એક એવી માનવ કલ્પનાનું પ્રતીક છે કે જયાં સ્વતંત્ર શિવ અથવા તો વિશ્વસનીય ભગવાન વિષ્ણુ તરીકે જેની પુજા થઈ શકે, બીજી બાજુ, દેવી પ્રકૃતિ નું પ્રતીક છે.માનવ કલ્પનાને પ્રકૃતિ ની જરૂર હોય છે. પરંતુ તેનું વિપરીત સાચું નથી. તેથી ભગવાન અથવા ઈશ્વરનો અડધો ભાગ દેવીમાં ફેરવાય છે, પરંતુ દેવીનો અડધો ભાગ ક્યારેય દેવાં બદલાતા નથી, અર્ધનારીશ્વરની પ્રતિમાઓ કરતાં એની વાર્તાઓ ઘણી ઓછી હોવાનું જણાય છે. લિંગ પુરાણ અનુસાર, સૃષ્ટિની શરૂઆતમાં કમળ ખીલ્યું હતું, તેમાં બ્રહ્મા બેઠા હતા. જાગૃત થયા ત્યારે તેમને એક્લતાનો અનુભવ થયો. તેઓ ભયભીત થઈ ગયા અને તેઓને સાથ આપવા માટે તે કોઈ અન્ય જીવનું નિર્માણ કેવી રીતે કરી શકે તે પ્રશ્નમાં સપડાયા. અચાનક થયો. શિવનો જમણો ભાગ પુરુષ અને ડાબો ભાગ સ્ત્રીનો હતો. તેનાથી પ્રેરાઈને બ્રહ્માએ પોતાને પણ બે ભાગમાં વિભાજિત કરી લીધા. બધા પુરુષ જીવો જમણેથી અને સ્ત્રી જીવો ડાબી બાજુથી આવ્યા, નાથ જોગીઓની મૌખિક પરંપરા માં કહે છે કે જયારે તેઓ શિવને મળવા કૈલાસ પર્વત પર ગયા, ત્યારે એ જોઈને આશ્ચર્ય થયું કે શિવ પાર્વતી સાથેના આલિંગનમાં એટલા મગ્ન છે કે તેમણે જોગીઓ તરફ ધ્યાન જ ન આપ્યું. તે પછી તેઓ સમજી ગયા કે શિવ અને પાર્વતીનો આલિંગનને રોકવું એ શરીરના જમણા ભાગને ડાબા ભાગથી અલગ કરવા જેવું થશે. તેથી તેમણે શિવને નમન કરી તેમની અર્ધનારીશ્વરના રૂપે કલ્પના કરી. દક્ષિણ ભારતના મંદિરોમાં શિવ સામે સ્નેહથી જોઈ રહેલો ભૂંગી નામનો વ્યક્તિ દેખાય છે. ભંગી શિવના અન્ય ઉપાસકોથી અલગ છે - નિર્બળ છે. હકીક્ત, ફક્ત તેના હાડકાં જ દેખાય છે અને તેના બે નહી પણ ત્રણ પગ છે. એવું કહેવાય છે કે ભુગી શિવનો ઉપાસક હતા. એક દિવસ કૈલાસ પર્વત પર આવ્યા પછી તેણે શિવ ની પ્રદક્ષિણા કરવાની ઈચ્છા વ્યક્ત કરી. પ્રદક્ષિણા કરતી વખતે પાર્વતીએ માંગ કરી હતી કે ભૂંગી એ તેમની પણ પ્રદક્ષિણા કરવી જોઈએ. પરંતુ ભૃગી શિવ પ્રત્યે એટલા મોહિત થઈ ગયો હતો કે તેને પાર્વતીની પ્રદક્ષિણા કરવાની ઈચ્છા ન થઈ. આ જોઈ પાર્વતી શિવના ખોળામાં બેસી ગયા અને એ કારણે ભંગીને હવે બંનેની ફરતે ફરવાની ફરજ પડી. પરંતુ તેને તો ફક્ત શિવની જ પ્રદક્ષિણા કરવી હતી. તેથી તેણે નાગનું રૂપ ધારણ કરી શિવ અને પાર્વતીની વચ્ચેથી ખસવાનો પ્રયાસ કરવા લાગ્યો,શિવને તે મનોરંજક લાગ્યો અને એમણે પાર્વતીને પોતાના શરીરનો અડધો ભાગ બનાવીને અર્ધનારીશ્વરમાં રૂપાંતરિત થઈ ગયા. પણ ભૂંગીએ તેની જીદ ન છોડી. તે ક્યારેક ઉંદર તો ક્યારેક । મધમાખીનું રૂપ લઈને શિવ અને પાર્વતીની વચ્ચે જવાનો પ્રયત કરતા. જેનાથી પાર્વતી એટલા બધાં ખિજાઈ ગયા કે એમણે ભંગીને શ્રાપ આપી દીધો કે તે તેની માતા પાસેથી મળેલો શરીરનાં તમામ અંગો અને તે જમીન પર ફસડાઈ પડ્યા. ત્યારે ભૂંગી પર દયા કરીને શિવજીએ તેને ત્રીજો પગ આપ્યો, જેથી તે ટિપોઈની જેમ ઊભો રહી શકે. આ ઘટના બતાવે છે કે ભગવાનના સ્ત્રી-ભાગને ન પૂજતા શું દુર્દશા થાય છે. અન્ય એક લોકવાયકા અનુસાર, જયારે પાર્વતીજીએ ગંગાને શિવજીના શિરે જોયા, ત્યારે તે ખૂબ થઈ ગયાં. ત્યારે એમને શાંત કરવા, શિવે બંનેનાં શરીરને એક કર્યા અને આમ તેઓ અર્ધનારીશ્વર બન્યા વાચકમિત્રો શિવભક્તો આપણે શ્રાવણ માસ માં શિવ મહિમાનું રસપાન કરતાં કરતાં નવમા દિવસ સુધી પહોંચ્યા છીએ. સૌને તપ વ્રત ઉપાસના આરાધના અભિષેકનું ઉત્તમ ફળ પ્રાપ્ત થાય. દેશભરમાં ચંદ્રયાન-૩ ના વિક્રમ લેન્ડરની સફળતા આપણા વૈજ્ઞાનિકોની ધીરજ મહેનતે રંગ રાખ્યો છે ને સદા શિવ ભોળાનાથ શંભુની કૃપા દૃષ્ટિ હોઈ શકે.. સદા શિવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# કોની સાથે વાદ-વિવાદ, શું સિદ્ધ કરવું છે?




માનવજાતને કુદરતની મફત ભેટમાંની એક ભેટ તે ફળ, તેના રસ ઝરતા ફળોની પોષક પૂરવણીઓ દ્વારા વ્યક્તિના સ્વાસ્થ્યને સુધારવામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ફળો આપણને અસંખ્ય રોગોથી બચાવે તેમ જ શરીરને યોગ્ય રીત કાર્ય કરવા તેમ જ દૈનિક પ્રવૃત્તિ કરવા માટે પૂરતી ઊર્જા પણ પ્રદાન કરે છે. ફળો તેમની ફ્રૂકટોઝની સામગ્રીને કારણે સામાન્ય ખાંડ કે મીઠાઈ કરતાં વધુ ઊર્જા ઉત્પન્ન કરવામાં સક્ષમ છે. ફળો માત્ર સ્વાદમાં જ નહીં પણ સ્વાદિષ્ટ અને પ્રેરણાદાયક તેમ જ વિટામિન્સ, મિનરલ્સ અને પ્રોટીનના મુખ્ય સ્રોતો છે. આ ઘટકો રોગાણુઓ સામે પ્રતિકારના વિકાસ દ્વારા સ્વસ્થ સ્થિતિ તેમ જ ઊર્જા જાળવવામાં મદદ કરે છે. જગતમાં કુદરતે પેદા કરેલા ફળોમાં એક સુંદર દમદાર અને ઉમદા ફળ એ 'દાડમ' છે. દાડમની અંદરના નાના-નાના દાણા મણિ સમાન લાલ કે ગુલાબી કાન્તિવાળા ને સુંદર દેખાય છે. દાડમ મીઠાં, ખટમીઠાં, અને સંપૂર્ણ ખાટા એમ ત્રણ જાતના થાય છે. હિન્દીમાં તેને અનાર કહે છે. અંગ્રેજીમાં પ્રોમોગ્રેનટ કહે છે. દાડમના ફૂલને ગુલનાર અને છોડને દાડમડી કહે છે. ભારતમાં લગભગ સર્વત્ર થાય છે. મહારાષ્ટ્ર રાજ્યમાં સૌથી વધુ થાય છે. ઈરાન, તુર્કસ્તાન, અફઘાનિસ્તાન, બલુચિસ્તાન, અરબસ્તાન, અઝરબેઝાન, અરમેનિયા, મસ્તકમાં દાડમનો મબલખ પાક થાય છે. મસ્કતમાં જે દાડમ પાક થાય છે, તે ઘેરા રંગનાનનાને ખૂબ જ સ્વાદિષ્ટ મસ્તકલી દાડમ થાય છે. અફઘાનિસ્તાન કંદહારમાં થતાં દાડમ કંદહારી પણ ખૂબ સ્વાદિષ્ટ છે. ભારતમાં મસ્કતી અને કંદહારી દાડમની આયાત કરવામાં આવે છે. મિસ્રવાસી પ્રાચીનકાળથી દાડમને સમુદ્ધિ અને મહત્ત્વાકાંક્ષાનું પ્રતીક માને છે. ટેપવર્મ અને અન્ય સંક્રમણોની સારવાર માટે દાડમ ઉપયોગ કરે છે. અઝરબેઝાન અને કુર્દિસ્તાન જેવા આરબ દેશોમાં દાડમ એ મહત્ત્વપૂર્ણ અને રમતગમતના પ્રતીક રૂપે માને છે. આ દેશોમાં દાડમનો ઉત્સવ મનાવવામાં આવે છે. તેમ જ લગભગ બધી જ વાનગીઓમાં દાડમનો ઉપયોગ કરે છે. ખાસ કરીને દાડમનો મોલાસીસ (દ્રવગોળ) ઘરે ઘરે બનાવે છે. દાડમનો મોલાસીસ બજારોમાં પણ ખૂબ મળે છે.

# દમદાર દાડમ મોલાસીસ 'દ્રવગોળ' જાતે બનાવો



માનવજાતને કુદરતની મફત ભેટમાંની એક ભેટ તે ફળ, તેના રસ ઝરતા ફળોની પોષક પૂરવણીઓ દ્વારા વ્યક્તિના સ્વાસ્થ્યને સુધારવામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ફળો આપણને અસંખ્ય રોગોથી બચાવે તેમ જ શરીરને યોગ્ય રીત કાર્ય કરવા તેમ જ દૈનિક પ્રવૃત્તિ કરવા માટે પૂરતી ઊર્જા પણ પ્રદાન કરે છે. ફળો તેમની ફ્રૂકટોઝની સામગ્રીને કારણે સામાન્ય ખાંડ કે મીઠાઈ કરતાં વધુ ઊર્જા ઉત્પન્ન કરવામાં સક્ષમ છે. ફળો માત્ર સ્વાદમાં જ નહીં પણ સ્વાદિષ્ટ અને પ્રેરણાદાયક તેમ જ વિટામિન્સ, મિનરલ્સ અને પ્રોટીનના મુખ્ય સ્રોતો છે. આ ઘટકો રોગાણુઓ સામે પ્રતિકારના વિકાસ દ્વારા સ્વસ્થ સ્થિતિ તેમ જ ઊર્જા જાળવવામાં મદદ કરે છે. જગતમાં કુદરતે પેદા કરેલા ફળોમાં એક સુંદર દમદાર અને ઉમદા ફળ એ 'દાડમ' છે. દાડમની અંદરના નાના-નાના દાણા મણિ સમાન લાલ કે ગુલાબી કાન્તિવાળા ને સુંદર દેખાય છે. દાડમ મીઠાં, ખટમીઠાં, અને સંપૂર્ણ ખાટા એમ ત્રણ જાતના થાય છે. હિન્દીમાં તેને અનાર કહે છે. અંગ્રેજીમાં પ્રોમોગ્રેનટ કહે છે. દાડમના ફૂલને ગુલનાર અને છોડને દાડમડી કહે છે. ભારતમાં લગભગ સર્વત્ર થાય છે. મહારાષ્ટ્ર રાજ્યમાં સૌથી વધુ થાય છે. ઈરાન, તુર્કસ્તાન, અફઘાનિસ્તાન, બલુચિસ્તાન, અરબસ્તાન, અઝરબેઝાન, અરમેનિયા, મસ્તકમાં દાડમનો મબલખ પાક થાય છે. મસ્કતમાં જે દાડમ પાક થાય છે, તે ઘેરા રંગનાનનાને ખૂબ જ સ્વાદિષ્ટ મસ્તકલી દાડમ થાય છે. અફઘાનિસ્તાન કંદહારમાં થતાં દાડમ કંદહારી પણ ખૂબ સ્વાદિષ્ટ છે. ભારતમાં મસ્કતી અને કંદહારી દાડમની આયાત કરવામાં આવે છે. મિસ્રવાસી પ્રાચીનકાળથી દાડમને સમુદ્ધિ અને મહત્ત્વાકાંક્ષાનું પ્રતીક માને છે.

# માણસ કોઈને કોઈ વસ્તુથી બંધાયેલો છે

લોભ અને મોહ એ માણસના બે મોટા શત્રુઓ છે. આ બંને છુપા રુસ્તમ જેવું કામ કરે છે. રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, તારું મારું આ બધું તેમાંથી ઊભું થાય છે. મોહ કેટલીક વખત બહાર ડોકિયું કરે છે. પરંતુ લોભ બિલકુલ દેખાતો નથી. મોહ માણસની આંખોમાં દેખાય, ક્રોધ ચહેરા પર નજરે પડે પણ લોભ ઉપર છેલ્લી રીતે દેખાતો નથી. લોભી માણસ પણ પોતાનો લોભ છુપાવી શકે છે. લોભના કારણે ભેગું કરવાની અને પરિગ્રહની ભાવના વધે છે. કોઈ વસ્તુ છૂટતી નથી.અને મોહથી માણસ કોઈને કોઈ વસ્તુ સાથે બંધાતો રહે છે. આપણે આપણામાં નથી જીવતા પણ કોઈ બીજી વસ્તુઓમાં જીવી રહ્યા છીએ. કોઈનો મોહ ધનમાં તો કોઈનો પદ પ્રતિષ્ઠામાં હોય છે. જેના તરફ મોહ હોય તે આપણા જીવનનું કેન્દ્ર બની જાય છે. તેના વગર આપણે જીવી શકતા નથી.

જેનો મોહ ધનમાં હોય તેને બીજી કોઈ રીતે મહાત કરી શકાય નહીં. પરંતુ તેનું ધન ચાલ્યું જાય કે લૂંટાઈ જાય કે જાય તો તે મરી ગયો સમજો. જેમનો મોહ પદ પ્રતિષ્ઠામાં હશે તેમને આ છીનવાઈ જાય તો જીવવા જેવું નહીં લાગે. કોઈ સ્ત્રી પાછળ મોહીત હોય અને એ સ્ત્રી તેને દગો આપે તો તેનું જીવન આકારુ થઈ પડશે. કોઈ પુત્રના, તો કોઈ પત્નીના મોહમાં અંધ બની જાય છે. આપણે જેની સાથે બંધાયેલા હોઈએ તે આપણા જીવનનું લક્ષ્ય અને કેન્દ્ર બની જાય છે. અને આપણે તેની ચાલે ચાલવું પડશે. તેના દુ:ખનો પરિતાપ પણ આપણે સહન કરવો પડશે. જ્યાં આપણો જીવ લગાવી દીધો છે તેના આપણે ગુલામ બની જઈશું.



મોહ અને આસક્તિ એવી ચીજ છે જેમાં આપણે નાની, નકામી વસ્તુઓ સાથે બંધાઈ જઈએ છીએ. અને તેને છોડવાનું મુશ્કેલ બને છે. લોભી ધનથી બંધાયો રહે છે. તે રૂપિયા ગણ્યા કરે છે. અને વારંવાર તેનું રટણ કર્યા કરે છે. દાન આપીને તમે તેને યાદ કર્યા કરો તો એ સાચું દાન નથી. દાનમાં તો આપીને ભૂલી જવાનું હોય છે. ત્યાગમાં મનથી મુક્ત થવાનું છે.

સંત કબીરના શિષ્યોમાં શ્રીમંતો સાથે નિર્ધન અને મધ્યમ વર્ગના લોકો પણ હતા. કબીર એક વખત ત્યાગનો મહિમા સમજાવતા હતા. ત્યારે એક શિષ્યે કહ્યુ કે અમારી પાસે કશું જ નથી તો પછી અમે શેનો ત્યાગ કરીએ ? કબીરે પૂછ્યું તમારી પાસે શું નથી. એક જણે કહ્યું મારી પાસે સારું ઘર નથી. બીજાએ કહ્યું મારી પાસે મોટું ખેતર નથી. ત્રીજાએ કહ્યું મારી પાસે ઢોર ઢાખર નથી. એક સ્ત્રીએ કહ્યું મારી પાસે સારાં કપડાં અને સોનાના ઘરેણા નથી. કબીરે કહ્યું ; ભલે તમારી પાસે કાંઈ નથી છતાં તમે ત્યાગ કરી શકો છો. લોકો આશ્ચર્યથી જોઈ રહ્યા. એકે કહ્યું તો અમે શું કરીએ ? કબીરે કહ્યું તમારી પાસે જે નથી તે ભાવનાનો ત્યાગ કરો. અને સમજો કે તમારી પાસે ઘણું છે. ગરીબમાં ગરીબ માણસ પણ પોતાની પાસે જે કાંઈ હોય તેમાંથી થોડું બીજાને આપી શકે છે. વસ્તુ ભલે આપણી પાસે ન હોય પણ મનથી પણ તેમાંથી છૂટી જઈએ. તેની ઈચ્છા અને એષણા ન રાખીએ તો પણ એ ત્યાગ છે. ત્યાગની આ વાતને ઓશોએ કબીર અંગેની એક કથામાં યથાર્થ રીતે સમજાવી છે. આપણે ટૂંકમાં તેનો સાર સમજીએ. કબીર કહેતા કે સોનુ માટી છે. કંચન કામિનીથી બચો. તેના દીકરા કમાલને આ વાત ગળે ઉતરતી નહીં. જો સોનું માટી હોય તો તેનાથી બચવું શા માટે ?

કોઈ સોનું ચાંદી કે કોઈ કિંમતી વસ્તુ ભેટ આપવા આવે તો કબીર તેને નકારી કાઢતાં અને કહેતાં આ માટીને મારી પાસે થી લઈ જાવ. બાજુની ઝૂંપડીમાં રહેતો કમાલ ભેટ આપવા આવતાં લોકોને પોતાની ઝૂંપડીમાં બોલાવીને કહેતો આ માટી છે તો અહીં મૂકતાં જાવ. ક્યાં સુધી મોહ રાખશો, છોડો ત્યાગ કરો. ગરીબ ગુરબાઓને કામ લાગશે. આથી કબીરને ખૂબ દુ:ખ થતું મેં આ માણસને કાઢ્યો અને કમાલે તેની પાસેથી ભેટ લઈ લીધી. લોકો શું વિચારશે ? તેમને થશે કે બાપ દીકરાની આ યુક્તિ લાગે છે. તેથી કબીરે કમાલ સાથેના તમામ સંબંધો કાપી નાખ્યા. કાશી નરેશના કાને આ વાત ગઈ. તેને થયું ચાલો જોઈએ કે વાત શું છે. તે સાચો સંત છે કે ધુતારો છે. તેને કમાલની પરીક્ષા કરવાનું મન થયું. તેને ભેટ આપવા માટે એક કિંમતી હીરો લાવ્યા. કમાલે તેમને કહ્યું તમે ખરેખર ત્યાગ કરવા માંગો છો ? નરેશે કહ્યું બિલકુલ હું આપને માટે લાવ્યો છું.

# મગજને સંકોચી નાંખે છે ધુમ્રપાન, બીડી સિગરેટ ફુંકાનારા જાણી લો આ પરિણામો

ધૂમ્રપાન કરવાથી મગજમાં ગંભીર ફેરફાર આવી શકે છે. વધુ પડતું ધૂમ્રપાન યાદ ન રહવું, પ્લાનિંગ કરવામાં સમસ્યાઓ થવી, ચિંતા કરવાની વૃત્તિ અને માનસિક સમસ્યાઓનું જોખમ વધારી શકે છે. અલ્ઝાઈમર્સ તેમજ ડિમેન્શિયા જેવા ન્યુરોડીજનરેટિવ રોગો થઈ શકે છે.

ધૂમ્રપાન શરીરને અતિ ગંભીર અસર કરે છે. વિશ્વમાં દર વર્ષે ધુમ્રપાનના કારણે કરોડો લોકો જીવ ગુમાવે છે. બીડી - સિગારેટમાં ઘણી જાતના હાનિકારક કેમિકલ હોય છે. આ કેમિકલ કાર્સિનોજેનિક એટલે કે કેન્સરને આમંત્રણ આપે છે. ધૂમ્રપાનથી ફેફસાં, રક્તવાહિની તંત્ર સહિતના



ઘણા અવયવને નુકશાન થતું હોવાની વાત તો સૌ જાણે છે. જોકે, ધુમ્રપાનથી મગજને થતા ગંભીર નુકશાન અંગે હજુ જાગૃતિ નથી. ધૂમ્રપાનથી મગજ સંકોચાઈ શકે, તેની ક્ષમતા ઓછી થઈ શકે અને સમય કરતાં વહેલું ઘરડું થઈ શકે સહિતના ગંભીર પરિણામો વિશે મોટાભાગના લોકો અજાણ છે. આપણા મગજના ત્રણ મુખ્ય ભાગમાં સેરેબ્રમ અથવા સેરેબ્રલ કોર્ટેક્સ, સેરેબેલમ અને બ્રેઈનસ્ટેમનો સમાવેશ થાય છે. ધૂમ્રપાન કરતી વખતે શરીરની અંદર પ્રવેશતા હાનિકારક કેમિકલ, ખાસ કરીને નિકોટિન મગજના બધા જ ભાગોને અસર કરતા હોવાનું અભ્યાસોમાં ફલિત થયું છે.

વધુ પ્રમાણમાં ધૂમ્રપાન કરનારાઓ અને લાંબા સમયથી ધૂમ્રપાન કરનારા લોકોમાં સેરેબ્રલ કોર્ટેક્સમાં નોંધપાત્ર ફેરફારો જોવા મળ્યા છે. સેરેબ્રલ કોર્ટેક્સ મગજનો સૌથી મોટો ભાગ ગણાય છે. આ ભાગ દ્રષ્ટિ, સાંભળવા, બોલવા, સ્પર્શનો પ્રતિભાવ, લાગણીઓ, શીખવા અને તાર્કિક ચિંતન અને બારીક હલનચલનનું મેનેજમેન્ટ કરે છે. ત્યારે ધૂમ્રપાન ન કરનારાઓના મગજની સરખામણીએ ગ્રે મેટરનું પાતળું થવું, સેરેબ્રમના કદમાં ઘટાડો અને મગજના વોલ્યુમમાં જોખમી ઘટાડો થવા જેવા તારણો સામે આવ્યા છે.

ધૂમ્રપાન કરવાથી મગજમાં ગંભીર ફેરફાર આવી શકે છે. વધુ પડતું ધૂમ્રપાન યાદ ન રહવું, પ્લાનિંગ કરવામાં સમસ્યાઓ થવી, ચિંતા કરવાની વૃત્તિ અને માનસિક સમસ્યાઓનું જોખમ વધારી શકે છે.

BOLLYWOOD NEWS FLASH

## વીડિયો દ્વારા અભિનેતા સની દેઓલે ગદર ૨ને આટલો પ્રેમ આપવા બદલ દર્શકોનો આભાર માન્યો હતો



# ગદર-૨ની કમાણી ૪૦૦ કરોડ પહોંચી, ભાવુક થયા સન્ની દેઓલ

। મુંબઈ, તા.૨૪ ।

ગદર ૨ આ વર્ષે ૧૧ ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી અને હવે તેને રિલીઝ થયાને ૧૨ દિવસ થઈ ગયા છે. આ ફિલ્મે ૧૨ દિવસમાં ૪૦૦.૧૦ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે અને આ સાથે આ વર્ષની બીજી સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મ બની ગઈ છે. આવી સ્થિતિમાં હવે ગદર ૨ના અભિનેતા સની દેઓલે દર્શકોનો આભાર માન્યો છે. સની દેઓલે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે જેમાં તે ખૂબ જ ભાવુક દેખાઈ રહ્યો છે. વીડિયો દ્વારા સની દેઓલે પ્રેક્ષકોનો આભાર માન્યો અને કહ્યું તમને બધાને નમસ્તે, સૌ પ્રથમ તમારા બધાનો ખૂબ ખૂબ આભાર... તમને ગદર ૨ ગમ્યું... મેં ક્યારેય વિચાર્યું પણ ન હતું સની દેઓલ વીડિયોમાં આગળ કહે છે, 'અમે ૪૦૦ કરોડનો આંકડો પાર કરી લીધો છે. અમે આગળ વધીશું. પરંતુ આ બધું તમારા લોકોના કારણે શક્ય થયું છે. કારણ કે તમને ફિલ્મ ગમી છે, તમને તારા સિંહ અને શકીના પસંદ આવી. સકીનાને ગમ્યું, આખો પરિવાર પસંદ આવ્યો. તેથી આભાર.... આભાર.... આભાર...' ચાહકોને સની દેઓલની દર્શકોનો આભાર માનવાની રીત પસંદ આવી છે. તેના વીડિયો પર લોકો જોરદાર પ્રતિક્રિયા આપી રહ્યાં છે. સનીના વીડિયો પર પ્રતિક્રિયા આપતા એક યુઝરે લખ્યું- 'આટલી સારી ફિલ્મ આપવા બદલ તમારો આભાર સર.' અન્ય એક યુઝરે લખ્યું. સર તમારો આભાર, તમારી આંખમાં આંસુ આવી ગયા, દરેકને તમારો આ પ્રેમ યાદ રહેશે. જે કામ કોઈ હીરો ન કરી શકે, ફક્ત ૨ લોકો જ કરી શકે, તમારા પિતા ધરમ' સર અને તમને... લવ યુ સની પાજી. સની દેઓલની બ્લોકબસ્ટર ફિલ્મ 'ગદર ૨' હવે ૪૦૦ કરોડની ક્લબમાં સામેલ થઈ ગઈ છે.

# મલાઇકા અરોરાએ અર્જૂન કપૂર સાથે પણ કરી લીધું બ્રેકઅપ?

। મુંબઈ, તા.૨૪ ।

બોલિવૂડના પાવર કપલ મલાઈકા અરોરા અને અર્જૂન કપૂર લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યાં છે. બંનેએ પોતાના રિલેશનને છુપાવીને નથી રાખ્યાં પરંતુ આખી દુનિયા સામે ખુલીને પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો. વેકેશનથી લઈને સેલિબ્રેશન સુધી બંને દરેક ઈવેન્ટમાં એક સાથે જોવા મળે છે. જો કે હાલમાં જ આ કપલના બ્રેકઅપની શોકિંગ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ ચર્ચાઓ શરૂ થઈ અર્જૂન કપૂરની એક પોસ્ટ પછી, જે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ. તેવામાં હવે બ્રેકઅપની ખબરો વચ્ચે કપલના એક



નજીકના વ્યક્તિએ રિએક્શન આપ્યું છે. ખરેખર, અર્જુન કપૂરે સોશિયલ મીડિયા પર આવી એક પોસ્ટ કરી છે, જેના પછી ઘણા લોકો તેમના બ્રેકઅપની ચર્ચા શરૂ કરી રહ્યા છે. ૧૨ વર્ષનો એજ ગેપ ઘણીવાર આ કપલ માટે સોશિયલ મીડિયા પર ટ્રોલનો મુદ્દો બની જાય છે. જો કે, અર્જુન અને મલાઈકા આવી નકારાત્મકતાથી અડગ છે અને ચાર વર્ષથી એકબીજાની સાથે છે. જ્યારે ફેન્સ ઉત્સાહિત છે કે બંને ગમે ત્યારે ટૂંક સમયમાં લગ્ન કરીને બધાને સરપ્રાઈઝ કરી શકે છે, નેટીઝન્સનો એક વર્ગ માને છે કે આ કપલ અલગ થવા તરફ આગળ વધી રહ્યું છે. ખરેખર, અર્જૂન કપૂરે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર હાલમાં જ કેટલાક વેકેશન ફોટોઝ શેર કર્યા હતાં. આ ફોટોઝમાં અર્જૂન કપૂર એકલો જ વેકેશન એન્જોય કરતા જોવા મળી રહ્યો છે. તે આ સોલો ટ્રિપ પર ખૂબ જ એન્જોય કરતા જોવા મળ્યો પરંતુ અર્જૂન કપૂરની આ પોસ્ટ પર ગર્લફ્રેન્ડ મલાઈકાએ કોઈ રિએક્શન ન આપ્યું. તેવામાં મલાઈકા પણ એકલી જ એપી ધિલ્લોનની મુંબઈમાં આયોજિત એક ઈવેન્ટમાં પહોંચી હતી. તેવામાં હંમેશા સાથે જોવા મળતાં આ કપલને આ રીતે અલગ-અલગ જોઈને લોકો ચોંકી ઉઠ્યા. ઘણા લોકોએ આ તસવીરોના કારણે બ્રેકઅપની ચર્ચા શરૂ કરી દીધી. તેવામાં હવે આ અફવાઓ પર બંનેના એક કોમન ફ્રેન્ડે હકીકત જણાવી છે.

## સુભાષ ઘાઈએ જણાવ્યું કે ગદર ૨ની સફળતાને જોતા તેમણે ખલનાયક ૨ બનાવવાનો નિર્ણય લીધો છે

# ૩૦ વર્ષ પછી ફરી સ્ક્રીન પર ધમાલ મચાવશે બલ્લુ

। મુંબઈ, તા.૨૪ ।

સની દેઓલની ફિલ્મ ગદર ૨ ની સફળતા બાદ પ્રખ્યાત ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈએ એક મોટી જાહેરાત કરી છે. તેણે કહ્યું કે તે હવે બહુ જલ્દી 'ખલનાયક ૨' લઈને આવી રહ્યા છે. સુભાષ ઘાઈએ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં જાહેરાત કરી છે કે તેઓ ટૂંક સમયમાં જ સંજય દત્ત સાથે 'ખલનાયક ૨' બનાવવા જઈ રહ્યા છે. તમને જણાવી દઈએ કે આ ફિલ્મ વર્ષ ૧૯૯૩માં રિલીઝ થયેલી સંજય દત્ત, માધુરી દીક્ષિત અને જેકી શ્રોફની ફિલ્મ 'ખલનાયક'ની સિક્વલ હશે. સુભાષ ઘાઈએ જણાવ્યું કે 'ગદર ૨'ની સફળતાને જોતા તેમણે 'ખલનાયક ૨' બનાવવાનો નિર્ણય લીધો છે. કારણ કે તેમને ઘણા મેસેજ મળી રહ્યા છે કે તમે 'ખલનાયક ૨' કેમ નથી બનાવી રહ્યા. તેથી તેઓ તેના પર વિચાર કરી રહ્યા છે અને તમને ટૂંક સમયમાં સમાચાર સાંભળવા મળશે..જેમાં સંજય સાથે એક બીજો નવો સ્ટાર હશે. આ સાથે જ સંજય દત્તના ચાહકો માટે સારા સમાચાર છે કે 'ખલનાયક' ફરી એકવાર થિયેટરોમાં રિલીઝ થઈ રહી છે. ૩૦ વર્ષ બાદ આ ફિલ્મ ફરી સિનેમાઘરોમાં આવશે. આ અંગે માહિતી આપતા સુભાષ ઘાઈએ જણાવ્યું કે 'ખલનાયક' ૪ સપ્ટેમ્બરે રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ફિલ્મ મુક્તા આર્ટ સિનેમા દ્વારા ૧૦૦ થી વધુ સ્ક્રીન્સ પર ફરીથી રિલીઝ કરવામાં આવશે. ખલનાયકએ તેની રિલીઝના ૩૦ વર્ષ પૂર્ણ કર્યા છે. આ ફિલ્મમાં સંજય દત્ત વિલનની ભૂમિકામાં જોવા મળ્યો હતો. અભિનેતાની જબરદસ્ત એક્ટિંગે લોકોના દિલ જીતી લીધા હતા. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો સંજય દત્ત આ દિવસોમાં તેની આગામી ફિલ્મ 'લિયો'માં વ્યસ્ત છે.

# સુશાંત સિંહ રાજપૂત સિવાય શાહરૂખના નામે ચંદ્ર પર છે જમીન

। મુંબઈ, તા.૨૪ ।

ભારતના મૂન મિશન એટલે કે ચંદ્રયાન-૩નું લેન્ડર સાંજે ૬ વાગીને ૪ મિનિટે ચંદ્રની સપાટી પર લેન્ડ થયું હતું. સવારથી સોશિયલ મીડિયાથી લઈને ટીવી ચેનલો પર ફક્ત આ જ સમાચાર છવાયેલા છે. ચંદ્રયાન-૩ને લઈને ક્યાંક ભય છે તો ક્યાંક ખુશીનો માહોલ પણ છે. પરંતુ શું તમે જાણો છો કે બોલિવૂડમાં એવા બે એક્ટર્સ છે જેની પાસે ચાંદનો ટુકડો છે. જી હા! આ સ્ટાર્સ પાસે ચંદ્ર પર જમીન છે. તેમાં સુશાંત સિંહ રાજપૂત અને શાહરૂખ ખાનનું નામ સામેલ છે. સુશાંત સિંહ રાજપૂતઃ એક્ટર સુશાંત સિંહ રાજપૂતને ચાંદ-સિતારાની દુનિયાથી ખૂબ જ પ્રેમ હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, દિવંગત એક્ટર સુશાંત સિંહ રાજપૂતે વર્ષ ૨૦૧૮માં ચંદ્ર પર જમીન ખરીદી હતી. સુશાંતે ત્યારે દાવો કર્યો હતો કે તેણે ચંદ્ર પર જમીન ઈન્ટરનેશનલ લૂનર લેંડ્સ રજીસ્ટ્રી પાસેથી ખરીદી હતી. તેની આ જમીન ચંદ્રના સી ઓફ મસકોવી વિસ્તારમાં છે. તેણે આ જમીન ૨૫ જૂન ૨૦૨૧૮ના રોજ પોતાના નામે કરાવી હતી. તે ચંદ્ર પર જમીન ખરીદનાર



બોલિવૂડનો પહેલો એક્ટર હતો. જો કે સુશાંત સિંહ રાજપૂત પહેલા બોલિવૂડના કિંગ ખાન શાહરૂખ ખાનને પણ કોઈ ફેને ચંદ્ર પર જમીન ગિફ્ટ કરી હતી. શાહરૂખ ખાનનો આ ફેન ઓસ્ટ્રેલિયામાં રહે છે. આ જ રીતે ૨૦૦૨માં હૈદરાબાદના રાજીવ બાગડી અને ૨૦૦૬માં બેંગલોરના લલિત મોહતાએ પણ ચંદ્ર પર જમીન ખરીદવાનો દાવો કર્યો હતો. આ લોકોનું માનવું છે કે એક સમયે તો માનવીએ ચંદ્ર પર વસવાટ કરવાનો છે. ચંદ્ર પર પ્લોટ લેવો ફક્ત ફેશન કે ભાવના જાહેર કરવાની એક રીત છે. સૌકોઈ જાણે છે કે ચંદ્ર પર વસવાટ શક્ય નથી. ભારત જ નહીં પરંતુ અન્ય ઘણા દેશના લોકો ચંદ્ર પર જમીન ખરીદી ચુક્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, દુનિયામાં બે સંસ્થાઓ લૂના સોસાયટી ઈન્ટરનેશનલ અને ઈન્ટરનેશનલ લૂનર લેંડ્સ રજીસ્ટ્રી ચંદ્ર પર જમીન વેચવાનો દાવો કરે છે. તેમનો દાવો છે કે, દુનિયાના ઘણા દેશોએ તેને ચંદ્ર પર જમીન વેચવાની સત્તા આપી છે. પરંતુ તેનું કોઈ પ્રમાણ નથી. જો કે આ સંસ્થાઓની વેબસાઈટની લિંક નથી ખુલી રહી. ઈન્ટરનેશનલ સ્પેસ કાયદા અનુસાર, ચંદ્ર પર જમીન ખરીદવી કાયકાદીય રીતે માન્ય નથી. આ જ કારણ છે કે ખગોળીય પિંડ એટલે કે ચંદ્ર, તારા અને અન્ય ખગોળીય વસ્તુઓ કોઈપણ દેશના આધીન નથી આવતા. ૧૯૬૭ની આઉટર સ્પેસ ટ્રીટી અનુસાર, સ્પેસમાં કોઈપણ ગ્રહ કે તેના ઉપગ્રહ પર કોઈપણ એક દેશ કે વ્યક્તિનો અધિકાર નથી. ભારત સહિત ૧૧૦ દેશોએ તેના પર હસ્તાક્ષર કર્યા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, આઉટર સ્પેસ એક જોઈન્ટ પ્રોપર્ટી છે. કોઈ અધિકાર વિના કંપનીઓ ચંદ્ર પર જમીનની રજીસ્ટ્રીનો દાવો કરે છે. આ એક ગોરખધંધો છે. ચંદ્ર પર જમીન વેચવાનો બિઝનેસ પાછલા કેટલાંક વર્ષો ફૂલ્યોફાલ્યો છે.

### સરદાર સાહેબની પ્રતિમાંના નિર્માણ થકી

# એકતાનગરનો વિકાસ થયો તે પ્રધાનમંત્રીની દુરદર્શિતાનું પ્રમાણ : નિર્મલા સિતારમન

। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૪ ।

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમને સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈને સરદાર સાહેબને ભાવાંજલી અર્પી હતી. સરદાર સાહેબને ભાવાંજલિ આપતા મુલાકાત પોથીમાં તેમણે નોંધ્યું કે, ભારતને એક્તાંતણે જોડનાર સરદાર વલ્લભભાઈ પટેલને હું શ્રદ્ધાંજલી આપુ છુ,સરદાર સાહેબ એક દુરદર્શિતા ધરાવતા મહાન વ્યક્તિ હતા. માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સાહેબની પ્રતિમાના નિર્માણ થકી એકતાનગર અને આસપાસના ક્ષેત્રનો વિકસિત કરવાનો વિચાર તેમની દુરદર્શિતાનું ઉત્તમ પ્રમાણ છે જેનાથી સ્થાનિકો માટે રોજગારના નવિન અવસરો પણ પેદા થયા છે. શ્રીમતી નિર્મલા સિતારમને સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની અતિ વિરાટ પ્રતિમાની ભાવવંદના કરી હતી. ત્યારબાદ ૧૩૫ મીટરની ઊંચાઈએ આવેલ વ્યુઈંગ ગેલેરી પ્રતિમાના હદય સ્થાનેથી અદભૂત નજારો પણ માણયો હતો.તદઉપરાંત વિધ્યાંચળ-સાતપુડા ગિરીમાળાનું પ્રાકૃતિક સૌંદર્ય નિહાળ્યું હતું. ત્યારબાદ સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં પ્રદર્શન,



લાયબ્રેરી, સરદાર સાહેબના જીવન કવનને વણી લેતી દસ્તાવેજી ફિલ્મ પણ નિહાળી હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની સાથે સાથે શ્રીમતી નિર્મલા સિતારમને પોતાના સાથી મંત્રીઓ સર્વ ડૉ. ભાગવત કરાડ, પંકજ ચૌધરી સાથે આરોગ્ય વન, કેકટસ ગાર્ડન,મિયાવાકી ફોરેસ્ટ. ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર નર્મદા ડેમની મુલાકાત લીધી હતી. આ મુલાકાત બાદ તેઓઓ ખુશી વ્યકત કરતા જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શનમાં આટલા ઓછા સમયમાં એકતાનગરનો પ્રવાસન ક્ષેત્રે વિકાસ કરનાર તમામને અભિનંદન પાઠવુ છુ. પ્રત્યેક ભારતીય નાગરીકે એકતાનગરની મુલાકાત લેવા આગ્રહ પણ કર્યો હતો.

## ચંદ્રયાન-૩ એ ચંદ્ર પર સફળ લેન્ડિંગ કરી ઇતિહાસ રચતા શ્રધ્ધા વિધાલયના વિધાર્થીઓએ ઉજવણી કરી



। ઝાલોદ, તા.૨૪ ।

સંજેલી તાલુકામાં આવેલ યુગ શક્તિ ગાયત્રી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી શ્રધ્ધા વિધાલય સંજેલી કાર્યરત છે. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય શ્રી દિલીપ કુમાર એચ. મકવાણાએ ચંદ્રયાન મિશન ૩ અંતર્ગત માહિતગાર કરવામાં આવ્યા હતા.૧૪ જુલાઈના રોજ શ્રી હરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ચંદ્રયાન ઉડાન કરવામાં આવ્યું હતું. તે ૨૩ ઓગસ્ટના રોજ સાંજના ૬ કલાક અને ૪ મિનિટે. ચંદ્રની દક્ષિણ ધ્રુવની સપાટી પર સફળતાપૂર્વક ઉતરાણ કરતા સમગ્ર દુનિયામાં ભારતનો ડંકો વાગી ચૂકેલ છે .૧૪૦ કરોડ ભારતીયોના સપનાને લઈને ઉડેલું ચંદ્રયાન -૩ એ ૪૧ દિવસની સફર પછી ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કર્યુ ત્યારે આખા દેશની છાતી ગર્વથી પહોળી થઈ ગઈ ત્યારે આ ઐતિહાસિક ક્ષણને શ્રી શ્રધ્ધા વિધાલયના બાળકો દ્વારા વંદે માતરમ્.... ભારત માતા કી જય.... ના નારા લગાવીને ઉજવણી કરી હતી.



સંતોષ ભાઈ જોષી, સંતરામપુર

૨૩ ઓગસ્ટના રોજ અમૃતકાળની શરૂઆતમાં ભારત દેશનો ચંદ્રયાન ત્રણનું ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક લેન્ડિંગ કરાવી ઈસરોના વૈજ્ઞાનિકોએ સમગ્ર વિશ્વમાં ભારતને એક આગવી પ્રતિભા ઊભી કરી છે જે બદલ ભારતીય જનતા પાર્ટી મહીસાગર જિલ્લા ભાજપના પાર્ટી પ્રમુખ શ્રીમાન દશરથભાઈ બારીયા સાહેબ સંતરામપુર તાલુકાના ભાજપ પાર્ટી પ્રમુખ શ્રીમાન પટેલીયા સાહેબ તાલુકા મહામંત્રી શ્રી છગનભાઈ માલ સાહેબ તેમજ ભારતીય જનતા પાર્ટીના સમસ્ત કાર્યકર્તા સહકાર ભારતી મહીસાગર જિલ્લાના મંત્રી સંતોષભાઈ જોશી અને સમસ્ત સંતરામપુર નગરજનોએ આ ઐતિહાસિક સમયને વધાવી વૈજ્ઞાનિક શ્રી નો આભાર વ્યક્ત કરતા સંતરામપુર નગરમાં ઠેર ઠેર ફટાકડા ફોડી ભારત માતાકી જયના નારા સાથે સંતરામપુર શહેર ગુંજી ઉઠ્યો હતું

# ચંદ્રયાનના સફળતાંપૂર્વક ઉત્તરાણ અંગે જસદણવાસીઓમાં અનેરો રોમાંચ

। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૨૪ ।

ચંદ્રયાન-૩ બુધવારે ૬.૦૪ વાગ્યે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફતાપૂર્વક લેંક્ડ કરીને ઈતિહાસ સર્જ્યો છે. એ પહેલાં સાંજે ૫ વાગ્યે ઈસરોએ લેન્ડરને છેલ્લો કમાન્ડ આપી દીધો હતો.

૧૪ જુલાઈના રોજ બપોરે ૩.૩૫ વાગ્યે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવ્યું હતું. લેન્ડિંગ થતાં જ એ ૪૧ દિવસમાં ૩.૮૪ લાખ કિમીની સફર કરીને નવો ઈતિહાસ લખ્યો. તે બદલ જસદણ જીઆઈડીસી એસોસિએશન અને જસદણ શહેર યુવા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી વિજયભાઈ રાઠોડએ ખુશાલી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે ઈસરોના વૈજ્ઞાનિકો અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને મારાં દિલથી અભિનંદન અત્રે નોંધનીય છે કે જસદણમાં બુધવારે ઈન્ડિયન



રેડક્રોસ સોસાયટી ડો. હોમીભાભા લોક વિજ્ઞાન કેન્દ્ર અને આસ્થા સ્કુલ દ્વારા પણ આ કાર્યક્રમ નિહાળવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતાં.

### ઝાલોદ નગર ભાજપ પરિવારના લોકો દ્વારા

# ચંદ્રયાન-3 નું સફળ લેન્ડિંગ થતાં રાષ્ટ્રધ્વજ સાથે આતસબાજી કરી મીઠાઈ વહેંચી ખુશી વ્યક્ત કરવામાં આવી

### બાલ હનુમાનજી મંદિરે નગરના લોકો દ્વારા હનુમાનચાલીશાના પાઠ પણ કરવામાં આવ્યા હતા

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૪ ।

ચંદ્રયાન-૩ ના સફળ લેન્ડિંગ સાથે ભારતે સફળ સિદ્ધિ હાંસલ કરી હતી. સફળ લેન્ડિંગ લાઇવ નિહાળવાનો અનેરો અવસર થકી ઈતિહાસના સાક્ષી સહુ ભારતવાસી બન્યા હતા. જેમ જેમ ચંદ્રયાન-૩ ના લેન્ડીંગનો સમય નજીક આવતો હતો તેમ તેમ સમગ્ર ભારતવાસીઓના ધબકારા વધતા જતા હતા.

ચંદ્રયાન-૩ ના સફળ લેન્ડિંગને સમગ્ર ઝાલોદ નગરના લોકોએ પણ લાઈવ નિહાળ્યું હતું. જેવું ચંદ્રયાન-૩ લેન્ડ થયું તેમ સહુ નગરના લોકો ટીવીની સામે નાચી ઝૂમી ઉઠયા હતા. આ સફળતા થી દરેક ભારતીયની છાતી ગર્વ થી ફૂલી ગઈ હતી. ચંદ્રયાન-૩ ની સફળતા માટે નગરના લોકો દ્વારા બાલ હનુમાનજી મંદિર ખાતે હનુમાન ચાલીસાના પાઠ પણ કરવામાં આવેલ હતા. ચંદ્રયાન-૩ સફળ લેન્ડિંગ થતાંની સાથે ભાજપ પરિવારના સહુ સભ્યોનો ઉત્સાહ સાતમા આસમાને જોવા મળતો હતો. ભાજપ



પારિવાના સહુ સભ્યો દ્વારા રાષ્ટ્રધ્વજને હાથમાં લહેરાવી વડબજારમાં ભવ્ય આતસબાજી સાથે ભારતમાતાકી જય સાથે વાતાવરણને ગજવી દીધેલ હતું. ઉપસ્થિત સહુ લોકો દ્વારા આ ભવ્ય સફળતાની ઉજવણી એક બીજાને મીઠાઈ ખવડાવી કરેલ હતી. તેમજ ભાજપ પરિવાર દ્વારા ઈસરોના તમામ વૈજ્ઞાનિકોને દેશને ગર્વ અપાવવા બદલ અભિનંદન આપ્યા હતા. આ ખુશી નગરના દરેક સોશિયલ મીડિયાના ગ્રુપમાં ફરતી થઈ ગઈ હતી અને સમગ્ર નગરના લોકો સોશિયલ મીડિયા દ્વારા એક બીજાને તેમજ ભારતના વૈજ્ઞાનિકોને અભિનંદન આપતા જોવા મળતા હતા.

# વિંછીયાના એસ ટી ડેપોની સ્વચ્છતા ઉડીને આંખે વળગે વળગે એવી છે



। જસદણ, તા.૨૪ ।

જસદણમાંથી વીંછિયા અલગ તાલુકો બન્યાં બાદ બહોળા પ્રમાણમાં વિકાસ થયો એમાંય અન્ય સરકારી ઈમારતો અને બિલ્ડિંગો કરતાં વધુ એસ ટી ડેપો ની ચોખ્ખાઈ ઉડીને આંખે વળગે એવી છે સામાન્ય રીતે જોઈએ તો જે જગ્યાઓ પર સતત અવરજવર રહેતી હોય એવી જગ્યાઓમાં સફાઈ માટે કાળજી રાખવી પડે છે પણ વીંછિયામાં જ્યારથી એસ ટી ડેપો બન્યો ત્યારથી આ ડેપોમાં અન્ય સાથે ડેપોની સફાઈ પ્રત્યે ખાસ ધ્યાન આપવામાં આવે છે આ અંગે વીંછિયા ડેપોની સફાઈ અંગે ઘણી સંસ્થાઓએ સરાહના કરી છે ત્યારે ડેપોને સરકારે સ્વચ્છતા બાબતે ઈનામ આપવું જોઈએ એવી લોકલાગણી પ્રવર્તી રહી છે.

દરમિયાન આ વીંછિયા એસ ટી ડેપોના ટ્રાફિક કંટ્રોલર અનિલભાઈ ભીખુભાઈ સાંખડને. પૂછતાં તેમણે જણાવ્યું હતું કે આ ડેપોમાં દરરોજ ૧૨૦ જેટલી બસની અવરજવર રહે છે દરેક બસ રૂટ રેગ્યુલર અને લાઉડસ્પીકરમાં દરેક બસનું એલાઉન્સ થયું હોવાથી પ્રવાસીઓને રાહત છે.

### તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચના વિદ્યાર્થીઓ

# ચંદ્રયાન 3 વિક્રમના ચંદ્રની ભૂમિ ઉપર સફળતા પૂર્વક ઉતરાણની ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા

। ભરૂચ, તા.૨૪ ।

પરમ લોકવિજ્ઞાન કેન્દ્ર અને તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચના સંયુક્ત ઉપક્રમે ચંદ્રયાન ૩ ના ચંદ્રની જમીન પર ઉતરાણ કરવાના દિવસે એક માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો.જેમાં સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશન, મહિલા બી. એડ કોલેજ અને દીપજ્યોતિ કોલેજ ઓફ કોમર્સ કોલેજના ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત વિવિધ વિડિયો અને એનિમેશનના માધ્યમથી દ્રઝજીઝ કો ઓર્ડિનેટર ડો.નિલેશકુમાર ઉપાધ્યાયે તજજ્ઞ તરીકે વિવિધ



ઉદાહરણો તથા પ્રક્રિયાઓ દ્વારા રસપ્રદ રીતે સમજાવ્યું હતું. અંતમાં સૌએ ચંદ્રયાન ૩ વિક્રમનું ચંદ્રની ભૂમિ ઉપરનું સફળતા પૂર્વક ઉતરાણનું જીવંત પ્રસારણ જોયું હતું.અને ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી અને ઈસરોના વૈજ્ઞાનિકોને અભિનંદન આપ્યા હતા.

# જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ભરૂચ દ્વારા રૂરલ આઈટી ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું

। કેતન મહેતા ભરૂચ, તા.૨૪ ।

ટાટા કન્સલ્ટનસી સર્વીસ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ કર્ણાટક સરકારના આઈ. ટી. વિભાગ અને બી. ટી. વિભાગના સહયોગથી રૂરલ આઈ. ટી. ક્વીઝ નું આયોજન કરવામાં આવે છે. આ ક્વીઝ નો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય શાળાના વિધ્યાર્થીઓને ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિષે જાગૃત કરવાનો છે પરમ લોક વિજ્ઞાન કેન્દ્ર- જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભરૂચ ધ્વારા જિલ્લા કક્ષાની સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કો ઓર્ડિનેટર કેશા પ્રજાપતિ દ્વારા શાબ્દીક સ્વાગત અને ક્વિઝ ની માહિતી આપી કરવામાં આવી હતી.જેમાં તપોવન સંસ્કાર કેન્દ્ર ના ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ પંડ્યા એ હાજરી આપી હતી . આ



સ્પર્ધામાં ૩૩ શાળાના ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓ એ ભાગ લીધેલ હતો. આ ક્વિઝ એમ ૧૫ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવેલ હતી જે રાજ્ય કક્ષાની રૂરલ આઈ. ટી. ક્વીઝ માં જિલ્લા નું પ્રતિનિધિત્વ કરશે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ને પ્રમાણપત્ર અને વિજેતાઓને મહેમાનશ્રીઓના હસ્તે પારિતોષિક આપવામાં આવ્યા હતા.

## નર્મદાની ૧૮૧ નોન સ્ટોપ 'ટીમ અભયમે' વધુ એક પરિવારનું સુખદ મિલન કરાવ્યું

। રાજપીપળા, તા.૨૪ ।

નર્મદા જિલ્લામાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની સેવા થકી જિલ્લી મહિલા-યુવતીઓ સુરક્ષાનો અનુભવ કરી રહી છે, ત્યારે ટીમ અભયમની વધુ એક સરાહનીય કામગીરી સામે આવી છે. ટીમ અભયમે ગરુડેશ્વર તાલુકાના એક ગામના રહેવાસી પરિવારમાં દંપતિ વચ્ચે થયેલા વિખવાદનો અંત લાવીને સુખદ સમાધાન કરાવ્યું છે. પીડિત મહિલાએ અભયમનો સંપર્ક સાધીને પોતાના પતિ અને દીકરા દ્વારા નશો કરીને ઘરમાં કંકાસ પેદા કરવા, દુર્વ્યવહાર તેમજ સતત થઈ રહેલા ઝગડા અંગે જાણ કરી મદદ માંગી હતી. અભયમની ટીમ તાત્કાલિક અસરથી મહિલાની મદદ માટે ગામમાં પહોંચી હતી. મળેલી માહિતી અનુસાર અભયમની ટીમે સૌ પહેલાં મહિલાના પતિ અને દીકરાની સમસ્યા જાણીને મહિલાનું કાઉન્સેલિંગ કર્યુ હતું. પરિવારમાં બે દીકરીઓ પણ છે.

# રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે રાજકોટ જિલ્લાની શાળાઓમાં એક સપ્તાહ ચાલનારો રમતોત્સવ

। રાજકોટ, તા.૨૪ ।

૨૯ ઓગસ્ટના રોજ મેજર ધ્યાનચંદની જન્મ જયંતીની દેશભરમાં "રાષ્ટ્રીય રમત દિવસ" તરીકે ઉજવણી કરવામાં આવે છે. જેના અનુસંધાને રાજકોટ જિલ્લામાં તા. ૨૧ થી ૨૯ ઓગસ્ટના એક સપ્તાહ દરમ્યાન શાળાઓમાં વિવિધ રમતોત્સવની ઉજવણી કરવામાં આવી રહી હોવાનું જીલ્લા રમત વિકાસ અધિકારીશ્રી રમા મદ્રાએ જણાવ્યું છે. શાળા કક્ષાએ રોજના ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ કબડ્ડી, ખો-ખો, વોલી બોલ, બાસ્કેટ બોલ, ક્રિકેટ, હોકી, ટેબલ ટેનિસ સહીત ઈન્ડોર અને આઉટડૉરની વિવિધ રમતો તેમજ ઘરેલુ રમતો જેવી કે દોરડા કુંદ, લીંબુ ચમચી,લંગડી, રીલે રેસ સહિતની રમતોમાં ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. રમતોત્સવમાં બાળકો સાથે વ્યાયામ શિક્ષકો તેમજ વાલીઓ પણ ઉત્સાહપૂર્વક સહભાગી બની રહ્યા હોવાનું રમત વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો?

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર તમારો દિવસ ઝળહળતો કરી મુકશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. બૅંકને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્‌ઘાટન માટે સારો સમય.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. પ્રેમ તથા રૉમાન્સ તમને ખુશખુશાલ મૂડમાં રાખશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો. તમારૂં નાનકડું પગલું તેમનો ઉત્સાહ વધારશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે કોઈ હાઈ-પ્રૉફાઈલ વ્યક્તિને મળી ને નર્વસ થઈ તમારો આત્મવિશ્વાસ ખોઈ ન બેસતા. જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. પારિવારિક પ્રસંગો તથા મહત્વની વિધિઓ માટે મંગળકારી દિવસ.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. આજે તમે તમારા પ્રયપાત્રના હૃદયના ધબકારા સાથે સાથે મિલાવશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. બાળકો કેટલાકજબરજસ્ત સમાચાર લાવી શકે છે. તમારૂં પ્રિયપાત્ર થોડુંક ચીડાયેલું લાગે છે-આ બાબત તમારા મગજ પરની તાણમાં વધારો કરશે. વ્યાપાર અને આનંદ-પ્રમોદને ભેગાં કરશો નહીં.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહીં. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. લાંબા-ગાળાના લાભ માટે શૅર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે.તમારે તમારી જાત પર કાબૂ રાખવાની તથા યાદ રાખવાની જરૂર છે કે આ બાબત તમારી વચ્ચે અંતરાયો જ ઊભા કરશે.

# દક્ષિણ ધ્રુવ ઉપર ચંદ્રયાન-૩ ની સફળ રીતે ઉતરાયણ થી ભારતને શું પ્રાપ્ત થશે

## ભારતે ચંદ્રયાન-૩ ને બુધવાર સાંજે ૬:૪ વિક્રમ લેન્ડર ચંદ્રમાની દક્ષિણ ધ્રુવ ઉપર સફળ લેન્ડિંગ કરીને ઇતિહાસને નામે કયો






। નવી દિલ્હી, તા.૨૪ ।

વૈજ્ઞાનિકોને વિક્રમ લેન્ડરને દક્ષિણ ધ્રુવ નજીક સોફ્ટ લેન્ડીંગ કરવાનું હતું. અને તે સારી રીતે લેન્ડિંગ કર્યો જે ભારત સાથે સાથે વિશ્વભરના લોકો માટે એક સારી ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ.

આખા વિશ્વની નજર ચંદ્રયાન-૩ ઉપર ટકી હતી, આ સફળતાની ઉપલબ્ધિ સાથે ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ ઉપર લેન્ડિંગ કરનાર પહેલો દેશ બની ગયો, બધાં વૈજ્ઞાનિકોનું કાર્ય જમીન મધ્ય ક્ષેત્રમાં હતો. જેથી દક્ષિણ ધ્રુવ નજીકમાં સોફ્ટ લેન્ડીંગ થઈ, તે ભારત દેશ વાશિયો માટે ગર્વની વાત છે.

**વિક્રમ લેન્ડર ને દક્ષિણ ધ્રુવ પર કેવી રીતે ઉતાર્યો**

ઘણી વખત સોફ્ટ લેન્ડીંગ શબ્દનો ઉપયોગ વારંવાર કરતા હતા. પણ સોફ્ટ લેન્ડીંગ એટલી આસાનીથી નથી થઈ. વિક્રમ લેન્ડર દસ કિલોમીટરની પ્રતિ કલાકની ઝડપની સાથે ચંદ્રની સપાટી તરફ ઉતર્યો છે, જો ચંદ્રાયન-૨ જેમ છોડી મૂક્યો હોત તો પૂર ઝડપની સાથે પછડા તો અને ક્રેશ થઈ ગયો હોત. પણ ચંદ્રયાન-૩ વિક્રમ લેન્ડર એવી રીતે બનાવ્યો છે, તે ચંદ્રની સપાટી ઉપર પ્રેમથી બેસી જાય છે,અને તે બેંગ્લોરના કમાન સેન્ટર સાથે વાતચીત કરી શકેછે.

વિશ્વમાં આજ દિન સુધી જેટલી પણ સોફ્ટ લેન્ડિંગ થઈ છે, તે બે માંથી એક સોફ્ટ લેન્ડિંગ સફળ થઈ છે, ચંદ્રયાન -૨નો પણ લેન્ડર ક્રેશ થઈ ગયો હતો, વિક્રમ લેન્ડર ચંદ્રયાન-૩ ઉતરી ગયા ફરી એક મોટી ઉપલબ્ધિ ભારત માટે થઈ છે, વિક્રમ લેન્ડર નું નામ ભારતના સ્પેસ ટેકનોલોજીના જનક વિક્રમ સારાભાઈ નામ ઉપર થી આપ્યું છે. તે ગર્વની વાત છે

**ગતી મર્યદા વિક્રમ લેન્ડર કેવી રીતે ઓછી કરી**

ચંદ્રની સપાટી પર ઉતરવાથી પહેલાં વિક્રમ લેન્ડરની ગતી ઓછી કરવી એ ચુનેતી ભર્યુ હતું, એના લીધે chandryaan-3 નો વિક્રમ લેન્ડરને 125*25 કિલોમીટરના ઓર્બિટ રાખ્યો હતો. અને ફરી તેને ડીઓર્બિટ કર્યો. ત્યાર ફરી ચંદ્રની સપાટી તરફ આગળ મોકલ્યો ત્યારે તેની સ્પીડ ૬૦૦૦ પ્રતિ કલાક થી વધુ હતી. એ પછી તેની સ્પીડ થોડીજ મિનિટોમાં ઘટવાં માડી અને ચંદ્ર ઉપરની સપાટીએ સોફ્ટ લેન્ડિંગ વખતે સ્પીડ વધુ ઘટાડી દીધી હતી. વિક્રમ લેન્ડરના ચાર એન્જિનની મદદ લીધી હતી, બે એન્જિનની મદદ થી વિક્રમને ચંદ્રની સપાટી સફળતા પુર્વક ઉતારી દીધો હતો.

**કેવી રીતે બહાર નીકળશે પ્રજ્ઞાન રોવર**

ચંદ્રયાન-૩નો વિક્રમ લેન્ડર ચંદ્રમાંની સપાટી પર પહોંચી ગયો છે, રાહ હવે એની જોવાઈ રહી છે કે પ્રજ્ઞાન રોવર કેવી રીતે બહાર નીકળશે. વિક્રમ લેન્ડરનું ચંદ્રની સપાટી જમીન પર ઉતરવાથી જે માટીનાં રજકણ ઉડિયા છે. જે થોડા સમય માટે જમીન પર પાછા બેસી જશે અથવા વિક્રમ લેન્ડરથી દૂર થઈ જશે ત્યારે વિક્રમ લેન્ડરને તેનું એક રેપ ખુલશે પ્રજ્ઞાન મદદથી ચંદ્રની સપાટી જમીન પર રોવર ચાલવાનું શરૂ કરી દેશે તો પ્રજ્ઞાન રોવર અને વિક્રમ લેન્ડર એકબીજા સાથે સંપર્ક કરી શકશે વિક્રમ લેન્ડર ચંદ્રયાન-૨ ના ઓર્બિટ સાથે બેંગ્લોર સ્થાને કમાન સેન્ટર બંને એકબીજા વાતચીત કરી શકશે. ત્યારબાદ વિજ્ઞાનીઓ નું કામ શરૂ થશે ૧૪ દિવસ માટે.

વિક્રમ અને પ્રજ્ઞાન બંને સૌર ઉર્જાથી સંચાલિત છે. આમને ચાંદની રોશની વાળી જગાહ પર સારી રીતે પહોંચાડી દીધા છે, કેમકે હવે ૧૪ દિવસ સુધી ઉજાળો રહેશે તો પ્રજ્ઞાન અને વિક્રમ બન્ને સાથે કામ કરી શકશે.

થોડા સમયમાં ચંદ્રની સપાટી પરથી પહેલો ફોટો આવશે જેમાં પ્રજ્ઞાન વિક્રમની ફોટો લેશે અને વિક્રમ પ્રજ્ઞાની ફોટો લેશે. આવી રીતે ચંદ્રની સપાટી પર પહેલી એવી ફોટો હશે.

વિક્રમ અને પ્રજ્ઞાન 4*2.5 કિલોમીટરના એવા વિસ્તારમાં કામકાજ કરશે જેનું નામ મે કલામ વિહાર રાખ્યો છે કેમકે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ સાહેબે કીધું હતું કે ભારતને ચંદ્રની સપાટી પર દક્ષિણ ધ્રુવ નજીક દેશનો તિરંગો લેહરવો જોઈએ તો હવે આ ખુશીનો સારો સમય અને મોકો કે ખેલ કહો પણ ચંદ્રની સપાટી પર દક્ષિણ ધ્રુવમાં જેનું નામ કલામ વિહાર છે.

**વિક્રમ અને પ્રજ્ઞાન કેવી રીતે વાતચીત કરે છે**

પ્રજ્ઞાન અને વિક્રમ વાતચીતનો માધ્યમ રેડિયો વેબ્સ છે, જે ઈલેક્ટ્રો મેગ્નેટિક વેવ હોય છે, એવી રીતે બનયો છે, પ્રજ્ઞાન વિક્રમ સાથે વાત કરી શકે છે, પ્રજ્ઞાન સીધા બેંગ્લોર સ્થિત કમાન સેન્ટર સાથે વાત નથી કરી શકતો, પણ વિક્રમ સીધાં બેંગ્લોર સ્થિત કમાન સેન્ટર સાથે વાતચીત કરી શકે છે, ચંદ્રયાન-૨નો પ્રોપેલ્શન મોડ્યુલમાં કોમ્યુનિકેશન ડિવાઈસ નથી. આખી પ્રક્રિયામાં ચંદ્રમાંથી ધરતી સુધી સંદેશ મોકલવામાં સવા સેકન્ડ નો સમય લાગે છે અને આખી પ્રક્રિયા ઓટોમેટીક રીતે ચાલે છે.

**કોના હાથમાં હતો કંટ્રોલ**

છેલ્લા થોડા મિનિટ જ્યારે બધાની સાંસો અટકી હતી, ત્યારે આખું કામ કોમ્પ્યુટર એ કર્યો ઈસરોના તમામ વૈજ્ઞાનિકોએ બધી કમાન લોડ કરી દીધી હતી, અને કોમ્પ્યુટરે સારી રીતે સફળતા પૂર્વક વિક્રમ લેન્ડરને સફળતાપૂર્વક ચાંદની સપાટી પર ઉતારી દીધો છે.

## પૃથ્વીથી ચંદ્રનું અંતર ૩ લાખ કિલોમીટરથી વધુ છે

# ચંદ્ર પર નીલ આર્મ સ્ટ્રોંગ સહિત ૧૨ લોકોનાં પડ્યા છે પગલાં

## ભારતે ૧૪ જુલાઈના રોજ સવારે ૨.૩૫ વાગ્યે ચંદ્રયાન-3 લોન્ચ કર્યું હતું, આ પછી ચંદ્રયાન-3ને ઘણી પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડ્યું

। નવી દિલ્હી, તા.૨૪ ।

ભારત આજે વિશ્વમાં પોતાની હાજરી સ્થાપિત કરવા માટે તૈયાર છે. ચંદ્રયાન ૩ આજે ચંદ્ર પર ઉતરશે અને દેશનું ગૌરવ વધારશે. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પગ મૂકનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ બનશે. ભારતે ૧૪ જુલાઈના રોજ સવારે ૨.૩૫ વાગ્યે ચંદ્રયાન-૩ લોન્ચ કર્યું હતું. આ પછી ચંદ્રયાન-૩ને ઘણી પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડ્યું.

ચંદ્ર પર ચાલનાર પ્રથમ વ્યક્તિ નીલ આર્મસ્ટ્રોંગ હતા જે નાસાના એપોલો ૧૧ મિશન હેઠળ ૧૧ જુલાઈ ૧૯૬૯ના રોજ ચંદ્ર પર ગયા હતા. તેમણે પોતાની સફર માટે કહ્યું હતું - આ માણસ માટે એક નાનું પગલું છે, માનવતા માટે એક વિશાળ છલાંગ છે. વર્ષ ૨૦૧૨માં ૮૨ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. એડવિન બઝ એલ્ડ્રિન પણ નીલ આર્મસ્ટ્રોંગ સાથે ચંદ્ર મિશન પર ગયા હતા. પરંતુ ચંદ્ર પર પગ મૂકનાર તે બીજા વ્યક્તિ હતા કારણ કે આર્મસ્ટ્રોંગ પ્રથમ ઉતર્યા હતા. ચાર્લ્સ પીટ કોનરેડ એપોલો ૧૨ મિશનનો ભાગ હતા અને ચંદ્ર પર ચાલનારા ત્રીજા માણસ હતા. એપોલો ૧૨ મિશન નવેમ્બર ૧૯૬૯માં



લોન્ચ કરવામાં આવ્યું હતું. એલન બીન ચંદ્ર પર ઉતરનાર ચોથી વ્યક્તિ છે. તેઓ અમેરિકન નેવલ ઓફિસર હતા. ૧૯૬૩ માં, તેઓ અવકાશયાત્રી તરીકે પસંદ થયા અને ચાર્લ્સ પીટ સાથે એપોલો ૧૨ મિશન પર ગયા પરંતુ ચાર્લ્સ પછી ઉતર્યા. એલન બી. શેફર્ડ જુનિયર એલન બી. શેપર્ડ જુનિયર વર્ષ ૧૯૬૧માં અવકાશમાં જનાર બીજા વ્યક્તિ બન્યા જ્યારે પ્રથમ અમેરિકન હતો. પરંતુ ૧૯૭૧માં તે ચંદ્ર પર જનાર પાંચમા વ્યક્તિ હતા. એડગર ડી. મિશેલ ચંદ્ર પર ઉતરનાર છઠ્ઠા વ્યક્તિ હતા.

૧૯૭૧માં તેણે ચંદ્ર પર ૯ કલાક વિતાવ્યા હતા. વર્ષ ૨૦૧૬માં ૮૫ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. અમેરિકન અવકાશયાત્રી ડેવિડ આર. સ્કોટ ચંદ્ર પર ચાલનારા સાતમા વ્યક્તિ હતા. તેઓ ત્રણ વખત અવકાશમાં ગયા છે અને એપોલો ૧૫ મિશનને કમાન્ડ કર્યું છે. હાલમાં તેઓ ૯૧ વર્ષના છે.

જેમ્સ ઈરવીન જેમ્સ બી. ઈરવીન અમેરિકન અવકાશયાત્રી હતા જે ચંદ્ર પર ચાલનાર આઠમા વ્યક્તિ હતા. ૧૯૯૧માં ૬૧ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. જહોન (જહોન ડબલ્યુ. યંગ) એક અમેરિકન અવકાશયાત્રી અને નૌકા અધિકારી હતા. તેઓ ચંદ્ર પર ચાલનારા ૯મા વ્યક્તિ હતા અને ૧૯૭૨માં એપોલો ૧૬ મિશનના કમાન્ડર પણ હતા. ચાર્લ્સ એમ. ડ્યુક એપોલો ૧૬ મિશનનો ભાગ હતા અને ચંદ્ર પર ચાલનારા ૧૦મા અને સૌથી નાના અવકાશયાત્રી હતા. તેણે માત્ર ૩૬ વર્ષની ઉંમરમાં આ રેકોર્ડ બનાવ્યો હતો. યુજીન એપોલો ૧૭ મિશનનો ભાગ હતો અને ચંદ્ર પર ચાલનાર ૧૧મો વ્યક્તિ પણ હતો. હેરિસન (હેરિસન શ્મિટ) ચંદ્ર પર ચાલનારા ૧૨મા વ્યક્તિ હતા જે એપોલો ૧૭નો ભાગ હતા. તે એકમાત્ર વ્યક્તિ હતો જેને લશ્કરી ઉડ્ડયન સાથે કોઈ લેવાદેવા ન હતી.

# તમિલનાડૂમાં માટી છે ચંદ્રના દક્ષિણ ધ્રુવ જેવી

। ચેન્નાઈ, તા.૨૪ ।

દુનિયાભરના દેશોએ ગઈ કાલે ઈસરોને મિશન મૂનને શુભકામનાઓ આપી છે. ભારતનું ચંદ્રયાન- ૩નું ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ થઈ ગયું છે. ઈસરોના આ અભિયાનમાં અહીં સુધી પહોંચાડવા માટે તમિલનાડૂના દીકરા પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એપીજે એબ્દુલ કલામ, ચંદ્રયાન-૨ના મિશનના ડીરેક્ટર માયિલસામી અન્નાદુરઈ, ચંદ્રયાન-ના પ્રોજેક્ટ નિદેશક વીરમુથેવલ પીનું યોગદાન તો ઠીક પણ આ રાજયની માટી પણ મહત્વનું યોગદાન આપે છે. રાજ્યની રાજધાની ચેન્નાઈથી લગભગ ૪૦૦ કિમી દૂર નામક્કલ ૨૦૧૨થી ચંદ્રયાન મિશનની ક્ષમતાને તપાસવા માટે ઈસરોને માટી આપે છે. કારણ કે આ જિલ્લાની જમીન ચંદ્રની સપાટી જેવી છે. આ પ્રકારથી ઈસરોએ પોતાના લેન્ડર મોડ્યૂલની ક્ષમતાઓની તપાસ કરવા અને તેમાં સુધારો લાવવામાં મદદ મળે છે. ચંદ્રયાન-૩ના સોફ્ટ લેન્ડિંગની સાથે સાથે તમિલનાડૂના ખાતામાં પણ ઉપલબ્ધિ જોડાઈ ગઈ છે. તમિલનાડૂએ ઈસરોના મહત્વકાંક્ષી ચંદ્ર મિશનના પરીક્ષણ માટે ત્રીજી વાર માટીની સપ્લાઈ કરી છે. પેરિયાર વિશ્વવિદ્યાલયના ભૂવિજ્ઞાન વિભાગના ડિરેક્ટર પ્રોફેસર એસ અનબઝગને જણાવ્યું કે, નામક્કલમાં પ્રચુર માત્રામાં માટીમાં મળતી હતી. ત્યારે આવા સમયે જરુર પડવા પર ઈસરો તેનો ઉપયોગ કરે. તેમણે કહ્યું કે, અમે ભૂવિજ્ઞાનમાં શોધ કરતા રહીએ છીએ, તમિલનાડૂમાં આ પ્રકારની માટી છે, જે ચાંદની સપાટી જેવી છે. આ માટી ખાસ કરીને દક્ષિણી ધ્રુવ પર આવેલી માટી જેવી જ છે. ચંદ્રની સપાટી પર માટી એર્નોથોસાઈટ છે, જે માટીનો એક પ્રકાર છે. પ્રોફેસર એસ એનબઝગને જણાવ્યું હતું કે, ઈસરોએ જ્યારે ચંદ્ર અન્વેષણ કાર્યક્રમની ઘોષણા કરી.

## શાકભાજીના વધતા ભાવથી ક્યારે મળશે છૂટકારો?

# ભારતમાં સામાન્ય જનતા વધતી જતી મોંઘવારીના કારણે ચિંતિત

## છૂટક ફુગાવાના દરમાં જૂલાઇમાં જબરદસ્ત વધારો નોંધવામાં આવ્યો છે અને તે ૭.૪૪ ટકાના સ્તરે ૧૫ મહિનાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયો છે

। નવી દિલ્હી, તા.૨૪ ।

ભારતમાં સામાન્ય જનતા વધતી જતી મોંઘવારીના કારણે ચિંતિત છે. છેલ્લા બે મહિનામાં દેશમાં ટામેટા, ડુંગળી સહિત અનેક શાકભાજીના ભાવમાં જબરદસ્ત વધારો થયો છે. આવી સ્થિતિમાં સવાલ એ ઉઠે છે કે શાકભાજીની મોંઘવારીમાં ક્યાં સુધી રાહત મળશે. આ પ્રશ્નનો જવાબ આપતા RBI ગવર્નર શક્તિકાંત દાસે બુધવારે કહ્યું કે સપ્ટેમ્બર સુધીમાં શાકભાજીની કિંમતમાં મોટો ઘટાડો થઈ શકે છે.

એક કાર્યક્રમમાં આરબીઆઈ ગવર્નરે કહ્યું કે સરકારે યોગ્ય સમયે હસ્તક્ષેપ કર્યો છે. આના કારણે દેશમાં અનાજની કોઈ અછત નથી અને યોગ્ય પુરવઠાને કારણે કિંમતને અંકુશમાં રાખવામાં મદદ મળી છે. આ સાથે તેમણે કહ્યું કે, જો કે મોંઘવારીનો દર હજુ પણ અપેક્ષા કરતા વધારે છે, પરંતુ છેલ્લા કેટલાક મહિનામાં એવા સંકેતો જોવા મળી રહ્યા છે કે આગામી દિવસોમાં મોંઘવારીમાંથી રાહત



મળે તેવી અપેક્ષા છે. RBI ગવર્નરે કહ્યું હતું કે જૂલાઈથી ભારતમાં શાકભાજીના ભાવમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ટામેટાંને કારણે મોંઘવારી દરમાં જબરદસ્ત વધારો થયો છે, પરંતુ સરકારે યોગ્ય સમયે ટામેટાંના ભાવને અંકુશમાં લેવા માટે અનેક પગલાં લીધાં છે. આ સાથે જ બજારમાં ટામેટાનો નવા પાક આવવાના કારણે તેની કિંમતમાં જબરદસ્ત ઘટાડો જોવા મળ્યો છે. ડુંગળીની સપ્લાય ચેઈનને સારી રાખવા માટે સતત ઘણા પગલાં લેવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં અમને આશા છે કે સપ્ટેમ્બર સુધીમાં શાકભાજીની મોંઘવારીમાં ઘટાડો જોવા મળી શકે છે. નોંધનીય છે કે છૂટક ફુગાવાના દરમાં જૂલાઈમાં જબરદસ્ત વધારો નોંધવામાં આવ્યો છે અને તે ૭.૪૪ ટકાના સ્તરે ૧૫ મહિનાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયો છે. જૂલાઈમાં મોંઘવારીમાં જબરદસ્ત વધારો થવા પાછળનું મુખ્ય કારણ શાકભાજી છે. નોંધનીય છે કે RBI ગવર્નરને આશા છે કે શાકભાજીના ભાવમાં ઘટાડા પછી આગામી સમયમાં છૂટક ફુગાવાના દરમાં જબરદસ્ત ઘટાડો નોંધાઈ શકે છે અને ત્રીજા ક્વાર્ટર સુધીમાં તે ઘટીને ૫.૭ ટકા થવાની ધારણા છે. નાણાકીય વર્ષ ૨૦૨૪ માં ફુગાવાનો દર ૫.૪ ટકા રહેવાની ધારણા છે. આ સાથે શક્તિકાંત દાસે એમ પણ કહ્યું કે સપ્ટેમ્બર ૨૦૨૨થી આરબીઆઈએ મોંઘવારી પર ચાંપતી નજર રાખી છે અને આવનારા સમયમાં પરિસ્થિતિઓ અનુસાર પગલાં લેશે.

# વિશ્વનું સૌથી ઊંચું હિંદુ મંદિર, તેની ટોચ પરથી દેખાશે તાજમહેલ

। નવી દિલ્હી, તા.૨૪ ।

જો કે ઉત્તર પ્રદેશમાં આવેલ તાજમહેલ તેને આખી દુનિયામાં પ્રખ્યાત કરી ચુક્યો છે, પરંતુ હવે આ રાજ્યમાં વિશ્વનું સૌથી ઊંચું મંદિર બનાવવામાં આવી રહ્યું છે. ભગવાન કૃષ્ણના જન્મસ્થળ મથુરામાં બની રહેલા આ મંદિરનું નામ ચંદ્રોદય વૃંદાવન મંદિર હશે અને તે આગામી દોઢથી બે વર્ષમાં તૈયાર થઈ જવાની આશા છે. આ મંદિરનું નિર્માણ ઈસ્કોન એટલે કે ઈન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણ કોન્શિયસનેસ દ્વારા કરવામાં આવી રહ્યું છે. તેનો શિલાન્યાસ ૧૬ નવેમ્બર ૨૦૧૪ના રોજ તત્કાલિન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ કર્યો હતો. મંદિરમાં લગભગ ૧૬૬ માળ હશે, જે દુનિયાના કોઈ મંદિરમાં નથી. કહેવામાં આવી રહ્યું છે કે મંદિરની આસપાસ ૧૨ કૃત્રિમ જંગલો બનાવવામાં આવશે. તેઓ શ્રીમદ ભાગવત અને અન્ય શાસ્ત્રોમાં વર્ણવેલ ૧૨ વન (દ્વાદશકાનન) અનુસાર બનાવવામાં આવશે. તેમાં સુંદર બગીચા અને સેંકડો જંગલો હશે. આ મંદિર ૭૦ એકરમાં ફેલાયેલું છે, જેમાંથી ૧૨ એકરમાં કાર-પાર્કિંગની સુવિધા હશે, અને હેલિપેડ પણ બનાવવામાં આવશે. આ ઉપરાંત ક્રિષ્ના થીમ પાર્ક પણ હશે અને લાઈટ એન્ડ સાઉન્ડ શો પણ કરવામાં આવશે. આ મંદિર પરંપરાગત નાગારા સ્થાપત્ય અને આધુનિક સ્થાપત્યને જોડીને બનાવવામાં આવ્યું છે.

**વિશેષ**

## અમૂલ ડેરીના ચેરમેન વિપુલભાઈ પટેલના હસ્તે કરવવામાં આવ્યો શુભારંભ

# નડીયાદના સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે એન.વી.એસ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ-૨૦૨૩નો શુભારંભ

## ભારતભરના જવાહર નવોદય વિદ્યાલયના ૬૪૦ ખેલાડીઓ બન્યા ખેડા જિલ્લાના મહેમાન

ખેડા જિલ્લામાં નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે નવોદય વિદ્યાલય સમિતિ (એન.વી.એસ) દ્વારા એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ -૨૦૨૩નો શુભારંભ અમૂલ ડેરીના ચેરમેન શ્રી વિપુલભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કલેક્ટર શ્રી કે.એલ.બચાણી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી શિવાની ગોયલ અગ્રવાલની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રી વિપુલભાઈ પટેલ દ્વારા સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત અમૂલ ડેરીના ચેરમેનશ્રી વિપુલભાઈ પટેલના હસ્તે ખેલાડીઓને મશાલ આપી કરવામાં આવી હતી. એન.વી.એસ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ -૨૦૨૩માં ભારતભરના ૦૮ રીઝીયનમાંથી જવાહર નવોદયમાં ભણતા કુલ ૬૪૦ ખેલાડીઓ તા. ૨૪,૨૫,૨૬ સુધી ખેડા જિલ્લાના મહેમાન બન્યા છે. આ આઠ રીઝીયાનમાં ભોપાલ, ચંડીગઢ, હૈદરાબાદ, જયપુર, લખનૌ, પટના, શિલોંગ અને પુણે રીઝીયનનો સમાવેશ થાય છે. ઉલ્લખેનીય છે કે નવોદય વિદ્યાલય સમિતિ નવી દિલ્હી દ્વારા દેશના વિવિધ રાજ્યોના જવાહર નવોદય વિદ્યાલયના બાળકો કલ્સ્ટર



અને રીઝીનલ કક્ષાએ વિજેતા બની નેશનલ લેવલમાં રમવા માટે ગુજરાત આવ્યા છે. આ ખેલાડીઓની જવાબદારી પુના વિભાગના ડેપ્યૂટી કમિશ્નર શ્રી બી.વેંકટેશ્વર દ્વારા અને જવાહર નવોદય વિદ્યાલય કઠલાલ (ખેડા)ના આચાર્ય શ્રી. અનિલ એસ કામ્બલેને તેમજ વિદ્યાલયના વ્યાયામ શિક્ષકો જયેશ દેસાઈ અને સુનંદા પાડવી ને સોપવામાં આવી છે. જેઓએ નેશનલ ખેલનું આયોજન નડીયાદ ખાતે આવેલી સ્પોર્ટ્સ એકેડેમીમાં તારીખ ૨૪-૦૮-૨૦૨૩ થી ૨૬-૦૮-૨૦૨૩ સુધી કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ખેડા જિલ્લા કલેક્ટર શ્રી કે.એલ.બચાણી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી શિવાની ગોયલ અગ્રવાલ, નવોદય વિદ્યાલય રીઝીનલ ઓફિસ પુના વિભાગના ડેપ્યૂટી કમિશ્નર શ્રી બી. વેંકટેશ્વર અને એસીસ્ટન્ટ કમિશ્નર શ્રી મેરી પી. મણિ, ખેડા જિલ્લા રમત ગમત અધિકારી શ્રી મનસુખ તાવેથીયા, ભારતનું ગૌરવ વધારતા ખેલાડીમાં સેજલ કટારા તેમજ સિરમન મુરંડ સાથોસાથ સ્પોર્ટ્સ સાથે જોડાયેલા કોચ તેમજ ખેલાડીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૬૯માં નેશનલ ફિલ્મ એવોર્ડની જાહેરાત થઈ

# છેલ્લા શોને બેસ્ટ ગુજરાતી ફિલ્મનો નેશનલ એવોર્ડ

## સરદાર ઉધમસિંહ શ્રેષ્ઠ હિન્દી ફિલ્મ, બેસ્ટ અભિનેતા અલ્લુ અર્જુન, અભિનેત્રી આલિયા ભટ્ટ અને ક્રિતી સેનનને એવોર્ડ

। અમદાવાદ, તા.૨૪ ।

આજે એટલે કે ગુરુવારે ૬૯માં 'નેશનલ ફિલ્મ એવોર્ડ'ની જાહેરાત થઈ રહી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુર વિજેતાઓની જાહેરાત કરી રહ્યા છે. સરદાર ઉધમ સિંહે શ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો એવોર્ડ જીત્યો હતો, જ્યારે 'ચાર્લી ૭૭૭'ને શ્રેષ્ઠ કન્નડ ફિલ્મનો એવોર્ડ મળ્યો છે. વિકી કૌશલની ફિલ્મ સરદાર ઉધમ સિંહને સર્વશ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો છે. અભિનેતા રામ ચરણ, અલ્લુ અર્જુન અને જુનિયર એનટીઆરના નામ પણ ટ્રેન્ડમાં છે. ચાહકો તેમના પ્રિય અભિનેતાને સમર્થન આપી રહ્યા છે.

બેસ્ટ અભિનેતાઃ અલ્લુ અર્જુન (પુષ્પા ધ રાઈઝિંગ)
બેસ્ટ અભિનેત્રીઃ આલિયા ભટ્ટ (ગંગુબાઈ કાઠિયાવાડી) અને ક્રિતી સેનન (મિમી)
બેસ્ટ સપોર્ટિંગ એક્ટરઃ પંકજ ત્રિપાઠી (મિમી)
બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસઃ પલ્લવી જોશી (ધ કાશ્મીર ફાઈલ્સ)
બેસ્ટ ફીચર ફિલ્મઃ 'રોકેટ્રી - ધ નામ્બી ઈફેક્ટ'
બેસ્ટ ડિરેક્ટર : નિખિલ મહાજન (ગોદાવરી ધ હોલી વોટર)
બેસ્ટ સિનેમેટોગ્રાફીઃ 'સરદાર ઉધમ'
બેસ્ટ હિન્દી ફિલ્મ - 'સરદાર ઉધમ સિંહ'
બેસ્ટ ચિલ્ડ્રન મૂવીઃ 'ગાંધી એન્ડ કંપની'
બેસ્ટ બાળ કલાકારઃ ભાવીન રબારી (છેલ્લો શો)
બેસ્ટ ગુજરાતી ફિલ્મ - 'છેલ્લો શો'
બેસ્ટ મરાઠી ફિલ્મ - 'એકદા કાયજાલાબેસ્ટ'
બેસ્ટ મલયાલમ ફિલ્મ - 'હોમ'
બેસ્ટ તેલુગુ ફિલ્મ - 'ઓપન્ના'
બેસ્ટ સંગીત નિર્દેશક - એમ.એમ કિરવાણી (RRR) દેવી શ્રી પ્રસાદ (પુષ્પા)
બેસ્ટ લિરિક્સ : ચંદ્ર બોઝ (કોંડા પોલમ)
બેસ્ટ એડિટિંગ - સંજય લીલા ભણસાલી (ગંગુબાઈ કાઠિયાવાડી)
બેસ્ટ ફિમેલ પ્લેબેક સિંગર - શ્રેયા ઘોષાલ
બેસ્ટ મેલ પ્લેબેક સિંગરઃ કાલા ભૈરવ (RRR)
બેસ્ટ કોરિયોગ્રાફીઃ પ્રેમ રક્ષિષ્ઠ (RRR)
સ્પેશિયલ જ્યુરી એવોર્ડઃ વિષ્ણુ વર્ધન (શેરશાહ)
બેસ્ટ સ્પેશિયલ ઈફેક્ટ : વી. શ્રીનિવાસ મોહન (RRR)

હંમેશાની જેમ, શ્રેષ્ઠ ફિલ્મ, શ્રેષ્ઠ અભિનેતા, શ્રેષ્ઠ અભિનેત્રી સહિત ઘણી શ્રેણીઓમાં એવોર્ડ આપવામાં આવી રહ્યા હતા. આ વખતે બોલિવૂડ કરતાં સાઉથની ફિલ્મોનો વ્યાપ વધુ જોવા મળી રહ્યો છે. ડિસેમ્બર ૨૦૨૧માં રિલીઝ થયેલી ફિલ્મ 'પુષ્પા ધ રાઈઝિંગ' બોક્સ ઓફિસ પર વિશ્વભરમાં ૩૩૨ કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મમાં પુષ્પા નામના મજૂરનું જીવન બતાવવામાં આવ્યું છે. ફિલ્મની સ્ટોરી લાઈન ઉપરાંત અલ્લુ અર્જુનની વ્યક્તિત્વ, પાત્ર અને ફિલ્મના ગીતોને પણ ખૂબ પસંદ કરવામાં આવ્યા હતા. નેશનલ ફિલ્મ એવોર્ડ દેશનો સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ પુરસ્કાર છે. તેની શરૂઆત ૧૯૫૪માં થઈ હતી. મરાઠી ફિલ્મ 'શ્યામચી આઈ'ને બેસ્ટ ફિલ્મ કેટેગરીમાં પ્રથમ નેશનલ એવોર્ડ મળ્યો હતો. આ સમારોહનું આયોજન કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે. આ પછી રાષ્ટ્રપતિ આ પુરસ્કારોનું વિતરણ કરે છે. અલ્લુ અર્જુનને નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં ફિલ્મ 'પુષ્પા' માટે બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો.

ઘરે, ફિલ્મના નિર્દેશક સુકુમાર, તેમના પરિવાર, અભિનેતા અને તેમની ટીમ સાથે, એવોર્ડ ફંક્શનની જાહેરાત જોઈ રહ્યા હતા. અલ્લુ અર્જુન અને સુકુમારનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં બંને ખુશીથી ગળે મળીને ડાન્સ કરતા જોવા મળે છે. આ દરમિયાન સુકુમાર થોડા ભાવુક પણ થઈ ગયા. તેની પત્ની પણ અલ્લુ અર્જુન માટે ભાવુક જોવા મળી હતી. અભિનેતા અને ફિલ્મની સમગ્ર કાસ્ટ માટે આ શ્રેષ્ઠ ક્ષણ હતી.

**ન્યૂઝ બ્રિફ**

## અમદાવાદ ગ્રામ્ય કોર્ટે તથ્ય પટેલની જામીન અરજી નામંજૂર કરી

। અમદાવાદ,તા.૨૪ ।

અમદાવાદ ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં તથ્ય પટેલની જામીન અરજી અંગે મહત્વનો ચુકાદો આપ્યો છે. અમદાવાદ ગ્રામ્ય કોર્ટે તથ્ય પટેલની જામીન અરજી નામંજૂર કરી છે. આરોપી તથ્ય પટેલે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં જામીન અરજી કરી હતી. ગત સુનાવણીમાં તથ્યના વકીલે સલમાન ખાનના કેસ પણ ટાંક્યા હતા. મૃતક પરિવારજનના વકીલે જામીન અરજીનો વિરોધ પણ કરવામાં આવ્યો હતો.અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર નવ નિર્દોષ લોકોને કચડનાર તથ્ય પટેલની જામીન અરજી પર સુનાવણી ૨૨ ઓગસ્ટના રોજ પૂર્ણ થઈ હતી. ત્યારે આજે ૨૪ ઓગસ્ટે તથ્ય પટેલના જામીન અંગે કોર્ટ ચુકાદો આપ્યો છે. આ હાઈપ્રોફાઈલ કેસમાં રાજ્ય સરકારે તથ્ય પટેલની જામીન અરજીનો ખુલીને વિરોધ કર્યો હતો. ઈસ્કોન ઓવરબ્રિજ પર વાહનની અવર-જવર જેટલો રસ્તો ખુલ્લો હોવા છતાં બેફામ ગાડી હંકારી હોવાની દલીલ વકીલે કરી હતી. જેના બે દિવસ બાદ આજે ગુરુવારે આ અંગે કોર્ટે મહત્વનો નિર્ણય કરી તથ્ય પટેલની જામીન અરજી ફગાવી છે.

## રાજકોટમાં લિફ્ટમાં ફસાયેલા વૃદ્ધનું ૭મા માળેથી નીચે પટકાતા મોત

। રાજકોટ,તા.૨૪ ।

રાજકોટમાં નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પાસે આવેલ ઈસ્કોન એબિટો એપાર્ટમેનટમાં લિફ્ટ અચાનક બંધ થતાં વૃદ્ધ ફસાયા હોવાની ઘટના સામે આવી હતી. લિફ્ટમાં ફસાયેલા વૃદ્ધે બહાર નીકળવાની કોશિશ કરતા પગ લપસતાં ૭મા માળેથી નીચે પટકાતા મોત થયું છે. આ સમગ્ર ઘટનાના ઝઝૂફ સામે આવ્યા છે. લિફ્ટમાં લાગેલા ઝઝૂફમાં જોવા મળે છે કે વૃદ્ધ બહાર નીકળવાની કોશિશ કરતા પગ લપસતાં ૭મા માળેથી નીચે પટકાયા હતા અને તેમનું મોત નીપજ્યું હતું. મૃતકનું નામ હરસુખભાઈ સવસાણી છે. પોલીસને જાણ થતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

## દેવભૂમિદ્વારકાના ખંભાળિયા પંથકમાંથી નશીલી સિરપ ઝડપાઈ

। દેવભૂમિદ્વારકા,તા.૨૪ ।

દેવભૂમિદ્વારકાના ખંભાળિયા પંથકમાંથી નશીલી સિરપ ઝડપાઈ છે. પોલીસે એક રહેણાંક વિસ્તારમાં દરોડા પાડ્યા હતા, અને ૬ લાખથી વધુનો મુદ્દામાલ ખંભાળિયા પોલીસે જપ્ત કર્યો છે. છેલ્લા ઘણાં દિવસોથી દેવભૂમિ દ્વારકામાં આયુર્વેદના નામે ચાલતી નશાકારક સિરપના કૌભાંડ સામે અભિયાન ચાલી રહ્યું છે અને ફરી ખંભાળિયા પંથકમાંથી નશીલી સિરપ ઝડપાઈ છે. મહારાષ્ટ્રથી પંજાબ સુધી આ કૌભાંડ ચાલી રહ્યું છે, ત્યારે ખંભાળિયાના ધરાનગરમાં પણ એક સાથે સાડા ૪ હજાર સિરપ ઝડપાઈ છે. પોલીસે એક રહેણાંક વિસ્તારમાં દરોડા પાડ્યા હતા અને ૬ લાખથી વધુનો મુદ્દામાલ ખંભાળિયા પોલીસે જપ્ત કર્યો છે. પોલીસે અહીંથી પણ એક શખ્સને પકડી પાડ્યો છે.

### ગુજરાતના ખેડૂતો અને પશુપાલકોની લોટરી લાગી

# સરકારે ૭૧૦૦ થી વધુ બાયોગેસ પ્લાન્ટ સ્થાપી નવો રેકોર્ડ બનાવ્યો

## ગોબરગેસ પ્લાન્ટમાંથી જાતે જ બળતણ ગેસ ઉત્પાદિત કરતા નાગરિકોને વાર્ષિક રૂ. ૧૨ થી ૨૫ હજાર જેટલી બચત થઈ

। ગાંધીનગર, તા.૨૪ ।

ખેડૂતો અને પશુપાલકોની આવક વધારવા તેમજ ગ્રામીણ વિસ્તારના જૈવિક ઘન કચરાનો અસરકારક નિકાલ કરી સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૮માં 'ગોબર ધન યોજના' અમલમાં મૂકી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં 'ગોબર ધન પ્રોજેકટ' થકી ક્રાંતિ આવી છે. ગુજરાતમાં ૭૬૦૦ના લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં કુલ ૭૧૦૦થી વધુ બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે.

મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજ્યના ખેડૂતો અને પશુપાલકોની આવક વધારીને તેમને આત્મનિર્ભર બનાવવામાં બાયોગેસ પ્લાન્ટ એક શક્તિશાળી માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને પરિપૂર્ણ કરવા નાગરિકોએ પણ બળતણ તરીકે પ્રદૂષણમુક્ત ગોબર ગેસ અપનાવ્યો છે. ગોબરગેસ પ્લાન્ટમાંથી નાગરિકોને જાતે જ બળતણ ગેસ ઉત્પાદિત કરતા થયા છે, જેના પરિણામે તેમનો બળતણનો ખર્ચ ઝીરો થયો છે. આ સાથે જ વાર્ષિક રૂ. ૧૨ હજાર થી ૨૫ હજાર જેટલી કિંમતના એલ.પી.જી. ગેસની પણ બચત થઈ રહી છે. ગુજરાત રાજ્ય ૨ ઘન મિટર ક્ષમતા ધરાવતા ૭૬૦૦ જેટલા વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાના લક્ષ્યાંકને પૂર્ણ કરવા તરફ સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે. ૭૬૦૦ના લક્ષ્યાંક સામે રાજ્યના ૩૩ જિલ્લાઓને મળી અત્યાર સુધીમાં કુલ ૭૧૪૭ બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું કે, ગામડાઓને સ્વચ્છ અને આત્મનિર્ભર બનાવતી ગોબર ધન યોજના પર્યાવરણ અનુકુલિત છે. પશુઓના છાણનો ઈંધણની જગ્યાએ ગોબરગેસ પ્લાન્ટમાં ઉપયોગ થાય તો, પ્રદૂષણ ઘટવાની સાથે ગ્રામીણ પરિવારોને ઘર વપરાશ માટેનો ગેસ મળે છે. આ ઉપરાંત બાયોગેસ પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતી સ્લરીનો ખાતર તરીકે સીધો ખેતરમાં ઉપયોગ કરી શકાય છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, સ્વચ્છ ભારત મિશનને પ્રોત્સાહન આપતા ગોબરધન પ્રોજેકટના સુચારૂ અમલીકરણ માટે ગુજરાતમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB), અમૂલ ડેરી, બનાસ ડેરી, દૂધસાગર ડેરી, સાબર ડેરી અને ભારત બાયોગેસ એનર્જી લી.ને મુખ્ય અમલીકરણ એજન્સીઓ તરીકે નિયુક્ત કરવામાં આવી છે.

**મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી કેબિનેટ બેઠકમાં નિર્ણય**

## ડિપ્લોમા ટૂ ડીગ્રી માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવશે

### ડિપ્લોમા બાદ ડિગ્રીના બીજા વર્ષમાં લેટરલ એન્ટ્રી એડમિશન માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ પ્રવેશ પરીક્ષા લેવાશે

। ગાંધીનગર, તા.૨૪ ।

રાજ્યમાં હવેથી ડિપ્લોમાં ટુ ડિગ્રી(ડીટૂડી)માં પ્રવેશ મેળવવા માટે કોમન એન્ટ્રેસ ટેસ્ટ લેવાનું રાજ્ય સરકારે કર્યુ છે. ગાંધીનગર ખાતે ગઈકાલે મુખ્યમંત્રીની અધ્યક્ષ સ્થાને યોજાયેલી કેબિનેટ બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગેની જાહેરાત રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા કરવામાં આવી હતી. મંત્રી ઋષિકેશ પટેલ જણાવ્યું હતું કે રાજ્યમાં ડિપ્લોમા ટુ ડિગ્રી (ડીટૂડી)માં પ્રવેશ મેળવવા માટે કોમન એન્ટ્રસ ટેસ્ટ લેવાનું નક્કી કરાયું છે. વધુમાં જણવાતા કહ્યું હતું કે પ્રવેશ સમિતિ માટે બેઠકોની ફાળવણી અને વિવિધ બોર્ડનું મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં જટીલતા રહેતી હતી. આ તમામ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં એકસૂત્રતા લઈને એક મેરિટમાં લાવવું શક્ય ન હતું. આ વિસંગતતા, અસ્પષ્ટતા, અસંતોષ ટાળવા માટે અને તમામ અરજદાર વિદ્યાર્થીઓને એકસમાન મંચ પર લાવીને ડિપ્લોમા બાદ ડિગ્રીના બીજા વર્ષમાં લેટરલ એન્ટ્રી એડમિશન માટે કોમન એન્ટ્રસ ટેસ્ટ પ્રવેશ પરીક્ષા પ્રવેશ વર્ષ ૨૦૨૪થી લેવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આ પરીક્ષાની પ્રવેશ વર્ષ ૨૦૨૪ માટેની જાહેરાત અને રજિસ્ટ્રેશન ફેબ્રુઆરી ૨૦૨૪થી કરવામાં આવશે તેમ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતું.

### રોટરી ક્લબ ઓફ અમદાવાદ વેસ્ટ દ્વારા

## AMC સ્કૂલના બાળકો માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો

। અમદાવાદ, તા.૨૪ ।



રોટરી ક્લબ ઓફ અમદાવાદ વેસ્ટ દ્વારા સામાજિક ક્ષેત્રે પ્રેરણાદાયક અને લોકો માટે ઉપયોગી કાર્ય સતત થતા આવ્યા છે. ફરી એકવાર આ કાર્યને આગળ વધારતા શહેરના થલતેજ વિસ્તારની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળા નંબર ૧ના ગુજરાતી માધ્યમ તથા અંગ્રેજી માધ્યમમાં ભણતા બાલવાટીકા તથા ધોરણ ૧ તથા ધોરણ ૨નાં બાળકો માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજ્યો હતો.

બાળકોની હેલ્થ તેમજ ન્યુટ્રીસ્યનને ધ્યાનમાં રાખી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫૦થી વધુ બાળકોને ડૉક્ટર્સ દ્વારા તપાસવામાં આવ્યા હતા. શહેરના જાણીતા વિવિધ એક્સપર્ટ ડૉક્ટર્સ જેમ કે, શ્રી ડૉ. અશોક પટેલ પીડિયાટ્રિસીઅન તથા શ્રી ડૉ. આશિષ મહુવાકર, પીડિયાટ્રિસીઅન તથા શ્રી ડૉ. અરવિંદ અગ્રવાલ, ડેન્ટિસ્ટ તથા શ્રી ડૉ. અવિનાશ ટાંક, પ્રોગ્રામ ફેસિલિટેટર ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં સામેલ ડૉક્ટર્સે બાળકોને યોગ્ય રીતે તપાસી નિદાન કર્યુ હતું. કાર્યક્રમમાં સ્કૂલના સ્ટાફ તથા શ્રી મહેશ ઠક્કરનો સપોર્ટ મળી રહ્યો હતો.

એટલું જ નહીં આ સિવાય ડૉક્ટર્સ દ્વારા બાળકોને જરુરી કેટલાક સૂચનો આપ્યા હતા. જેમ કે, બ્રશ કેવી રીતે કરવું, હાઈજીનનું ધ્યાન કેવી રીતે રાખવું તથા હેલ્થને લગતી વિવિધ જરુરી નાનામાં નાની બાબતોથી લઈને મોટી બાબતોને સમજાવવામાં આવી હતી. ડૉક્ટર્સની સલાહ મુજબ બાળકોમાં રહેલી ઉણપને દૂર કરવા માટે ક્લબ દ્વારા પૂરતું કોર્સ પ્રમાણે સપ્લીમેન્ટ આપીને પુર્ણ કરાશે.

## અમદાવાદ ડિવિઝનના મહેસાણા-ભાંડુ મોટી દાઉ સ્ટેશન વચ્ચે નોન ઇન્ટરલોકિંગ કાર્યને કારણે કેટલીક ટ્રેનોને અસર

। અમદાવાદ, તા.૨૪ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના અમદાવાદ-પાલનપુર સેક્શનના મહેસાણા-ભાંડુ મોટી દાઉ સ્ટેશનોની વચ્ચે નોન ઈન્ટરલોકિંગ કાર્યને કારણે અમદાવાદ ડિવિઝનમાંથી ઉપડતી કેટલીક પેસેન્જર ટ્રેનોને અસર થશે. જેની વિગતો નીચે મુજબ છે.

**૨૬ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ સંપૂર્ણ રદ કરાયેલી ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૦૯૪૮૭ મહેસાણા વિરમગામ પેસેન્જર સ્પેશિયલ
૨. ટ્રેન નંબર ૦૯૪૩૮ આબુ રોડ મહેસાણા ડેમુ સ્પેશિયલ
૩. ટ્રેન નંબર ૦૯૪૩૨ મહેસાણા સાબરમતી ડેમુ સ્પેશિયલ
૪. ટ્રેન નંબર ૦૯૪૩૪ પાટણ સાબરમતી ડેમુ સ્પેશિયલ
૫. ટ્રેન નંબર ૦૯૪૯૮ વરેઠા ગાંધીનગર મેમુ સ્પેશિયલ
૬. ટ્રેન નંબર ૦૯૪૮૨ ભીલડી મહેસાણા પેસેન્જર સ્પેશિયલ

૨૫ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ આંશિક રીતે રદ કરાયેલી ટ્રેન

● ૨૫ ઓગસ્ટ ૨૦૨૩ની ટ્રેન નંબર ૧૪૮૨૨ સાબરમતી જોધપુર એક્સપ્રેસ ટ્રેન સાબરમતી અને આબુ રોડ વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.

ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ અંતર્ગત છેલ્લા પંદર માસ દરમિયાન

## આણંદ જિલ્લાના ૭૫ હજારથી વધુ લાભાર્થીને રૂપિયા ૫૮ કરોડથી વધુની સહાય ચૂકવાઇ

। મનિષ પ્રજાપતિ, આણંદ, તા.૨૪ ।

પ્રત્યેક નાગરિકને ઉત્તમ આરોગ્યલક્ષી સેવા મળી રહે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ અમલી બનાવાઈ છે, જેને પરિણામે આજે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને ખૂબ જ સારી આરોગ્યલક્ષી સારવાર મળી રહી છે.

આણંદ જિલ્લાની વાત કરીએ તો, કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ અંતર્ગત છેલ્લા પંદર માસ દરમિયાન ૭૫,૭૮૯ લાભાર્થીઓ માટે રૂ. ૫૮.૩૬ કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે. જેમાં કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - આયુષ્માન ભારત અંતર્ગત એપ્રિલ-૨૦૨૨ થી જુન-૨૦૨૩ દરમિયાન ૨૩,૭૦૦ લાભાર્થીઓની સારવાર માટે રૂ. ૪૯.૫૦ કરોડનું ચુકવણું કરવામાં આવ્યું છે.

તેવી જ રીતે એપ્રિલ-૨૦૨૨ થી જુન-૨૦૨૩ દરમિયાન કેન્દ્ર સરકારની જનની સુરક્ષા યોજના અંતર્ગત ૮,૧૫૩ લાભાર્થીઓને રૂ. ૫૫.૬૯ લાખ, નિશ્ચય પોષણ સહાય યોજના અંતર્ગત ૭,૦૦૧ લાભાર્થીઓને રૂ. ૯૧.૦૮ લાખ, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત ૧૯,૫૩૧ લાભાર્થીઓને રૂ. ૪૭૯.૬૪ લાખ, જ્યારે રાજ્ય સરકારની કસ્તુરબા પોષણ યોજના અંતર્ગત ૧૭,૪૦૧ લાભાર્થીઓને રૂ.૨૫૯.૬૩ લાખની સહાય ચુકવવામાં આવી છે. આમ, સરકાર દ્વારા જન જનના સ્વાસ્થ્યની દરકાર રાખવામાં આવી રહી છે. જેને પરિણામે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને વિનામૂલ્યે આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ બની છે.

### સુરત શહેરમાં નો ડ્રગ્સ ઇન સુરત સીટી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે

# કતારગામમાં રેલવે લાઇન પાસેથી ૪૩ કિલો ગાંજાનો જથ્થો ઝડપાયો

। સુરત,તા.૨૪ ।



સુરતમાં એસ.ઓ.જી. અને કતારગામ પોલીસ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરીને ૪.૨૮ લાખનો ૪૨.૮૦૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. તેમજ આ ઘટનામાં ગાંજાનો જથ્થો મૂકીને ફરાર થઈ જનારા ઈસમને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજ્યમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા પણ અવારનવાર નશાકારક પદાર્થ મળી આવે છે. સુરતમાં એસ.ઓ.જી. અને કતારગામ પોલીસ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરીને ૪.૨૮ લાખનો ૪૨.૮૦૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. તેમજ આ ઘટનામાં ગાંજાનો જથ્થો મૂકીને ફરાર થઈ જનારા ઈસમને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.સુરત પોલીસ દ્વારા સુરત શહેરમાં નો ડ્રગ્સ ઈન સુરત સીટી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

દરમિયાન સુરત એસઓજી પોલીસ અને કતારગામ પોલીસ દ્વારા કતારગામ જીઆઈડીસી , ઉત્કલન નગર ઝૂંપડપટ્ટી તેમજ અશોકનગર ઝૂંપડપટ્ટી વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન ઉત્કલન નગર ઝુપડપટ્ટી પાસે રેલવે પટરી ઉપરથી પોલીસે ૪.૨૮ લાખની કિંમતનો ૪૨.૮૦૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ મામલે કતારગામ પોલીસ મથકમાં એનડીપીએસ અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે તેમજ ગાંજાનો જથ્થો મૂકી નાસી જનાર ઈસમને પોલીસે વોન્ટેડ જાહેર કરી તેને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ઉલ્લેખનીય છે કે સુરત પોલીસ દ્વારા નો ડ્રગ્સ ઈન સુરત સીટી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે અને અગાઉ ગાંજો, ડ્રગ્સ જેવા નશીલા પદાર્થોનું વેચાણ તેમજ હેરાફેરી કરતા ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે ફરી એક વખત સુરતમાંથી ગાંજાનો જથ્થો ઝડપી પાડી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨